આશ્રમનો પ્રાણ

[સ્વ. મગનલાલ ગાંધી વિષેના લેખોનો સંગ્રહ]

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

આશ્રમનો પ્રાણ

[સ્વ. મગનલાલ ગાંધી વિષેના લેખોનો સંગ્રહ]

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

કિં. રૂ. ૦-૪-૦ સં. ૧૯૮૫

મુદ્રક અને પ્રકાશક:
મોહનલાલ મગનલાલ ભટ્ટ
નવજીવન મુદ્રણાલય
સારંગપુર, અમદાવાદ.

આવૃત્તિ પહેલી
પ્રત ૧,૦૦૦

પ્રસ્તાવના

સ્વ૦ મગનલાલ ગાંધી વિષે જે 'નવજીવન'માં લખાયું છે તે બધું પુસ્તકાકારે પ્રગટ થાય એવી ઇચ્છા કેટલાક 'નવજીવન'ના વાંચનારે બતાવી, અને તેને સારુ જોઇતા ખર્ચમાં પોતાનો ફાળો પણ મોકલ્યો. તેથી અને મગનલાલનું જીવન વાંચનારને સારુ કલ્યાણકારી છે એમ માનું છું તેથી, 'નવજીવન'માં આવેલા લેખોમાંનો ઘણોખરો બધો ભાગ આ પુસ્તકમાં છાપ્યો છે. માત્ર સ્તુતિના તારો વગેરેને જ મૂકી દેવામાં આવ્યા છે.

સત્યાગ્રહાશ્રમ,
શ્રાવણ (બીજો) વદ ૧૦, સં. ૧૯૮૪

મોહનદાસ કરમચંદ ગાંધી

અનુક્રમણિકા

આશ્રમનો પ્રાણ

શ્રી. વલ્લભભાઇને જ્યારે મગનલાલ ગાંધીના દેહાંતના ખબર મળ્યા ત્યારે તેમણે તાર કર્યો: 'આશ્રમનો પ્રાણ ચાલ્યો ગયો.' આમાં અતિશયોક્તિ નહોતી. તેમના વિના સત્યાગ્રહાશ્રમની હસ્તી જ હું નથી કલ્પી શકતો. મારાં અનેક કાર્યોની ઉત્પત્તિનું કારણ મગનલાલની હસ્તીનું જ્ઞાન હતું. જો કોઇની વચ્ચે ને મારી વચ્ચે અભેદ હતો તો તે મગનલાલ અને મારી વચ્ચે. 'અમુક વાતમાં એને દુ:ખ લાગી જશે તો?' એવો ભય આપણને દીકરાના વિષે, સ્વપત્ની વિષે પણ ઘણીવાર રાખવો પડે છે. મગનલાલને વિષે આવો ભય મને કદી રાખવો જ પડ્યો નથી. તેમની પાસે અઘરામાં અઘરૂં કામ લેતાં મને સંકોચ નથી થયો. તેમને મેં અનેકવેળા કફોડી સ્થિતિમાં મૂકેલ છે એ તેમણે મૂંગે મોઢે સહન કર્યું હતું. એક પણ કામ તેમણે હલકું નથી ગણ્યું.

જો મારામાં કોઇના ગુરુ થવાની લાયકાત હોત તો હું તેને મારા પ્રથમ શિષ્ય તરીકે ઓળખાવત.

જિંદગીભરમાં એકવાર એક ભાઇને મને ગુરુ ગણવાની મેં છૂટ આપી ને ગુરુપણાથી હું તૃપ્ત થઇ રહ્યો. એ તેનો દોષ નહોતો, પણ મારી અપૂર્ણતા એમાં હું જોઈ શકચો. જે ગુરુ થાય તેનામાં શિષ્યને જે કામ સોંપે તે કરવાની શક્તિ આપવાની કળા હોવી જોઇએ. તે મારામાં નહોતી, આજે પણ નથી.

પણ જો મગનલાલ શિષ્ય નહિ હતા, તો સેવક અવસ્ય હતા. કોઈ પણ સરદારને મગનલાલના કરતાં વધારે સારો, વધારે વફાદાર સેવક ન મળે એમ હું માનું છું. આ અનુમાન થયું. પણ એમના જેવો બીજો સેવક મને નથી મળ્યો, એ અનુભવનો પૂરાવો છે. મારાં સદ્‌ભાગ્ય એવાં છે કે મને હમેશાં શ્રદ્ધાવાન, નીતિવાન, બુદ્ધિશાળી અને કાર્યદક્ષ સખા કહો કે સેવક મળ્યા છે. પણ આ બધા સખા — સેવકોમાં મગનલાલ સર્વોપરિ હતા.

મગનલાલમાં જ્ઞાન, ભક્તિ અને કર્મની ત્રિવેણી સદાય વહેતી હતી. અને મગનલાલે પોતાનાં જ્ઞાન અને ભક્તિને કર્મયજ્ઞમાં હોમી બધાને જ્ઞાન અને ભક્તિનું ખરૂં સ્વરૂપ બતાવ્યું. અને તેમનું પ્રત્યેક કર્મ આમ ચેતન — જ્ઞાન — મય ને શ્રદ્ધામય હોવાથી તેમનું જીવન સંન્યાસની પારાકાષ્ટાએ પહોંચ્યું હતું. મગનલાલે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. તેમના એકે કર્મમાં મેં કદી સ્વાર્થ નથી જોયો. નિ:સ્વાર્થ — નિષ્કામ — કર્મ એ જ ખરો સંન્યાસ છે એમ તેમણે એકવાર નહિ, ટૂંકી મુદતને સારૂ નહિ, પણ અનેકવાર, અનેક પ્રસંગોએ ચોવીસ વર્ષ લગી અખંડિત રીતે બતાવી આપ્યું હતું.

મગનલાલના પિતાશ્રીએ તેમના ચારે પુત્રોને એક પછી એક દેશસેવાને અર્થે મને સોંપ્યા. મગનલાલ મને ૧૯૦૩માં પ્રાપ્ત થયા. દ્રવ્યોપાર્જન અર્થે તે મારી સાથે દક્ષિણ આફ્રિકા આવ્યા. બીજા મિત્રોને તેમ તેમને ૧૯૦૪ માં દેશસેવાને અર્થે ગરીબીનો સ્વીકાર કરવા મેં નોતર્યા. તેમણે શાંત ચિત્તે મારૂં કહેવું સાંભળી ગરીબીનો સ્વીકાર કર્યો. ત્યારથી માંડીને દેહાન્ત લગી તેમનો પ્રવાહ એક જ ગતિએ અખંડિત ચાલતો આવ્યો.

દિવસે દિવસે હું જોતો આવ્યો છું કે મારી શોભામાત્ર, મારૂં 'મહાત્માપણું' પરાવલંબી છે. ઘણા સાથીઓની શોભાએ હું શોભ્યો છું. પણ કોઇએ એ શોભામાં મગનલાલના કરતાં વધારે ભાગ નથી લીધો. મારી પ્રત્યેક બાહ્ય અને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં તેમણે મને જ્ઞાનપૂર્વક પૂરો સાથ આપ્યો છે. જેવું માન્યું છે તેવું કરવાના પ્રચંડ પ્રયત્નનો મગનલાલના કરતાં વધારે સારો નમૂનો મારી દૃષ્ટિએ નથી આવતો. વિચાર ને આચારની સમાનતા સાધતાં, સાધવામાં મગનલાલે ચોવીસે કલાક જાગૃતિ રાખી હતી. તેમાં તેમણે તેમનું શરીર નીચોવી નાંખ્યું.

આ ચિત્રમાં ક્યાંયે જો જાણ્યે કે અજાણ્યે અતિશયોક્ત ન હોય તો કહી શકાય કે જે દેશમાં ધર્મ આમ મૂર્તિમંત થઇ શકે તે દેશનો કે ધર્મનો જય જ છે. તેથી હું ઇચ્છું છું કે મગનલાલના જીવનનો અભ્યાસ પ્રત્યેક દેશસેવક કરે, ને તે તેને ગમે તો તેનું અનુકરણ દૃઢતાપૂર્વક કરે. જે મગનલાલને સારૂ શક્ય હતું તે પ્રયત્નવાન મનુષ્યમાત્રને સારૂ શક્ય છે. મગનલાલ ખરા સિપાહી હતા તેથી તે ખરા સરદાર પણ

થઇ શક્યા. કેમકે જેઓ તેમનો તાપ સહન કરી શક્યા છે તેમને હું મારી આસપાસ અત્યારે રડતા જોઇ રહ્યો છું.

આ દેશને તેમજ જગતને સાચા સિપાહીનો ખપ છે. દેશસેવા, જગતસેવા, આત્મજ્ઞાન, ઈશ્વરદર્શન, એ નોખી વસ્તુઓ નથી, પણ એક જ વસ્તુનાં જુદાંજુદાં સ્વરૂપ છે. આનું દર્શન મગનલાલે પોતાનાં જીવનમાં કર્યું ને બીજાને કરાવ્યું. જેને જિજ્ઞાસા થાય તે તેમના જીવનનો અભ્યાસ કરી એ જોઇ શકે છે.

મોહનદાસ કરમચંદ ગાંધી

મગનકાકા

[આ મથાળા નીચે પ્રભુદાસ ગાંધીએ સ્વ૦ મગનલાલ ગાંધીના જીવનની સરસ, વિસ્તારવાળી છતાં બહુ ટૂંકી નોંધ લખી છે. એમાં સત્ય છે, ભાષાનો કાબુ છે, ને સત્ય તથા સરળ ભાષાનો મેળ મળ્યો છે તેથી આ વૃત્તાંત કળાની દૃષ્ટિએ પણ શોભી નીકળે એવું છે એમ મારો અભિપ્રાય છે. સ્વ૦ મગનલાલ ગાંધીના જીવનમાંથી બધાને ઘણુંયે શીખવાનું મળે છે ને 'કહેણી તેવી કરણી'નો તેમનું જીવન નમૂનો હતું તેથી આ વૃત્તાંત ગુજરાતીઓને લાભદાયી થયા વિના ન રહે એ દૃષ્ટિએ તેને અહીં સ્થાન આપ્યું છે. **મો૦ ક૦ ગાંધી**]

બધાય વાચકોના તેઓ કંઇ કાકા નથી થતા, છતાં આ લેખમાં 'મગનલાલભાઇ' શબ્દને બદલે 'મગનકાકા' શબ્દ વાપરૂં તો તે અવિનય નહિ ગણાય એમ ધારૂં છું.

'મધપૂડા'ના શ્રદ્ધાંજલિ અંક માટે કંઇક લખી આપવાની માગણી થઈ ત્યારે તુરત તો હું શું લખું એ જ ન સૂઝયું. 'મધપૂડા'માં ફીનિકસની વાતો અને 'ઉગ્રશાસન મગનકાકા' ઉપર એકવાર લખેલું ત્યારે મનમાં નિર્ભયતા હતી કે લખાણમાં જ્યાં અતિશયતા કે અયોગ્યતા હશે ત્યાં મગનકાકા

પોતે વિનોદ કરતા જઇને મારી પાસે એ ભૂલો સુધરાવી લેશે. પણ હવે જ્યારે તેઓ મારૂં લખેલું વાંચી સંભળાવું તો સાંભળવાના નથી, ઝીણી ભૂલો સુધારવાના નથી ત્યારે તેમને વિષે કંઇ પણ કેમ લખી શકાય?

મન તો થાય છે કે મગનકાકાનું વિગતવાર જીવન લખું, પરંતુ એક તો તેને માટે જોઇતી સામગ્રી નથી ને બીજું એ લખવાની હિંમત નથી થતી. વળી મહાદેવભાઇએ 'નવજીવન'માં ટૂંકાણમાં જે જીવન આલેખ્યું છે એ જ એટલું સુંદર અને સંપૂર્ણ છે કે વધુ લખવાની જરૂર નથી.

પરંતુ મારે શ્રદ્ધાંજલિમાં કંઇક ફાળો તો ભરવો જ જોઈએ.

મગનકાકાએ પોતાની કડક અને જાગૃત દેખરેખમાં મને ઊછેર્યો; હાથ કેમ ધોવા, ચાકુ કઈ બાજુથી કેમ પકડવું, દાતણનો કૂચો કેવો બનાવવો ને કેમ ઘસવો, કોગળા કેમ કરવા અને એકડેએક બગડેબે કેવી રીતે બોલવા એ બધું વ્યવહારૂ જ્ઞાન આપ્યું. બીજી તરફ દેહે, મને અને વર્તને અણીશુદ્ધ રહેવા શું કરવું જોઇએ, રાષ્ટ્રીય જીવનમાં રાષ્ટ્રીય શિક્ષણના પાયાની આવશ્યકતાનું ભાન, અને સાચા રાષ્ટ્રીય શિક્ષણમાં ઉદ્યોગની પ્રાણપ્રતિષ્ઠા જમાવવાની જરૂર અને તેની રીત, નવા નવા માણસોના સંબંધમાં આવતાં સેવવાની જવાબદારી અને આવશ્યક અવલોકન, ચોતરફની ધમાલથી ડરી કે અંજાઈ ન જતાં જે જે ઘડીએ એકાંત મળી જાય ત્યારે ગીતા, ઉપનિષદ, સંધ્યા ઇત્યાદિમાં ઊંડે ને ઊંડે ઊતરતા જવાની વિધિ,—બધું શિક્ષણ તેમણે મારામાં આજ સુધી રેડ્યા કર્યું હતું.

મારે માટે તેમનું સંભારણું એ જ હોય કે તેમની વાતો અને શીખામણો જેટલી હાથ આવે તેટલી એકઠી કરી તેમનાં વહાલાં વિદ્યાર્થી ભાઇબહેનો આગળ રજુ કરવી.

શીખવનારાઓની એ આદત તો હોય છે, પણ મગનકાકામાં એ સવિશેષ આદત હતી કે જ્યારે સહેજ પણ પ્રસંગ મળે ત્યારે પોતાના પૂર્વજીવનની કથા અને અનુભવો રસપૂર્વક સાંભળનાર આગળ વર્ણવવાં. એમની આ ટેવનો લાભ લઈ હું એ વાતો એવી રીતે ગોઠવવાનો પ્રયત્ન કરૂં છું કે મગનકાકાની ટૂંકી આત્મકથા આપણને મળે.

બાળપણની વાતો કરતાં તેઓ કહે: “હું તો ભારે ઉત્પાતિયો હતો. ઘરમાં મારી બીક સહુને. બા બાપુજીને મેં સખ લેવા નથી દીધું. બાપુજીની નોકરી તો ફોજદારની. રાજકોટમાં જ રહેવાનું ન બને. સરધાર, કુવાડવા બદલીઓ થયા કરે. બાપુજી ઘરમાં ન હોય તો બાને એટલો બધો કાયર કરી નાંખું કે બા તો બાપુજીને કહે: ‘આ મગનને સાથે લેતા જાઓ. મારાથી બધુંય સચવાશે પણ એને નહિ સચવાય.’

“તોફાન પણ એવાં જ. નવા જોડા મળ્યા કે બીજે દિવસે ખોયા જ હોય. છત્રી મળી કે ખોઈ. નવાં કપડાં જરા જૂનાં થાય કે હાથે કરી ફાડી નાંખું જેથી નવાં મળી શકે. એકવાર બાપુજીએ નવાં ગાદલાં અને ઓશીકાં કરાવેલાં. મારા હાથમાં નવું ચાકુ આવ્યું. ગાદલાં પર જ ચાકુની ધાર અજમાવી જોઇ. એકેએક નવાનકોર ગાદલા અને ઓશીકા પર કાપ મૂકયો. અને પછી હાથ જોડીને બા, મોટાભાઇ, બહેન બધાંને પગે પડું અને કરગરૂં કે

કોઇ બાપુજીને એ વાત ન કહે, કારણ બાપુજીથી હું બહુ ડરતો. તેઓ ગુસ્સે થાય ત્યારે માર પણ એટલો જ આકરો મારે. મેં મોટા થઇ છોકરાંને માર્યાં છે પણ નાનપણમાં માર ખાવામાં મેં મણા નથી રાખી. એકવાર બાપુજીને ક્રોધ આવ્યો એટલે બા પણ તેમને શાંત ન કરી શકે. દીકરા પર પડતો માર જોઇ બા ખૂણામાં ઊભાં ઊભાં આંસુ ઢાળે, મનમાં પસ્તાય કે 'ક્યાં મેં રાવ ખાધી.' એક વખત બાપુજી બહારગામ ગયેલા. મોટાભાઇ સાથે બાએ મને નિશાળે જવા કહ્યું. મોટાભાઇ તો સરળ અને પીઢ, નિયમ કોઇ દિવસ ન ચૂકે પણ મને નિશાળનું મોઢુંય ન ગમે. હું તો છટક્યો. મોટાભાઇનું શું ગજું કે મને પકડે? થોડે સુધી તેઓ મારી પાછળ પડ્યા પણ પછી બાને જઇને કહે: 'મગન તો ભાગી ગયો.' બાએ પશિયાને મોકલ્યો. પુરુષોત્તમ ઘરનો જૂનો વફાદાર નોકર હતો. કદાવર અને બહુ હોશિયાર, શાણો પણ એવો જ. તે મારી પાછળ પડ્યો. હું આગળ મૂઠીઓ વાળી ભાગ્યો. ગામ બહાર સીમમાં મોટું પીપળનું ઝાડ આવ્યું. હું ઉપર ચઢી ગયો. પુરુષોત્તમ પણ ઉપર ચઢ્યો. હું પાતળી ડાળે ચઢ્યો. તેય ત્યાં આવ્યો એટલે હું એકદમ ટોચે જઇ બેઠો. પુરુષોત્તમ ત્યાં આવી જ ન શકે. અર્ધો કલાક સુધી એણે મને પકડવાનાં ફાંફાં માર્યાં અને મેં ટોચે બેઠા બેઠા તેના મોઢા પર પેપડીઓ માર્યા કરી. આખરે એ થાક્યો ને ઘેર ચાલ્યો ગયો. હું થોડીવારે નીચે ઊતરી ઘેર ગયો. મોટાભાઇ નિશાળે ચાલ્યા ગયા હતા અને બાએ મને પછી કંઇ ન કહ્યું.

"નિશાળનો એટલો બધો કાયર કે હાથે કરીને તાવ લાવવાનો પ્રયાસ કરૂં. તાવ આવે તો ઘરમાંથી કોઇ નિશાળે ન ધકેલે. પણ મારૂં શરીર એટલું ખડતલ હતું કે કેમેય કર્યો તાવ જ ન આવે. એકવાર દહીં ખાધું, કાચી કેરી ખવાય એટલી ખાધી, ટાઢે પાણીએ ખૂબ નહાયો અને તડકે કલાકો સુધી બેઠો પણ તાવ આવ્યો જ નહિ, અને નિશાળની લપ બે દિવસ પણ ન છૂટી. એ પહેલાં એકવાર એવું બનેલું કે હું ભાગી ન જાઉં તે સારૂ માસ્તર બરાબર હું જમતો હતો ત્યાં માથે આવીને ઊભા. હું નિરાંતે જમ્યો. પાટી દફતર તૈયાર કર્યાં અને પછી માસ્તરના હાથમાં તે સોંપી પેશાબ કરવા ગયો ને ત્યાંથી વંડો ઠેકી ભાગી છૂટ્યો."

આમ નિશાળથી ભાગતા ફરતાં છતાં મગનકાકાનો શીખવાનો શોખ અનહદ હતો. જેટલું જોવા કરવાનું મળે તે છોડે જ નહિ, અને રમત કસરતમાં તો એમનું એક મિત્રમંડળ જામ્યું હતું. છેવટ સુધી મગનકાકાને રમત, કસરત અને સાહસ પ્રત્યે એટલો બધો પક્ષપાત હતો કે કોઈ છોકરો કે કોઇ નવજુવાન આશ્રમમાં આવી અનેક ઊધમાત મચાવતો હોય, મગનકાકાને જંપ લેવા ન દેતો હોય, પણ જો તે માણસ ખરો ખેલાડી હોય તો મગન-કાકા પાસે તેના સો ગુન્હા માફ થઇ જાય. એવા એક ભાઇને વિષે વાત કરતાં એકવાર કહે: "પણ એને વિષે મને કશી ચિંતા નથી. એ માણસમાં ક્ષત્રીવટ ભરી છે, એનાં બધાં કામોમાં અને એની વાતોમાં શહૂર ભર્યું છે. એટલે મને તો એની પ્રત્યે ખૂબ આદર છે. જુવાનના લોહીને છાજે

એવો એનો ઊછાળો છે. અનુભવે તે શાંત થવાનો જ છે. એટલે તે આશ્રમના નિયમથી જુદી રહેણી રહે અને પોતાની ટૂકડી ઊભી કરે તોયે તેમાં આશ્રમને કંઇ ખોવું પડે એમ નથી. આપણે ત્યાં એવા જ જુવાનો ભેગા થાય એમ ઇચ્છું છું. કાયર, પ્રમાદી અને મોઢાની વાતોથી કામમાં ખલેલ કરનારાઓથી જ હું ત્રાસું છું. આખા દેશના બાળકોમાં ક્ષત્રીવટ અને ખેલાડીપણું આવશે તો દેશનું તેજ ઝળકી નીકળશે.''

એ કહેનાર મગનકાકા નાનપણમાં કેવા ખેલાડી હશે અને બીજાથી ગાંજ્યા ન જવામાં કેટલા શૂરા હશે તેનો ખ્યાલ તેમની નીચેની વાતોથી આવે છે.

"બાપુજી સાથે હું ગામડે ગયો હતો. કોણ ઝાઝાં મરચાં ખાય તેનો વાદ થયો. મરચાં પણ પાછાં લવીંગિયાં. એક પછી એક ૨૦ મરચાં કરડ કરડ ચાવી ગયો. મોઢામાં તો ઝાળ બળે પણ એમ કંઈ હારૂં એવો નહોતો. મોઢામાં સીસકારો પણ ન કર્યો. આંખમાંથી પાણી હાલ્યાં જાય. બે કલાક પછી બાપુજી ઊતારે આવ્યા ત્યારે આંખ ઊઠી આવી હતી, પીડા ખમાતી નહોતી. આ બનાવ પછી બાપુજી સાથે મારે ગામડે જવાનું બંધ થયું, અને રાજકોટમાં બાપુજી ન હોય ત્યારે ઘરમાં હું રાજા થઇ પડૂં.

"બાપુજી ફોજદાર એટલે ઘરમાં ઘોડાં બાંધ્યાં હોય. બેએક તમંચા પણ રહેતા. એ બધાનો ઉપયોગ હું પૂરેપૂરો કરતો. જેમ તોપની ઘોડું હોય એમ મને સવાર થવાની મઝા આવતી. બેએક વાર ઘોડેથી પડ્યો પણ સારી પેઠે, તોયે ઘોડે ચઢવાનો રસ ન છૂટે. છતાં ઘરમાં બા અને

બીજાને હું ઘોડે ફરવા જાઉં એની બીક ઘણી. એ વખતે જો મને છૂટથી ઘોડા વગેરેની સગવડ પૂરી પાડી હોત તો હું કેટલોયે વધારે કેળવાયો હોત.

"દીવાળીએ બધા ફટાકિયા ફોડે, મને એ નાના ફટાકિયા ફોડવા ન ગમે, મારે તો મોટા ટેટા અને ગડદિયા ફોડવાને જોઇએ. એ સિવાય બજારમાંથી દારૂ લાવી તે વાટીને પોટાસ બનાવું અને તે ફોડું. ઘર આખું એના ધડાકાથી ધણધણી ઊઠતું અને શેરીના મ્યુનિસિપલ દીવા ઠરી જતા. ગડદિયા ફોડીનેયે મને સંતોષ ન થાય તેથી એકવાર મેં બાપુજીનો તમંચો શોધી કાઢ્યો અને ખૂબ દારૂ ઠાંસી ભડાકો કર્યો. કેમ ફોડવો તે ખબર નહિ એટલે મેં હાથ અધર રાખેલો તેથી એ ફુટતાંની સાથે ખભામાં બંદુકનો એવો ધક્કો લાગ્યો કે હું બી ગયો, પણ પછી તો નિશાન પાડતાં શીખતો.

"હું,—ભાઇ,—ભાઇ બધા ભારે કસરતી જુવાન હતા. હાઇસ્કુલમાં ઊંચું કૂદવામાં અને લાંબું કૂદવામાં, હુડતત રમવામાં ને બીજી કસરતોમાં સાંજના બે કલાક સુધી રોજ શરીર કેળવીએ અને પછી સીધા રબારીવાડે જઇ શેડકઢું દૂધ લોટો ભરી પી જઇએ. ત્યારે તો દૂધ પણ એટલું સસ્તું હતું કે બે પૈસા આપીએ એટલે લોટો ભરીને દૂધ મળે. આ અમારા નિયમથી અમારાં શરીર પણ લોઢા જેવાં બંધાયાં હતાં. આજના વિદ્યાર્થીઓનાં આ કંગાળ શરીર જોઉં છું ત્યારે બધાને માટે એ કસરતનો નિયમ અને શેડકઢા દૂધની વ્યવસ્થા કેમ થાય તેનો વિચાર કર્યા કરૂં છું. એ વખતે મારૂં શરીર એવું ન કસાયું હોત તો આજ સુધીમાં મારે કેટલાંયે કામ પડતાં મેલવાં પડત.

"રમત પણ ખૂટે જ નહિ. પતંગના દિવસો આવે ત્યારે દોરને કાચ પાવા, ગૂંચાયેલ દોર ઉકેલવા, એ બધા આડે ન સૂઝે ખાવાનું કે ન સૂઝે પીવાનું. ગૂંચવાયેલા દોરા ઉકેલવામાં કલાકો વીતી જાય. વણાટકામ શીખવામાં મને તે અનુભવની મદદ ખૂબ મળી. નાનપણમાં એવું એવું ન કર્યું હોત તો વણાટની ઝીણી ઝીણી ગૂંચોથી હું અત્યારે અકળાઇ જાત. મારો પતંગનો શોખ એવો કે રાત્રે સૂઈ જાઉં ત્યારે પણ પતંગ ઊડતી રાખી દોર બાંધીને સૂઈ જાઉં. એકવાર તો બધા અગાસીમાં સૂતા હતા અને ભરઊંઘમાં ઊઠી પતંગ લેવા દોડ્યો. એ જ વખતે બાપુજીએ જાગી જઇ મને કેડેડા પરથી પકડી ન લીધો હોત તો નીચે પડત ને હાડકાં ભાંગી જાત. અમે આંધળો પાડો બહુ રમતા અને તે સામાન્ય રમત નહિ. એક જણ પર દાવ ચઢે તે કલાકો સુધી ન ઊતરે. ઘરની ડેલીમાં રમત ચાલે. જરાયે પગનો અવાજ ન થવા દઇએ ને શ્વાસ પણ એકદમ ધીમો પાડી દઇએ. આંધળો ગોતાગોત કર્યા જ કરે. ડેલીમાંથી અમે ઉપર છાપરાની કેંચી ઉપર ચઢીએ. જેની આંખે પાટા બાંધ્યા હોય તે પણ આંધળો આંધળો ઉપર ચઢે ને પાછા અમે કૂદી પડીએ એટલે તેયે કૂદી પડે. આ રમત બહુ જોખમભરી હતી પણ અમને કદી અકસ્માત નથી નડ્યો. એમાંથીયે ખૂબ કેળવણી મળી."

આ તો મગનકાકાની બાળપણની રમતની વાત થઈ. પણ તેઓ મોટા થયા ત્યારે ફીનિક્સમાં પણ રવિવારની આખી બપોર રમતમાં જતી અને આમલીપીપળીની રમતમાં તેઓ કેટલી બધી હોશિયારીથી રમતા તેનો ખ્યાલ મને છે.

હીંચકો ચગાવવામાંયે એટલા જ કુશળ હતા. મને તો થતું કે કાકા હમણાં આકાશમાંથી એક મૂઠી આકાશની ભરી લાવશે. આશ્રમમાં પણ અનિવાર્ય કામ માથે આવી ન પડ્યું હોય તો ગમે એટલા કામનો ભાર છતાં તેમણે કોઇ દિવસ વિદ્યાર્થીઓના રમવાના આમંત્રણને પાછું ઠેલ્યું નથી. મોળા છોકરાઓને રમતનો મદ ચઢાવવા તેઓ રમવા આવે ત્યારે પોતાનું બનતું કરે.

નાનપણમાં સંગીત શીખવા માટે પણ મગનકાકાએ ખૂબ મહેનત લીધેલી. "આજ તમને છે એવી તક અમને સંગીત શીખવાની મળી હોત તો હું તો કેટલુંયે શીખ્યો હોત. બીજું કંઇ ન મળે એટલે અમે નાટકનાં ગાયનો શીખતા. તબલાં શીખવાની ભારે હોંશ, પણ બાપુજીના ટૂંકા પગારમાં એવાં સાધનો ક્યાંથી સાંપડે? સંગીતમાસ્તર તો રખાય જ શાનો? બાપુજી તો ત્રણ ભાઇના કાગળ, પેન્સીલ અને નિશાળની ફીને માંડ પહોંચી વળે. રૂ. ૪૫ નો પગાર, એમાં ચાર ભાઇ, બે બહેન અને વ્યવહારનાં કેટલાંયે ખર્ચ તે બધાંને પહોંચવું જોઇએ. અમે 'ધાધીંધીંધા' પાટલા ઉપર કરતા. છેવટે મોડેથી એક જોડી તબલાં પણ ક્યાંકથી મેળવ્યાં અને શિયાળાની સવારે આકરી ટાઢમાં તેનો અભ્યાસ કરીએ. આંગળી ચીરાઇ જતી." એમની સંગીત શીખવાની આ હોંશને તેઓ છેવટ સુધી તૃપ્ત કરી ન શક્યા.

પણ તેમણે નાનપણમાં સંગીત સિવાય સુથાર અને લુહાર વગેરે વસવાયાના ધંધા શીખવાની, તેના ઓજાર વાપરવાની જે ખ્વાહિશ રાખી હતી તે તેમને પાછળના

જીવનમાં નિત્યકર્મ થઇ પડ્યું. તેઓ કહેતા: "મોઇદાંડિયા રમવાની મોઇ હું જ બનાવું. સુથારને ત્યાં જઇ તેનો વાંસલો ઉપાડી લઉં. કલાકો સુધી તેનું કામ જોયા કરૂં, ઇત્યાદિ."

વાતમાં ને વાતમાં એકવાર મેં પ્રશ્ન કર્યો કે જો તમે આટલા બધા રમતિયાળ હતા તો પછી ભણ્યા શી રીતે અને મૅટ્રિક પાસ કેમ થયા?

"હું રમતિયાળ હતો એ સાચું અને કલાકો સુધી નિશાળમાં બેસવાનો કાયર પણ હતો, છતાં બીજા છોકરાઓની જેમ ઘેર આવીને મારે અભ્યાસ કરવાની જરૂર ન રહેતી. કારણ જ્યારે વર્ગમાં માસ્તર ભણાવે ત્યારે પહેલી જ વાર એ પાઠ પૂરા ધ્યાનથી હું સાંભળી લેતો. ગણિત, ભૂમિતિ અને બીજું બધું પહેલે ઝપાટે મગજમાં ભરી લઉં એટલે પછી મારૂં રમતિયાળપણું ભણતર આડે ન આવતું. અને પાંચમી અંગ્રેજીમાં આવ્યો ત્યાં સુધી હું બેજવાબદાર હતો. પાંચમીમાં આવતાં મારામાં એકાએક પરિવર્તન થઈ ગયું. હું પીઢ વિદ્યાર્થી બની ગયો અને ઉત્તરોત્તર પાસ થતો આવ્યો. મૅટ્રિકમાં એકવાર નાપાસ થયો તે દિવસે ખૂબ રોયો. નાપાસ થાઉં એ મારાથી ખમાય એમ નહોતું. વળી બીજું વરસ આપવું પડ્યું. ટૂંકામાં મને ભણવામાં રસ તો ખૂબ આવતો."

પોતાના વિદ્યાર્થીજીવનની આ બધી વાતોમાંથી અમે કાંઇક ગ્રહણ કરીએ એ આશાએ તેમણે અનેકવાર આ વાતો કહી છે. તે જ પ્રમાણે તેમણે પોતે ખાધેલાં ગોથાંમાંથી અમે ઊગરી જઇએ તે ખાતર ગળગળે અવાજે કરુણરસથી નીતરતાં પોતાનાં વિતકો પણ અમને કહ્યાં છે. એમાંથી

વિદ્યાર્થીજીવનમાં નાટક જોવાના છંદે પોતાની કેવી વિનષ્ટિ કરેલી તે વાત અહીં આપું છું:

"તમારી ભાઈઓની મને તો મોટી મોટી આશા છે. તમારે તો હવે એટલા તૈયાર થઈ જવું જોઈએ કે આ બધાં કામ તમે રમતાં રમતાં ઊપાડી લો. એ ધૂંસરી તમને બોજારૂપ પણ ન થાય અને અમારા મોટેરામાં જે નબળાઈઓ છે તે તમારામાં ન હોય. આશ્રમનું બધું કામ તમે કરો અને અમે હવે વાનપ્રસ્થ લઈ નિરાંતે બેસીએ ને તમારા કામના સાક્ષી રહીએ." આટલું કહેતાં તેઓ અત્યંત ગંભીર થઈ ગયા અને આગળ કહેવા લાગ્યા, "પણ તમે ભવિષ્ય કેવું ઊજાળો છં એ જોવાનું રહ્યું. ગૃહસ્થાશ્રમના મોહમાંથી તમે ઊગરી જવાના છો કે કેમ તે વિષે અત્યારે કેમ કંઈ કહી શકાય? તારૂં, કેશુનું, કૃષ્ણનું હવે પછીનું જીવન કેવું થવાનું? વિનોબાના સંસ્કાર તમે કેવાક જીરવવાના છો? જો તમે બ્રહ્મચર્યને સાધી શકશો તો પછી આ આશ્રમ વિષે મને કશી ફિકર નથી. તમે એને, અમને માબાપોને અને ખાસ કરીને બાપુને જરૂર દીપાવશો. મને આમાં નિરાશા નથી થતી, કારણ તમારી ઉંમરમાં મારી દશા યાદ આણું છું ત્યારે મને ઘણી ઉમેદ વધે છે.

"તમે તો કેટલા બધા આગળ છો? તમારી ઉંમરે હું તો ક્યારનો પરણી બેઠેલો. અને મારૂં તો નાટકે નખોદ વાળ્યું. ફોજદારના દીકરાને મફત નાટક જોવાનું મળે એ અમને ઝેરરૂપ થઈ પડ્યું. મેં અનેક નાટકો જોયાં. ત્રીજે ને ત્રીજે દિવસે ઊજાગરો હોય. મન અને શરીર બન્ને વલોવાઈ ગયાં. સમાજમાંથી નાટક જેવાં ઝેરી તત્ત્વોને તો

એકદમ દફનાવી દેવાં જ જોઇએ. સમાજને જો ખાસ કરી જુવાનિયાઓને નીરોગી બનાવવા હોય તો એમાં શીખામણુની અને સત્યાદિની થોડી વાતોનાં બહાનાં હેઠળ કેટલું કાળું ભર્યું હોય છે એનો ખ્યાલ તમને નહિ આવે. એ અનુભવમાંથી તમે બધા ઊગરી ગયા છો એ ઈશ્વરનો અને બાપુનો ઓછો પાડ માનવાનો છે? બાપુએ મને હાથમાં ન લીધો હોત તો આજે હું કેટલો બધો નરાધમ હોત? મારું મગજ તો ભમી ગયું હતું.

"૧૯૦૨ની સાલમાં હું મૅટ્રિકની પરીક્ષા આપવા અમદાવાદ આવ્યો હતો. મને મુંબઇ જોવાની ભારે હોંશ હતી, એટલે પરીક્ષા આપી હું મુંબઇ જોવા ગયો. બાપુએ મને બોલાવેલો એટલે મુંબઇ જવાનો વિશેષ આધાર મળ્યો, અને મોટાભાઇ તો આગલે વર્ષે મૅટ્રિક પાસ થઇ ત્યાં જ કામે લાગેલા. હું મુંબઇ પહોંચ્યો ત્યાં બાપુને ટ્રાંસવાલ જવાનું થયું. બાપુએ મને પૂછ્યું, 'તારે આવવું છે?' હું તો તરત તૈયાર થઇ ગયો. પાછા રાજકોટ જવા જેટલો વખત નહોતો તેથી બાપુએ મોટા બાપુજીને તાર કરી પરવાનગી મેળવી લીધી અને હું ઊપડ્યો નાતાલ. (નાતાલમાં દેશનાં છાપા મળ્યાં ત્યારે મને ખબર પડી કે હું મૅટ્રિકમાં પાસ થયો છું.) આખરના દિવસોમાં મહાસાગર તોફાને ચઢ્યો. સ્ટીમર એવી ડોલે કે જાણે હમણાં ડૂબશે. પડવાની બીક લાગી એટલે મેં કઠેડો પકડ્યો. બીજા એક સાથીએ પેટી પકડી. પેટી એક બાજુથી બીજી બાજુ અને બીજી બાજુથી આ બાજુ. સ્ટીમર ડોલે તેમ તેની સાથે પેલા ભાઇ પણ ઘસડાય. બાપુએ ફર્સ્ટ કલાસમાંથી આવી

અમને ધીરજ આપી. ડરબનના બારામાં પણ સ્ટીમર કોઇ રીતે સ્થિર ઊભી ન શકી એટલે અમને મોટા મોટા ટોપલામાં બેસાડી ક્રેન વડે નીચે ઊતાર્યા. ડરબનમાં થોડા દિવસ રહ્યા અને પછી બાપુ ટ્રાન્સવાલ ગયા, તથા મને સ્ટેંગર તરફ જંગલી વસ્તીમાં દુકાનનું કામ અજમાવવા મોકલ્યો. ત્યાં આપણા કુટુંબીઓએ નવોસવો જ વેપાર શરૂ કરેલો.

“ડરબનમાં હું ગોરાઓથી બહુ ડરૂં. હબસીઓ રીક્ષા ખેંચે ને માથે શીંગડાં બાંધ્યાં હોય તથા હાઉ હાઉ કરતા નાચે એ જોઈ છાતી થડકે. પાંચસાત દિવસ તો થયું કે ‘ક્યાં આ દેશમાં આવી ભરાણા?’ પણ પછી ડર નીકળી ગયો. બાપુ પણ ખૂબ પલોટે. મને એકલાને બજારમાં કામે મોકલે. એકવાર કામ કરી પાછો ફરતો હતો ને ગલીમાંથી ધોરી રસ્તાના ફૂટપાથ પર ચઢ્યો કે બે ગોરા છોકરાઓએ મને જોયો. ‘કુલી, કુલી’ કરતા મારી પાસે આવ્યા અને માથેથી ટોપી ઊતારી તેને ફૂટબોલની પેઠે ઊડાડવા મંડ્યા. મારૂં શરીર તો સારૂં, પણ એમની પાસે મારૂં શું ચાલે? મને ભારે ગુસ્સો આવ્યો અને હું ચૂપચાપ એમની પાછળ ચાલ્યો ત્યાં કોઇ મોટા ગોરા આવ્યા અને તેમણે મારી ટોપી અપાવી. આવે વખતે ‘બૉકસીંગ’ આવડતું હોય અને નાક પર ગુસ્તો માર્યો હોય તો એ છોકરા પાંસરા થઇ જાય.

“અમારી દુકાન એકાંત જંગલમાં હતી. અમે ત્રણ જ જણ. હબસીઓ ચારે તરફ વસેલા. ઘડીભર અમે ત્રણ એકબીજાથી છૂટા ન પડીએ. મને તો ભાષાય ન

આવડે, અને પહાડ જેવા કાળા શરીરવાળા ઘરાક દુકાનમાં આવે કે મનમાં ગભરાટ છૂટે. ત્યાં માંડ થોડા મહિના રહ્યો અને બધી પરિસ્થિતિમાં ટેવાઇ ગયો, ત્યાં બાપુએ ફીનિક્સ વસાવ્યું અને મને ફીનિક્સમાં ખેંચી લીધો.

"ફીનિક્સમાં માથોડું માથોડું ઘાસ, કોઈ ઝાડે લટકાતા સરપ, એક જ છાપરું અને બીજી અનેક અગવડોમાં સ્વસ્થ થતાં ઘણો વખત લાગ્યો. શરૂઆતમાં તો મને થાય કે આ છાપખાનાનું કામ કેમ આવડશે? પેલો ક્ષ તો ટપટપ બીબાં ગોઠવ્યે જ જાય અને હું હેરત પામી જોયા કરું. મને થાય કે 'મને એ આવડવાનું જ નથી.' પણ જ્યારે એ આવડી ગયું ત્યારે મનમાં હસી ગયું કે શીખવાથી ને કરવાથી બધુંય આવડી જાય છે.

"ફીનિક્સ આવ્યો ત્યાં સુધી જીવન શું, માણસાઇ શું, એનું મને ભાન જ નહોતું. નર્યો પશુ હતો. પણ પછી બાપુએ મને હાથમાં લીધો. એક પછી એક ચોપડીઓ વાંચવા મારા હાથમાં મૂકતા જાય. વાંચ્યું તે વિષે પ્રશ્નો પૂછે. અને એમ મારું વાચન ખૂબ મનનપૂર્વક થવા લાગ્યું. એકાંત અને શાંતિ પણ ઠીકઠીક મળી રહેતી. છાપખાનાના કામ સિવાય બીજું કંઈ વિશેષ કામ ન હોય, કારણ શરૂ શરૂમાં ખેતી અને બગીચાનું કામ કંઇ વધારે ન રહેતું. થોડી ચોપડીઓ વાંચી લીધી એટલે પછી બાપુએ ટૉલ્સ્ટૉયની નાની ચોપડીઓનાં ભાષાંતર કરવાનું મને સોંપવા માંડ્યું. 'જીવનદોરી,' 'માણસ કેટલી જમીનનો માલિક હોઈ શકે?' 'મૂરખરાજ' એ બધાંનાં ભાષાંતર હું કરું ને બાપુ સુધારે. આમ જાતમહેનતના સાદા જીવનનું સુખ અને તેની

ઉચ્ચતા વગેરેના ખ્યાલો મારામાં વણાઈ ગયા. અને પછી તો બાપુ જે ફેરફારો જીવનમાં કરે તેમાં મનેય ખેંચે."

બસ. આટલેથી આગળ મગનકાકા પાસે મેં આત્મકથા નથી સાંભળી. કારણ ફીનિક્સ અને ત્યાર પછીનું તો બધું મેં જોયેલું એટલે એ કથા મને સંભળાવવાપણું એમને ન હોય. બીજું કારણ એ પણ ખરૂં કે તેઓ મને કે બીજાને બોધ આપવા કે હસાવવા ખાતર પોતાની નાની ઉંમરની વાતો કરતા. મારા જેવો તેમનો વિદ્યાર્થી જે ઉંમરમાં હોય એ ઉંમરમાં પોતે કેવા હતા અને શું કરતા એ તેઓ જણાવે. આગળની વાત શા માટે કરે?

એટલે હવે પછીના એમના જીવનનો ખ્યાલ છૂટક છૂટક આપી જઈ મારા પરના પત્રમાંથી બેચાર ઉતારા આપી આ લેખ પૂરો કરીશ. વળી ગાંધીજીની આત્મકથા સાથે પણ મગનકાકાનું હવે પછીનું જીવન ગુંથાયેલું મળી આવે છે.

ફીનિક્સમાંના મગનકાકાનું સ્મરણ કરૂં છું ત્યારે ખેતરમાં કામ કરતા જ તેઓ નજર આગળ તરી આવે છે. વરસાદ વરસતો હોય, અંધારૂં થઈ ગયું હોય તોયે તેઓ દીવો લઇને ઘરની આસપાસનાં ખેતરોમાં ખુરપી લઇ રાતના નવદસ વાગ્યા સુધી કંઇક કંઇક કર્યા કરતા હોય. દિવસ આખો તો છાપખાનામાં ગયો હોય. બીજું રાત્રે સ્થાનાંતર કરવામાં આવે તે છોડને ઓઝામાં ઓઝી ઈજા પહોંચે એટલે પછી વરસાદ અને અંધારાને કારણે બેસી રહે એવા તેઓ નહોતા. રવિવાર હોય કે છુટ્ટી હોય તે દિવસે ૧૪ કલાક બગીચામાં જ જાય. કલમો કરવી, ફળઝાડના ક્યારા ગોડી તેમાં

ખાતર પૂરવું, વરસાદનું પાણી જમીન ધોઇ ન નાંખે તે માટે નીકો કરવી, હળને અભાવે કોદાળીથી જમીન ઉથલાવવી ને ઢેફાં ભાંગવાં એ બધાંમાં જ તેઓ રચ્યાપચ્યા રહેતા. અને સાથેસાથે અમનેયે કેળવતા. એકાદ ક્યારાની ગોળાઇ અમારે હાથે બગડી જાય, ફળ તોડતાં ડાળ છૂંદાઇ જાય, જ્યાંત્યાં પગલાં પાડીએ, સોંપેલો હિસ્સો સાફ કર્યા પછી પણ જો તેમાં પથરો, આખું ઢેફું કે તણખલાં મળે તો તેમનો પ્રકોપ અમારા ઉપર સળગી ઊઠે. આખું ખેતર, દરેક કેડી, દરેક ખાડો, બધું જ સુંદર અને સુઘડ હોવું જોઇએ. કુહાડીથી લાકડાં ફાડીએ તો કુહાડીના છરકા લાકડાં ઉપર પડે એયે તેમને ખટકે.

ઘરમાં પણ ફાનસમાં ક્યાંય ડાઘ હોય, બારીના કાચમાં મારા જેવાના અંગૂઠાની છાપ પડી રહી હોય, ચોપડી ક્યાંય રખડતી હોય કે શાહી ઢોળી જમીન બગાડી હોય તો મારે ભાગે તેમનો સખત તમાચો હોય અને ઘરમાં મારી બા કે કાકીને કડવું સાંભળવું પડે. એવી ઝીણી બાબતમાં મારા પિતાશ્રી પણ વચ્ચે ન પડી શકે. પોતાના એ દિવસોને યાદ કરી તેઓ કહેતા કે 'હું તો રાક્ષસ હતો રાક્ષસ, ક્રોધનો ગુલામ હતો.'

ઘરમાં તેમણે સુથારી ઓજારો પણ વસાવ્યાં હતાં. રેણ દેવું કરવું હોય, પાણીની ટાંકી ધોવી હોય, ઘરને રંગવું હોય, બધું જ હાથે કરી લે. અને તે દરેક કામ તે તે કામના કારીગર કરે એવું જ થવું જોઇએ એવો એમનો આગ્રહ.

જસતનાં પતરાંની ભીંતોનું અમારૂં ઘર હતું. એ પતરાં ખાડાટેકરાવાળાં એટલે પાટિયાંની ભોંય સાથે બરાબર બંધ

ન બેસે, અને ઘરમાં ઉંદરડાને આવવા માટે મુક્તદ્વાર રહે: એ કાણાં લુગડાં અને કાગળના ડૂચાથી બંધ કરીએ પણ ઉંદર પાસે એ શી વિસાતમાં? પતરાંની વાંકીચૂંકી સપાટીમાં લાકડાની પટ્ટી પણ જડી ન શકાય કે જેથી ઉંદરને આવવાના માર્ગ પૂરાઇ શકે. આનો ઉપાય મગનકાકાએ શોધ્યો. મને લાગે છે કે એમની એ પહેલી શોધ ગણાય. એ ઉપાય કેમ જડ્યો તેની વાત કરતાં કહે:

"આઠ દિવસથી હું એ એક જ વિચારમાં પડ્યો હતો કે કઇ રીતે પતરાંના ખાડાટેકરાનું માપ પાટિયા પર આંકવું? જો પતરાંમાંની ખાંચો એક જ માપની હોય તો તો કામ સહેલું હતું, પણ ખાંચનો તો મેળ જ નહોતો. એક સાંજે પ્રેસમાંથી આવી ખૂબ વિચાર કર્યો. પણ જેમ વિચાર કરૂં તેમ ગૂંચવાઉં, હું થાક્યો ને ઊંઘી ગયો. પરોઢિયે ત્રણ વાગે આંખ ખૂલી, ત્યાં એકદમ વિચાર સ્ફૂર્યો કે પેન્સીલને લાકડાના ચોકઠામાં અમુક રીતે ગોઠવી હોય તો પાટિયાં પર બરાબર માપસર લીટી ખેંચાવી જોઇએ. હું ઊઠ્યો, અજમાવ્યું ને બરાબર પતરાંનું માપ પાટિયા પર પડતું આવ્યું. મને ખૂબ હરખ થયો. અને તે દિવસથી ઉંદરની રંજાડ મટી."

બારડોલી પીંજણની રચના કેમ સૂઝી તેને વિષે પણ તેઓ આવી જ જાતનો ઇતિહાસ કહેતા. નવા નવા રેંટિયા, તકલી, પીંજણ, ફાળકા બનાવવા, ફુંકારવું, એ બધી વાતોનો વિચાર તેઓ રાત્રે જ કરતા, અને એક વસ્તુનું સંશોધન હાથ લીધું હોય તો તે પર મહિનાઓ સુધી મંડ્યા રહે. રાત્રે રોજ સૂતાં પહેલાં જેના પર પ્રયોગ ચાલતો હોય તેના પર

કલાક દોઢ કલાક એકાગ્રપણે કામ કરે, અને તેમાંની ઊણપની શોધ અને તેની પૂરણી કરવા વિષે ગણતરીઓ કરતા સૂએ.

ગમે એવી ભીડ અને વિષમતામાં પણ તેમની સાવધાની કેટલી જાગૃત રહેતી તેનો એક પ્રસંગ નોંધવા જેવો છે. ફીનિક્સમાં સ્પિરિટના દીવા ઉપર તેઓ કંઇક કામ કરી રહ્યા હતા. તેમની પડખે બેસીને હું તેમનું કામ જોતો હતો. સ્પિરિટનો દીવો મંદ પડ્યો એટલે તેમણે એ ઊપાડ્યો અને સળગતે દીવે તેમાં સ્પિરિટ રેડવા માંડ્યો. એકદમ ભડકો થયો. તેમનો હાથ ધ્રૂજ્યો અને તેમને આખે શરીરે સ્પિરિટની છાલક ઊડી. પહેરણ કે કશું પહેર્યું નહોતું. શરીર આખું સળગી ઊઠ્યું. આમાં ગભરાયા વિના તેમણે મને પગેથી દૂર ધકેલી કહ્યું: "જા, દોડ, તારી કાકીને બોલાવ જલદી." અને પોતે એકદમ દોડતા સૂવાના ઓરડામાં જઈ એક ચાદર ઓઢી લઈ જમીન ઉપર આળોટવા માંડ્યું, ને આગ ઓલવી નાંખી અને એમ શરીર બળતું બચાવ્યું. હું તો એ વખતે સાવ બાઘો બની ગયો હતો. મને તો કેટલીયે વારે ભાન આવ્યું કે કાકાના શરીર પર લાહ્ય લાગી છે. એ ભાન આવ્યું, હું રસોડામાં જઈ બાને બોલાવી લાવ્યો, ત્યાં કાકા શાંત રીતે ચાદર ઓઢી ઓરડામાં બેઠા હતા અને અમે પહોંચ્યાં ત્યારે સ્વસ્થતાથી શું થયું તેની વાત કરવા લાગ્યા. ઘરમાં મારા પિતાશ્રી તો નહોતા, અને મારી બા કાકીને એવામાં શી સમઝણ પડે? પોતાને શા ઉપચાર કરવા તે તેઓ પોતે જ એક પછી એક બતાવતા ગયા. આઠ દિવસ સુધી તો તેમને ખાટલે જ પડ્યું રહેવું પડેલું.

એવાં ફીનિક્સનાં સંભારણાં લખ્યે ખૂટે એમ નથી. પણ આગળની વાત લખતા પહેલાં તેમની કેળવણી આપવાની ચીવટ વિષે થોડુંક લખું.

પ્રેસનું કામ અને ખેતીનો એટલો રસ છતાં એક કલાક મને ભણાવ્યા વિના તેઓ સૂતા નહિ. ગુજરાતી પહેલી અને બીજી ચોપડીનો એકેએક પાઠ છણી છણીને તેઓ શીખવતા. બોલવામાં કે લખવામાં વ્યાકરણદોષ થાય એ તેમને ન પરવડતું. એટલું જ નહિ પણ કવિતા પણ જેમ ગાવી જોઇએ તેમ ગાતાં ન આવડે તો, અથવા 'સ' 'ર'નો ઉચ્ચાર ન થાય તો તેમને ખૂબ ક્રોધ ચઢી આવે, અને પાંસરી રીતે હું ન બોલતો કે ઉચ્ચાર કરતો થાઉં ત્યાં સુધી ન પોતે સૂવે કે ન સૂવા દે. પાઠનું વાચન સમજણપૂર્વક થાય તેટલું એમને માટે બસ નહોતું. પાઠનો રસ મારે લેવો જ જોઇએ. અને એ રસ ન આવે ત્યાં સુધી નવો પાઠ હાથ ન લેવાય. એ રસ લાવવા માટે તેઓ ખૂબ વાતો, વાર્તાઓ, વર્ણનો કરે. સૂર્યોદય, સૂર્યાસ્ત, ઝાડમાં કુપળો ફૂટવી બધાનું અવલોકન કરાવે અને સાથેસાથે સાદા સુંદર અને કાવ્યમય જીવનનાં ચિત્રો ખડાં કરતાં જાય. રોજ ને રોજ દેશની (હિંદુસ્તાનની) અનુપમતાની જ વાતો કરતા.

"આપણે દેશમાં જશું ત્યારે ખેતર લેશું અને સાદું ખેડુ જીવન ગાળશું. જો, ગામડામાં મોટું ખેતર હોય, જાર, બાજરી, ઘઉંના પાક થતા હોય, તું કોશ હાંકે, હું હળ હાંકું અને રોંઢે બળદ છોડી આપણે વડને છાંયે બેસીએ, ત્યાં બેન (મારાં ફઇ) ઘેરથી ભાત લઇ આવે, ને આપણે સાથે બેસીને રોંઢો કરીએ તેમાં કેટલો આનંદ આવે?

દેશની મજા તો દેશમાં જ છે. ખેતરમાં ચકલાં, પોપટ, મોર કલ્લોલ કરતાં હોય. અને કોયલ તો તેં સાંભળી જ નથી. જો, એ આમ બોલે. એમ કરી પોતે કોયલ બોલાવે. . . ."

આવું કાવ્યમય જીવન જીવવાની હોંશ એમણે ઘણાં વરસ સેવેલી પણ દેશમાં આવતાં તેમને માટે જુદું જ કામ તૈયાર હતું, અને તેમને માટે શાંત જીવન નહોતું જ.

ભણાવતી વખતે મગનકાકા જેટલા મીઠા લાગતા એટલા જ આકરા ને કડવા કુટેવો છોડાવતી વખતે લાગતા. એમની ધાકને લીધે જ મારે જૂઠું બોલવું પડતું, પણ છોકરાઓ જૂઠું બોલવા જેવા અવળે માર્ગે ચઢે એ તેમનાથી કોઇ રીતે ન ખમાતું. એવું કરૂં ત્યારે તેઓ અતિશય માર મારે, પીટે. એમની એ વિકરાળ મૂર્તિમાં તેમનો પોતાનો અંતઃક્લેશ કેટલો હતો તેનો ખ્યાલ આજે હું કરી શકું છું. બ્રહ્મહત્યાથી પણ ઘોર એવું પાપ જે જૂઠાણું તે પોતાનાં બાળક શીખે એ તેમનું સત્ત્વભર્યું હૃદય શી રીતે ખમી શકે?

આફ્રિકાની સત્યાગ્રહની છેલ્લી લડત દરમિયાન એમનું સ્વરૂપ આખું બદલાઈ ગયું.

એક તરફથી બધાં સ્નેહીસંબંધી જેલમાં ભારે કષ્ટ ભોગવે. બીજી તરફથી બહારના ગિરમીટિયાઓ નજર સામે ભૂખે અને જાલિમના ત્રાસે રીબાતા હોય અને ત્રીજું તેમની સોડમાં જેમનાં માતા અને પિતા જેલમાં ગયા છે એવાં અનેક બાળકો પડ્યાં હોય. ત્યારે તેમનું કોમળ હૃદય કેટલું દ્રવતું હશે એની માત્ર કલ્પના જ કરી શકાય.

ચીડિયું માણસ જેમ વિપાત્ત આવે અને કામ વધે તેમ વધુ ચીડિયું થાય. મગનકાકાને એ દિવસોમાં એકલે હાથે આખું છાપું કાઢવાનું, અને ફીનિક્સ આશ્રમ ચલાવવાનું રહેતું. અઠવાડિયામાં બે દિવસ તો નિયમિત રીતે રાતના બે વાગ્યા સુધી લખવું પડતું. બીજા દિવસોમાં પણ પાંચ કલાકથી વધુ સૂવાનો વખત ન મળતો, પણ એ દિવસોની એમની શાંતિ અજબ હતી. પૂ. બાપુના શરીરની કૃશતાના ચિંતાજનક ખબર આવે ત્યારે થોડો સમય તેઓ અસ્વસ્થ દેખાતા, બાકી બધો વખત પ્રસન્નપણે કામ કર્યા કરતા. અમ બાળકો પર તેમનો પ્રેમ જ વરસતો. અમારી ભૂલો અને પ્રમાદ થાય ત્યારે તેમને પોતાને ક્રોધ દબાવવા ભારે યુદ્ધ કરવું પડતું, પણ કોણ જાણે ક્યાંથી હાથમાં જાદુ આવી ગયો હોય તેમ ક્રોધને તેઓ ગળી જતા.

પહેલાં મગનકાકાના સ્વાદ પણ ઓછા નહોતા. દર અઠવાડિયે એકવાર તો ઘરમાં મિષ્ટાન્ન અને ફરસાણ થાય, તથા ખૂબ સ્વાદે ભોજન ઊડે. મગનકાકા માટે વધુ મરચાં-મસાલાવાળી ખાસ નોખી ચીજો તૈયાર કરવામાં આવે, અને પોતા માટે તેઓ ખાસ મરચાના છોડ પણ ઊછેરતા. એ સ્વાદો પાછળથી ઓછા થયા હતા. પણ બીજાઓના જેલ-નિવાસ વખતે તેમણે સ્વાદ પર પણ ભારે જીત મેળવી લીધી હતી. રવિવારે અમને બાળકોને ખાસ વાનીઓ તૈયાર કરી આપે પણ તેઓ પોતે સંયમ જ રાખે.

આમ મગનકાકાની સાધનાનો ખરો કાળ આ વખતથી શરૂ થયો ગણાય. અને તે સાધના છેવટ સુધી ઉત્તરોત્તર વધતી જ ચાલી.

× × × ×

લડત પૂરી થઇ અને દેશમાં આવવાની તૈયારીઓ ચાલી. ફીનિક્સમાંનાં છૂટાં રસોડાં સંયુક્ત રસોડામાં ભેળવી દેવામાં આવ્યાં. મગનકાકાને આચાર વિષે ખૂબ ચીવટ હતી. વૈષ્ણવના ઝીણાઝીણા આચારમાં રહસ્ય ભરેલું તેમને લાગતું. આ કારણે તથા કૌટુંબિક જીવન તૂટી જતું હતું તેથી ઘરમાં કેટલાક દિવસ ઉદ્વિગ્નતા રહી. પણ અમે મોટે રસોડે ભળ્યા કે થોડા જ દિવસ પછી એ રસોડાની ધુરા પૂ. બાપુએ મગનકાકા માથે નાંખી. ઘર છોડી બીજે જમવા જવાની વાતનો ઉદ્વેગ તો ક્યાંય ઊડી ગયો, અને આ તો નવી પંચાત જ આવી પડી! પણ મગનકાકાએ એવી સફાઇથી ધુરા ઊપાડી કે એમની સાથેનો કચવાટ જઇ તેને સ્થાને નાનાંમોટાં મંડળોમાં તેમની પ્રત્યેનો આદર વધ્યો. જે છોકરાઓ ભારે મશ્કરી કરતા તેઓ જ તેમને બીજા ચાલકો કરતાં શ્રેષ્ઠ ગણવા લાગે એ કુશળતા જેવી તેવી ન હોય.

બાપુ વિલાયત જાય અને ફીનિક્સની ટુકડી એકલી દેશ આવે એવો નિર્ણય થયો, અને આખી ટુકડી પર નાયક તરીકે મગનકાકાની જ નીમણુક થઈ. એ નીમણુકના પક્ષમાંયે ઘણું કહેવાયું અને વિરોધમાંયે ઓછું નહોતું બોલાતું. આ જવાબદારી મગનકાકાને સ્વીકારતાં ઓછો ક્ષોભ નહિ થયો હોય એવું મારૂં અનુમાન છે. કારણ બેચાર દિવસ સુધી તેઓ અતિશય ગમગીન રહ્યા હતા એવો મને ખ્યાલ છે. પણ પછી એ જવાબદારી માથેથી ઊડાડી નાંખવાને બદલે ઊપાડી લેવાનો જ તેમણે નિશ્ચય કર્યો, અને પોતાની સર્વ શક્તિથી બધું કામ આદર્યું. દેશ આવતાં સુધીના પ્રવાસમાં તેમણે નાનામોટા બધાનું નાયકપણું ખૂબ

ધીરજપૂર્વક કર્યું. સ્ટીમરમાં મોટાઓમાં મતભેદ પડે, છોકરાઓ ખાવાની વિધવિધ ફરિયાદો કરે, કોણ ક્યાં સૂવે, કોણ શું ખાય એ બધું સાચવવું રમત વાત નહોતી.

દેશમાં આવ્યા ત્યારે મગનકાકાને અને ટુકડીના મોટેરાઓને અનેક આકરાં વ્રત હતાં. દૂધ કે એમાંથી નીપજતી કોઈ ચીજ ન ખવાય. આ બાધાઓ રોજ નવે ઠેકાણે જમવા જનારા માટે આકરી હતી. લોકો તો એ બધું વેદિયાપણું જ માને. આવી બાધાઓમાંથી ઘણાખરા ધીમે ધીમે સાવ સરકી ગયા, પણ મગનકાકાએ છેવટલગી એના એ રૂપમાં નહિ તો જુદા રૂપમાં પણ એ સ્વાદસંયમ જાળવી રાખ્યો હતો. મીઠું મસાલો ન લેવાય. આ સિવાય એ વખતે પોશાક પણ ખાદીના નહોતા, છતાં સાદામાં સાદા અને મુંબઇના રસ્તામાં નીકળીએ તો છોકરાઓ હસે એવા હતા. મુંબઇ પહોચતાં તો પૂ. બાપુ આવી મળશે એ આશા પણ ભાંગી પડી એટલે છોકરાઓનો પિત્તો ઠેકાણે નહોતો રહેતો. બીજી તરફથી અમને ગાંધી કુટુંબના છોકરાઓને લાડ લડાવે અને બીજાને નોખા તારવે એ પરિસ્થિતિ સામે થવામાં મગનકાકાને કુટુંબીઓ વચ્ચે કડવા થવાનું હતું. આમ મુંબઈમાં આખી ટુકડી મહિનોએક રહી ત્યાં સુધી એમને તાવણીમાંથી પસાર થવું પડ્યું.

પછી કોચરબ સ્થપાતાં સુધી આખી ટુકડી દેશમાં ભટકી. અમે ગુરુકુળ રહ્યા, શાંતિનિકેતન રહ્યા. કેટલાક છોકરાઓને આકરા મંદવાડ આવ્યા અને રોજ નવી મુસીબત આવીને ઊભી જ હોય. કોઈ કહે: " મગનલાલભાઇ મધરાતે ઊઠી પોતાના દીકરાઓને ફળ વગેરે ખવરાવે છે,

અને અમને સાદાઈ અને અસ્વાદને નામે ભૂખે મારે છે તેથી જ માંદા અને અશક્ત થઈ જઈએ છીએ.” કોઈ કહેઃ “ મગનલાલભાઈ પોતાના જ દીકરા ભત્રીજાને નવરાવે, તેના કપડાં ધૂએ અને અમારો તો ભાવ જ ન પૂછે. અમારૂં તો કોઈ સગું નથી. ” વળી “ ફલાણાના હાથે ફાનસ ફૂટયું એટલે તેને કંઈ ન કહ્યું કારણ તે તો પોતાના ભાઈ થાય, અને મારો નાનો ભાઈ બાળક છતાં તેને હાથે ફાનસ ફૂટી ગયું તો તેને વઢી નાંખ્યો ને બિચારાને ખાવાનુંયે ન ભાવ્યું.” ઇત્યાદિ ચોતરફના ઘર્ષણમાં અને કડવાશમાં બધું તૂટતું જાળવી રાખવું અને મેળ રાખવો એમાં કેટલીયે વીશે સો થઈ હશે! આવામાં તેઓ ઉપાયો પણ કઠણ હૈયે લેતા. નાનાં છોકરાંનું કામ મોટાઓએ ભાગે પડતું લેવું પડે તો એ કેશુનું કંઈ કામ પોતે ન કરે. તેઓ બીજાનું જ કરે અને કેશુનાં કપડાં ધોવાં ઇત્યાદિનું બીજાને સોંપે.

આમ કરતાં કોચરબમાં આશ્રમની સ્થાપનાનો દિવસ આવી પહોંચ્યો. પૂ. બાપુએ પંદરેક દિવસ સુધી આશ્રમ-નિયમાવલિનાં બધાં વ્રતો સમજાવ્યાં અને વ્યવસ્થાપકે આજીવન તે પાળવાં જ જોઇએ એવો કાયદો કર્યો. અને વ્યવસ્થાપકોમાં બાપુ પછી મગનકાકા પહેલા ગણાયા. કેટલાય વિચાર પછી તેમણે એ પ્રતિજ્ઞાઓ લીધી. એ લીધા પછી તેને પહોંચી વળવામાં તેમણે કેવું અંતરયુદ્ધ કરેલું તે છેવટે આપેલા એમના પત્રોમાંથી જણાઈ આવે છે.

ઝાઝા માણસોની રસોઈમાં જેવો મળે એવો ખોરાક નાક દાબ્યા વિના ખાઈ લેવો ને પ્રસન્નચિત્ત રહેવું, બાપુ

કહે તે હોંશે હોંશે કરવું, ઇત્યાદિ કેળવણી તેમણે હવે અમને આપવા માંડી. દિવસ આખો તો કામમાંથી ઘડીની ફુરસદ ન હોય પણ સાંજે પ્રાર્થના પૂરી થયે ફરી આવી સૂવા જઇએ ત્યારે અનેક ચર્ચાઓ ઉખળે. સૂવાની જગ્યાએ મારી કાકી અને અમે બાળકો જ હોઇએ ને બીજું કોઈ ન હોય એટલે બધી ચર્ચાઓ છૂટથી થાય. મારાં કાકી અમ બાળકો માથે આવી પડતા કામનો વિચાર કરી મનમાં ખૂબ ઉકળાટ કરે અને મગનકાકાને કહે: “ જૂઓને, આવડા આવડા છોકરાઓને સવારના પહોરમાં ઘંટીએ બેસાડતાં તમને દયા પણ નથી આવતી. તેમની છાતીનાં હાડકા નબળાં પડી જશે ત્યારે? આ પ્રભુની છાતી તો મૂળથી નબળી જ છે, જાણો છો? વળી આ કેશુ અને કૃષ્ણ પાસે બાપુ ચાવી ચઢાવી એટલાં એટલાં દેગડાં પાણી ભરાવે છે તે છોકરા માંદાં નહિ પડી જાય? તમે અમે તો મોટાં થયા, આપણાં હાડકાં મજબૂત કહેવાય, પણ આ ઊછરતાં છોકરાંને ઘી દૂધનું ટીપુંય ન આપવું અને આટલું કામ અને કસરત કરાવવાં એનું પરિણામ શું આવશે? તમે તો હવે છોકરાંનો વિચાર જ છોડી દીધો લાગે છે. આ ભણતરની ઉંમર ગણાય. છોકરાને ભણવું ન ગમે તોયે માણુસ પરાણે ભણાવે, અને આ છોકરા પાસે આઠ કલાક સુથારીકામ કરાવો છો તે એનાં ભણતર પર પાણી નહિ ફરી વળે? આ તો મને જે બેક મુદ્દાઓ યાદ આવ્યા તે નોંધ્યા, પણ આવી અનેક ગરમાગરમ ચર્ચાઓ ચાલે. કાકીની આવી વાતો સાંભળી અમે મોળા ન પડી જઇએ તે માટે મગનકાકા અમારી પાસે મોટા આદર્શો રજુ

કરે; આશ્રમના નિયમો સમજાવે, પ્રહ્લાદના સત્યની કહાણી કહે. બહેનોને બ્રહ્મદેવની કન્યા સરસ્વતી જેવાં થવાનું કહે, અને મને કહે, "તું તો સદાય ભીષ્મનું જ ધ્યાન ધરજે, તારે નૈષ્ઠિક બ્રહ્મચારી થવાનું છે." ઇત્યાદિ.

પણ આ ગૃહકંકાસ દુદાભાઇ આવ્યા અને ઢેડ ભેગા બેસી ખાવાનું આવ્યું ત્યારે દાબ્યો ન દબાયો. મારાં કાકી માથે એ દુઃખ અસહ્ય પડ્યું. મગનકાકાનીયે રગેરગમાં વૈષ્ણવ આચાર ભરેલા તેમને પણ એ પ્રસંગ આકરો થઇ પડ્યો. આશ્રમમાં રહેવું કે તે છોડવું એ પ્રશ્ન આવી પડ્યો.

કેટલીક ચર્ચાઓ પછી ધર્મસંકટનો એ તોડ નીકળ્યો કે કોઇ જાતનું સમાધાન ન થાય ત્યાં સુધી મગનકાકાએ મદ્રાસ જઇ વણાટ અને તામિલ શીખવું. તેઓ મારી કાકીને અને બે બહેનોને લઇને ત્યાં ગયા. અમે છોકરાઓ કોચરબમાં જ રહ્યા. મદ્રાસમાં તેમણે વણાટવિદ્યા શીખી લીધી. કાંજી પાવી, ફ્ટકાસાળ ચલાવવી, રાચ ભરવાં એ બધું અમારે એ વખતે તો ગંધર્વનગરીથીયે આશ્ચર્યજનક અને અગમ્ય હતું. પણ મગનકાકાએ તે જોતજોતામાં શીખી લીધું અને અમારે માટે એ શીખવું સાવ સહેલું કરી મૂકયું.

એક દિવસ સાંજે અચાનક મગનકાકા કોચરબમાં આવીને ઊભા. મદ્રાસથી નીકળવાના એમના કશા ખબર નહોતા. "અચાનક ક્યાંથી?" એ પ્રશ્ન પૂછાતાં જવાબ મળ્યો, "માંડ પહોંચ્યો છું. મદ્રાસમાં મારૂં મન અતિશય ઊકળી ઊઠ્યું. કયાંય રહેવાય નહિ, કંઇ સહેવાય નહિ. ત્રણ ત્રણ રાત ઊંઘ પણ ન આવી, પછી અહીં ભાગી આવ્યો. ટ્રેનમાંયે રસ્તો કેમે કર્યો ખૂટે નહિ."

એમણે આવીને થોડા દિવસ આરામ લીધો ન લીધો ત્યાં પૂ. બાપુને આશ્રમ છોડી દેશકાર્ય માટે બહાર ફરવા નીકળવું પડ્યું, અને મગનકાકાએ તે દિવસથી મરતાં સુધી અખંડપણે આશ્રમની લગામ હાથમાં રાખી આશ્રમને ધમધોકાર ચલાવ્યે રાખ્યું.

મદ્રાસમાં તેમના મનને શાં મંથન થયાં એ તો કેમ ખબર પડે, પણ હમણાં હમણાં એક વખત ચર્ચા કરતાં એમણે કેટલાક ઉદ્‌ગારો કાઢેલા તે પરથી કંઇક અનુમાન થઇ શકે છે.

આશ્રમમાંનું ઘર્ષણ એકવાર ખૂબ વધી ગયું હતું ત્યારે ચર્ચા કરતાં કહે, "પણ તેનું હું કેમ કરૂં? પોતાનાં બાળકોને કેળવણીની સગવડ કરી અપાય તેટલી કરી આપું એમાં હું સ્વાર્થ કરૂં છું એ વાત સાચી, પણ હું તો એ સ્વાર્થ માટે જ આશ્રમમાં જ રહ્યો છું. પોતાનાં બાળકોને કેળવવામાં જ જો મેં મોટામાં મોટો સ્વાર્થ ન માન્યો હોત તો હું આશ્રમમાં ન રહેત. મને જીવનની અનેક દિશાઓ ખેડવાનું મન થતું હતું. કેટલી જાતના લોભ મારાથી દબાય એમ નહોતા. અનેક રાત્રિઓ શું કરવું એ વિમાસણમાં મેં ગાળી પણ પછી મેં કહ્યું, 'હે જીવ, તું કેમ ઉધામા કરે છે? તારે તો છોકરાંને કેળવવાં છે ને? તારે રાધાને આદર્શ સ્ત્રી બનાવવી અને કેશુને આદર્શ પુરુષ બનાવવો છે તો તું બીજે ક્યાં જઇ એ કરી શકવાનો? બાપુની અને આશ્રમની છાયામાં તું એમને ઊછેરી શકીશ એવા એમને ક્યાં ઊછેરી શકવાનો છે? આમ મેં બીજી બધી આકાંક્ષા છોડી દીધી અને હું આશ્રમમાં રહ્યો. અને જે

આકાંક્ષાઓએ આશ્રમમાં જ રહ્યો તે જ મારા દોષરૂપ થઇ પડે તેમાં હું સ્વાર્થી ગણાઉં તો ઇશ્વરને એમ કરવું હશે."

મગનકાકાના ઉપલા ઉદ્‌ગારમાં તેમનું આશ્રમજીવન કેવું હતું તેનો સવિશેષ ખ્યાલ આવી જાય છે.

ઉકળાટ તો એમને શિર સદા હતો અને જેમ જેમ વર્ષો જતાં ગયાં તેમ તેમ એ વધતો જ ગયો. મને એકથી વધારે વાર તેમણે કહ્યું છે: "કાલે રાતે મને ઊંઘ જ ન આવી, માથું સખત દુઃખે, શરીર શોષાય. મારે લીધે કેટલાને કષ્ટ વેઠવું પડે છે એ વિચારે પસીનો વળી આવે. પછી રાત્રે બે વાગે ઊઠી માથે માટીનો પાટો બાંધ્યો, પેટે માટી મૂકી ત્યારે ઊંઘ આવી, અને જરાવારમાં ચારનો ઘંટ થયો." અને આવાં શરીરકષ્ટો તેમને ઘરથીયે છૂપાવવાનાં હોય જેથી ઘરનાં માણસોને નાહક કલેશ ન થાય. બીજાયે કેટલાક ઉદ્‌ગાર નોંધવા જેવા છે. પૂ. બાપુ જેલમાં હતા અને આશ્રમ ચલાવવાનો તાપ અતિશય વધી ગયો હતો. તે વખતના આ છે:

"હું મારી આખી જિંદગીમાં કોઇને મિત્ર નથી કરી શક્યો. મારા મનના સંતાપ ઉકળાટ મેં એકલાએ જ વેઠ્યા છે. મૌન રહેવામાં જ મને આનંદ મળ્યો છે અને તેથી જ કાં તો બીજા કોઇ બેઠા બેઠા બહુ વાતો કરે તેની મને ચીડ ચઢે છે. મૈત્રી કરવી મારા સ્વભાવમાં જ નથી, એ વેવલાપણું લાગે છે.

"આશ્રમમાં આટલા બધા વિચારી અને સાચી દાનતવાળા લોકો આવે છે પણ વ્યવહારકુશળતાનો હું બધે અભાવ જ જોઉં છું. આગળપાછળની ગણત્રી કોઈ નથી

કરતું. અને મારાથી એવા માણસો સાથે કામ નથી થઇ શકતું. જો લોકો વાતો છોડી કામ કરવામાં સાવધાન થઈ જાય તો પછી મતભેદને પહોંચી વળાય."

આશ્રમમાં તેમની સામે કેટલીયે વાર બહુમતિથી નિંદાવ્યંજક ઠરાવો થયા અને પૂ. બાપુ પાસે ફરિયાદો થઇ, પણ તે તે વખતે નિંદા કરનારાઓનો દ્વેષ કરવાને બદલે તેમણે પોતાના જ દોષો જોયા છે. અને દિવસે દિવસે તેમને પોતાની દીનતા હીનતાનું ધ્યાન વધતું જ જતું હતું. પાછળથી નિયમિત સંધ્યા કરવી, ઉપનિષદનું અધ્યયન કરવું વગેરેમાં જ તેમનું ચિત્ત જતું. કરવાનું કામ મોળું પડવા દીધા વિના આ બધું કરવામાં તેઓ સાવધ રહેતા.

"હું રોજ સંધ્યામાં ઈશ અને સૂર્યનું ધ્યાન કરીને પ્રથમ બાપુજી અને બાને માનસિક નમસ્કાર કરૂં છું. તેમના જેવાં માતપિતા મળવામાં મારૂં ભારે પૂર્વસંચિત હોવું જોઇએ. ત્યાર પછી પૃ. બાપુને નમું છું. તેમણે મને પશુમાંથી માણસ કર્યો, રાક્ષસ થતો બચાવ્યો. અને ત્યાર પછી મોટાભાઈ અને ભાભીને નમસ્કાર કરૂં છું. તેઓ મારે માટે રામ અને સીતા છે. ભાઇની સહિષ્ણુતા અને શાંતિ તથા ભાભીની ઉદારતા મારા પર ખૂબ વરસી છે. તેઓ ધર્માવતાર છે. ભાઇને કલેશનું કારણ ઘણીવાર થયો છું. પણ મને કોઇ ઉપાય નથી સૂઝતો કે હું કેમ કરી મારા હૃદયની સરળતા તેમની આગળ ઠલવું?"

અને વડીલોની અંગત સેવાની તક તેમણે કદી જવા નથી દીધી.

સાબરમતી આશ્રમની દરેક દરેક ચીજ તેમણે માયા મમતાથી વસાવેલી, પણ છેવટનાં એક વરસથી દરેક ચીજ પ્રત્યેનો વધારે પડતો મોહ ધોઈ સ્વચ્છ બનવાનો તેમનો પ્રયાસ ચોખ્ખો દેખાઈ આવતો હતો. અક્રોધનું અને નિરાગ્રહપણાનું અનુશીલન તેઓ વધાર્યે જ ગયા. અપરાધીને પણ ઉદ્વેગકર એવું વચન ઉચ્ચારાઈ જાય તો રાત આખી પસ્તાવો કરે અને સામી વ્યક્તિ બાળક હોય તોયે વારંવાર ક્ષમા માગે: "મારા કહેવાથી તું દુભાયો હોઈશ ભાઈ! પણ તું દુઃખ ન કરતો. મારા મનમાં તને દુભવવાનું નહોતું જ. આ જીભની કઠોરતા હજુ હું ટાળી ન શક્યો."

આમ તેમણે નાનાંમોટાં બધાંનાં હૃદયમાં પ્રવેશ મેળવ્યો.

પણ એ સાધકને વધુ ક્લેશ આપવો એ મૃત્યુને ઉચિત ન લાગ્યું.

મગનકાકા કેવળ કર્મવીર નહિ પણ કેવળ સાધક જ હતા એમ નીચેના પત્રોથી જ એમની પિછાન કરનારા કહે:

૧

ચિ. પ્રભુદાસ,

તારી સાથે વાત કરવાનું મન મને હતું, પણ મને લાગ્યું કે તને વાતો કરાવવી તેના કરતાં અંતરશોધનનો વખત આપવો એ જ ઠીક છે.

તારો બા પરનો કાગળ વાંચ્યો. મને મારા પશ્ચાત્તાપનો અને પછી પરિતાપનો કાળ યાદ આવ્યો,—મારી મલિનતાના પ્રમાણમાં હશે કે વધારે ઓછો તે પ્રભુ જાણે. પણ મારા તાપની કથાવળી

હું તને કોઈવાર કહીશ. અત્યારે તો એટલું જ કે એ તાપ જ દુખિયાંના આધાર મને અનુભવાયો છે. શુદ્ધ તાપ—સતત તાપ—જ શાંતિદાતા છે. તેમાં પ્રભુનો પેગામ છે. વાસનાનો ત્યાગ કરવા જતાં તે સામી થાય છે. તેની લડાઈથી હારેલા જણાઓ પણ લડતો જ રહેજે. લડવામાંથી જ બળ પેદા થશે, પછી વાસના નિર્બળ થશે, અને ક્યારેક ક્યારેક ઝબકારા મારશે, પણ પછી ઈશ્વર સાનુકૂળ હોય—એટલે કહો કે આપણી જાગૃતિ પૂરેપૂરી હોય તો ઈશ્વરની સાનુકૂળતા જ છે—વાસના દાબવાનું બળ વધતું જશે. ભાઈશ્રી વિનોબાની પાંખમાં છો એટલે મારે લખવાપણું શું હોય! ચિ. કૃષ્ણનું ચરિત્ર વાંચી કેવો આનંદ થાય છે! પૂજ્ય ભાઈ અને બાની ધર્મ-પરાયણતાની તે પ્રસાદી છે.

બાપુ! તને વખત મળે અને શાંતિ હોય ત્યારે તારી કથા લખતો રહેજે. અમે તો તમારા કરતાં ઘણાં—અરે, તમારા કરતાં શાના? તમે તો અમારા બાળપણના સંજોગોનો ખ્યાલ ન કરી શકો એવા. અને વળી તમારાની સાથે સરખાવવા ક્યાં બેસું! પણ પિતાશ્રીના પુણ્યપ્રતાપે બાપુજીના પગમાં રહેવાનું મળ્યું અને જીવનનું નવું રહસ્ય સમજાયું. અને હજી તો જાણે ઘણુંયે સમજવાનું બાકી છે.

તમારો ઉગ્ર તાપ તમને બચાવશે, બાપુ! તેં જેસલ અને તોરલ વાંચ્યું છે? તે કલાપીનું છે. તેમાંથી થોડા રોજ પર મેનાવતી અને ગોપીચંદનો સંવાદ બહેન રાધા અને રૂખીને મેં વંચાવ્યો, અને પછી અશ્રુ ખાળી ન શક્યો. તેં વાંચ્યો હોય તો ફરી વાંચજે. પણ અરે! મેનાવતી કે તોરલ તો સાક્ષાત તમારી પાસે છે. તે તમને વાંચવાનું શું કહું!

અને ચિ. કેશુને વિષે શું? શું તે યજ્ઞશિષ્ટ ખાતો નથી? તેની બુદ્ધિને કળાની મૂર્છા તેને——

(આ કાગળનાં બીજાં પાનાં ખોવાઈ ગયાં છે.)

૨

ચિ. પ્રભુદાસ

તારો કાલનો કાગળ મુ. ભાઇ તથા બા ઉપરનો વાંચ્યો. સોમાભાઇનું પત્તું કાંતિલાલ ઉપર હતું તે પણ વાંચ્યું. તું બહુ ઉકળી રહ્યો છે તે હું જોઉં છું. તારી દશા લગભગ મારા જેવી છે. મારામાં મલિનતા—દુર્વાસના હતી તેથી હું અકળાતો. પથારીમાં સૂતો પણ ઊંઘ આવતી નહિ. કોઇ પિશાચની પેઠે દુર્વાસનાથી હું પીડાતો. જેમ કંપવાયુ થયો હોય અને શરીર કંપે એવી રીતે કંપતો. રોવાનું મન થતું પણ રોવું આવતું નહિ. અને પથારીમાંથી ઊઠી ક્યાંક ચાલ્યા જવાનું મન તો બહુ થતું. પણ હું એક રીતે તે બધું રોકી શક્યો હતો. હું માની લેતો કે સાબરમતી જેલના—કે એવી કોઇ જેલના—'સૉલિટરી સેલ'માં હું પૂરાયો છું. એટલે ખાટલો એ મારું કેદખાનું, અથવા પથારી એ મારું કેદખાનું. ત્યાં હું સ્વેચ્છાથી કેદમાં રહેતો. પછી કોનો આશરો લેવાય? પછી તો સાથી કૃષ્ણ જ હોય. અંતઃકરણ બહેરું કરીને 'કૃષ્ણ' 'કૃષ્ણ' કરવા લાગું. પેલું દુર્વાસનાનું ભૂત માથું ઊંચું કરે કે વધારે વેગથી કૃષ્ણની ધૂનમાં મચું, અને છેવટ થાકીને ઊંઘું. આમ મારી કેટલીયે રાતો વીતી હશે! છોકરાં એક બાજુ ભરનિદ્રામાં પડ્યાં હોય. તમારી કાકી બીજી તરફ થાકીને તથા મારી રાતદિવસની ઉદાસીનતાથી દુઃખી થઇને ઊંઘમાંયે ક્યારેક ક્યારેક નીસાસા નાંખતી હોય. અને હું આમ પાપીની પેઠે તરફડતો હોઉં. આમ એક રાત ભારે કઠણ વીતી તેની સ્મૃતિ મને હજી તાજી છે. તે રાત્રે પથારીમાંથી ઊઠીને ક્યાંક જવાની ભારે ગભરામણ મને છૂટી હતી. બસ કૃષ્ણ એ જ બેલી છે, એમ સુરદાસે ગાયું છે. એ મારો બેલી કેમ નહિ? એ વિચારથી તે રાત્રે મેં કૃષ્ણના નામની અંતઃકરણમાં ધૂન મચાવી. મને ભક્તિ ઉત્પન્ન થઇ નહોતી. હું તો તેના આશરાની ખ્યાતિ સાંભળી અંતઃકરણના પિશાચોને ભૂલી જવા ધૂન મચાવવા લાગ્યો. પછી ક્યારે સૂતો તેનું મને ભાન નહોતું. પણ પરોઢિયે જ્યારે જાગ્રત થવા લાગ્યો ત્યારે જાણે એક શ્યામલ,

આનંદમય, કૃપામય, તારુણ્યની મૂર્તિનું દર્શન મારી મીંચાયેલી આંખોમાં મને થયું. હું હર્ષથી જાણે જાગીને તેને નમસ્કાર કરવા લાગ્યો હોઉં એવું ભાન થયું. ત્યાં જ સાથે ભાન થયું કે એ તો સ્વપ્ન છે. આંખ ઊઘાડવાનું મન થાય નહિ, અને સ્વપ્નનું ભાન થયું કે તુરત મૂર્તિ તો અદૃશ્ય થઇ ગઇ. પણ મને તે વેળાનો આનંદ યાદ છે. હું તેનું વર્ણન કરી શકતો નથી. જ્યારે હું આવી આંતરિક વેદના ભોગવતો હતો ત્યારે હું કોઇ જાતનું પાપ નહોતો કરતો. વિષય છોડયો હતો, પણ તે હજી ભાવતો હતો. ખાસ ભાવતો હતો તેની જ મને પીડા હતી. એ મને સૂઝ્યું, અને તેનો ભાવ દૂર કરવાના પ્રયાસમાં પડયો. મારૂં દુઃખ હળવું થવા લાગ્યું. મારી વિડંબનાઓ, મારી મલિનતાઓ હું બાપુને કહ્યાં કરતો. એ કોચરબની અંદર, પણ સાબરમતી આવ્યા પછી તો તેની સ્મૃતિથી જ હું પીડાતો હતો.

બાપુ ! તું પથારી છોડી ચાલ્યો કેમ ગયો ? તારે માનવું કે તું કેદી છે; બીજાએ પૂરેલો કેદી નહિ પણ સવિનય ભંગ કરનારો કેદી. વિષયની સામે, શરમની સામે તેં બંડ કરીને કેદ સ્વીકારી છે. તારાથી એ કેદમાંથી કેમ ભગાય ? તે કેદમાં તારે આનંદ માનવો જોઇએ. તું ગભરાય, તોપણ તે ગભરામણની સામે પથ્થર થઇને ઊભું રહેવું જોઇએ. એટલું તું કર ને પછી જો, જોઇએ કે તારી ગભરામણ ક્યાં જાય છે. જ્યારે તારામાં મૂંઝવણ ઊભી થાય ત્યારે તારે માનવું કે તું તારી ખાતર જીવતો નથી, તારી આસપાસ બધા છે તેમની સેવા ખાતર જીવે છે. અને પછી ઊંધું ઘાલીને તેમના હિતકાર્યમાં ગુંથાઇ જવું. કામ અને તે બધા ભાઇઓના કામમાં ગુંથાઇ રહેવું. અમુક કામ કરવાનું મન થાય એટલે બસ, તે તો કરીશ જ. એમ કરીને, મન ભલે ગોથાં ખાતા કરતું હોય, શરીરને ઘસડીને તેમાં રોકી દેવું. પછી તું જોજે શાંતિને પામે છે કે નહિ.

તારો ઉકળાટ તે માત્ર હૃદયનું સંશોધન છે. પૂજ્ય બાપુએ શિક્ષકની સભામાં આકરા શબ્દો કહ્યા તેનું દુઃખ તને ખૂંચે છે. એમ

શા માટે? એમાં તો તારૂં અનંત હિત છે. તારામાં ભરાઇ રહેલ મેલને કાઢવાનો તે પ્રસંગ હતો.—— નો દાખલો દીધો તે તું સમજ્યો નહિ?—— કરતાં તારામાં બહુ સાધુતા જોવામાં આવી. એ સાધુતા સાથે તારા બીજા ફેરફાર ભળતા નથી એ તારે કાઢવા રહ્યા. તેને બાણ લાગ્યાં તો ભલે લાગ્યાં, તેનો ભલે નાશ થાય. તું નિર્માની રહી તારા હૃદયમાં ભરાયેલા તે મેલનું તું મરણ થવા દે. સાધુતાનો આગ્રહ પણ દોષિત છે, બાપુ મેલનો ત્યાગ એ બસ છે. તેમાં જ આનંદ છે. તેમાં જ સંતોષ છે. સાધુતાના આગ્રહમાંયે તેના જેવી શાંતિ નથી. એટલે તું જોઇશ કે અપયશ એ તો હૃદયને સાફ કરવાનો અગ્નિ છે. ભેળ થયેલા સુવર્ણને—ભેળને ભસ્મ કરવાનો એ એક જ માર્ગ છે. તું તે અપયશથી કેમ દુઃખી થાય છે? તેને સ્વીકારી લે. તારા નાના ભાઇઓ પાસે તારે શરમાવું શું કરવા? તેમની નિર્દોષતાનો દાસ બનીને રહે, તેમનું પાલન કર, તેઓ કરતા હોય તેવું જ તેમની મદદમાં તેઓ ન જાણે તેમ કર્યાં કર. પૂજ્ય વિનોબા જેથી રાજી થાય તે નહિ પણ તેમના આત્માને જેથી સંતોષ થાય તેવું તે ન જાણે તેમ કર્યાં કર. એટલે કે પૂજ્ય વિનોબાને રાજી રાખવા સારૂ નહિ; પણ તું તારે માટે નથી, અને તારા નાનકડા ભાઇઓને તથા પૂજ્યજનોનાં કાર્યોમાં પૂરણી કરવા જીવે છે એમ સમજીને કર્યાં કર. પછી તેમાંથી તારાથી એક દિવસ જોઇ શકાશે કે એ બધું આત્માનંદ આપનારૂં છે. અને તે તને શાંતિ આપશે.

ભાઇ! આ જે આત્માનંદ વિષે મેં લખ્યું તે મેં પ્રાપ્ત કર્યો છે એવું માનીશ મા. મારી અકળામણમાં મેં જેવી રીતે ક્યારેક ક્યારેક આશ્વાસન મેળવેલ છે તેની એ કથા છે. જે દુખિયા હોય તે બીજા દુખિયાના દિલાસાનું સાધન ઘણીવાર થાય છે, તેમ મારૂં તારે વિષે છે. મારા જેવો હજી કુટુંબમાળમાં ફસાયેલો, જાતજાતની સગવડ ભોગવનારો, સૂક્ષ્મ વિષયોના ફાંસામાંથી ઊગરવાને તરફડિયાં મારી રહેનારો આત્માનંદની વાતો કરે, ત્યારે કોઇ ભિખારીને ભીખમાં એક દિવસ સાકર મળી હોય તેના સ્વાદની

ચાદ્રી રાખી તેની મનની વાત બીજા ભિખારીને કરતો હોય તેના જેવી સમજવી.

વધુ શું લખું ? પ્રાતઃકાળે પ્રાર્થનામાંથી આવી શુષ્ક મને કૃષ્ણ-સ્મરણ કરીને તુરત આ લખવા બેઠો, અને હવે દૂધ પી સાળના ડેલામાં જવાનો વખત થવા આવ્યો એટલે બંધ કરું છું; અને આ છેલ્લા ત્રણ શબ્દો લખ્યા ત્યાં કાકીએ — બાએ — મને દૂધ પીવાની હાક મારી એટલે ઊઠું છું. બપોરે તને લખવા બેસત તો નિરાંતે નહિ લખી શકત. આપણે કાકા ભત્રીજાની સગાઇને બદલે પ્રમાથી મનની સામે સવિનય ભંગ કરવાનો પ્રયત્ન કરનારા જેલભાઇઓ છીએ એ સગપણ હવે ગણજે.

લિ. કાકાની આશિષ

નીચેના પત્તામાં વિશેષ નથી, છતાં મગનકાકાના કામ, કામ અને કામના ગર્ભમાં શું ભર્યું હતું તે દેખાય છે :

૩

સુરત સ્ટેશને, મુંબઇ જતાં,
શનિવાર સાંજે ૮ા વાગ્યે.

ચિ. પ્રભુદાસ,

તમારું કામ ગોઠવાતું જતું હશે. તમે મને વિનોબાનો કાગળ વંચાવ્યો તે વાંચીને મને જે વિચારો આવ્યા તે જણાવું છું. તેમનું લખવું પહેલેથી છેલ્લે સુધી મને ગમ્યું. તેમના કાગળમાં સાધારણ રીતે અતિશયતા હોવાનો મને આભાસ હોય જ એમ મને ભાસ રહે, પણ આ કાગળમાં તેમ નહોતું. તેમનો શુદ્ધ વિવેક (વિવેકશક્તિ) તેમાં દેખાઇ આવતો હતો. તમે એકાંતપ્રિય હોવાનું કંઇ લખેલું હશે તેના જવાબમાં તેમણે જે લખ્યું છે તે તરફ તમારું ધ્યાન ખેંચું છું. તમે નિજાનંદમાં કંઇ પણ અંશે રહી શકો તો ભારે ગીરદીમાં પણ એકાંત ભોગવી શકો. એકાંતવાસ ખરો તો તે જ છે.

તમે લાંબા કાગળ લખો તેમાં અતિશયતા ન થાય એ સંભાળજો.

× × ×

અત્યારે તો હું વધારે નથી લખી શકતો.

× × ×

લિ. કાકાની આશિષ

એમ એકાદ બે દિવસના ઉપવાસ તો મગનકાકા હાલતાં ચાલતાં કરતા. સરપ મારવો પડે કે હડકાયું કૂતરૂં મારવું પડે તેને બીજે દિવસે નંકોરડો ઉપવાસ હોય, અને અન્યને ખાતર પ્રાયશ્ચિત્ત માટે ત્રણ ત્રણ દિવસના ઉપવાસો પણ તેમણે કરેલા; પણ તે બધા નિત્યકર્મ સાથે વણાઇ ગયા જેવા. છેવટના ભાગમાં સાત દિવસના ઉપવાસ તેમણે લીધા ત્યારે અમને એ અસાધારણ લાગ્યું. એ ઉપવાસમાંથી ઊઠ્યા પછી નીચેનો પત્ર લખ્યો છે, એમાં મહાપ્રસ્થાનના ભાતાનીયે વાત લખી છે:

૪

ચિ. પ્રભુદાસ,

તમારો કાગળ ગઇ કાલે મળ્યો. અત્યારે તે બા પાસે હશે એટલે કઇ તારીખનો તે યાદ નથી. પણ આ વખતનો મારા પરનો તમારો એ પહેલો જ પત્ર છે એટલે તારીખની જરૂર નથી.

આજે આહારનો ત્રીજો દિવસ શરૂ થાય છે. દૂધ અને સૂકો પલાળેલો મેવો ચાલે છે. શરીર અને મન ઠીક હળવાં લાગે છે. આ રસનો સ્વાદ ચાખવા જેવો હતો એમ લાગે છે. ઉપવાસનું કારણ છાનું નથી, એ 'આશ્રમ સમાચાર'થી જાણશો. ઉપવાસ દરમ્યાનની સ્થિતિ વિષે હવે પછીના 'આશ્રમ સમાચાર'થી જાણશો. ઊતાવળને રોકવી

પડશે. તમારે ક્ષમા માગવાની જરૂર ન હોય. મેં જોઇ લીધું હતું કે તમારી શ્રદ્ધા મારે વિષે નથી. એ શ્રદ્ધા કેળવવાનો મેં પ્રયત્ન ન કર્યો તેથી તમને લાગ્યું હોય કે મેં તમને ખસતા મૂકયા. મારી અંતર્મુખતાને સ્વચ્છ કરવામાં મારો અવકાશનો સમય હું રોકતો. એટલે કોઇને દોષ દેવાનું કે તેના વર્તનથી બળવાનું બહુ ઓછું કરતો જતો હતો. તમારે વિષે એટલું તો મનમાં હતું જ કે જે કરતા હશો તે સારી નિષ્ઠાથી કરતા હશો, તેમાં ભૂલ થશે તોપણ ફિકર નહિ. અને મારૂં જલદપણું જો સાફ કરી નાંખી શકયો હોત તો વળી તમને કહેવાનું મન થાત ત્યારે કહેત પણ ખરો. પણ મોંમાં આંગળી ન આવે ત્યાં સુધી હું બોલવાનું બંધ રાખવાનો પ્રયત્ન કરી રહ્યો છું. મારી ઉમેદ છે કે મરતાં પહેલાં મારૂં જલદપણું જો સાવ ગયું નહિ હોય તો નામમાત્ર જ રહ્યું હશે. કેટલોક કાંટો તો સ્વાભાવિક હોય છે અને તે અનિવાર્ય અને ઇષ્ટ હોય છે. તમે કંઇક વસ્તુ બચાવવાને મારો વિરોધ કરતા હતા એમ લખ્યું તે હું સમજ્યો નથી. જે વસ્તુ બચાવવા જેવી હોય તે હું જાણું તો હું સહકાર કરૂં. તમારે વિરોધ કરવાની જરૂર ન હોય. પણ ઘણીવાર બચાવવા જનાર બગાડે છે એવું બને છે. અને ત્યાં પુખ્તપણા અને બાળકપણાનો તફાવત કળી શકાય છે. બાળકપણું એ પુખ્તપણાનું પગથિયું છે તેથી તે અનાદરયોગ્ય નથી, સાંખવા યોગ્ય છે.

કાલે થોડાક કામે ચઢયો હતો. આજે વિશેષ. એટલે હવે તૈયારીમાં છું. તમને કાગળો લખવાનું ઘણુંયે ગમે, પણ ન લખી શકું તે તમે સમજો છો. તમે તો અનુકૂળતાએ લખશો જ.

શ્રી. કાકાસાહેબની તબિયતના સમાચારથી વાકેફ રહું છું તેમને મારા પ્રણામ કહેશો. ચિ. બાળ મજામાં હશે.

અહીં ચિ. રાધા, રૂખી, કૃષ્ણ, પરશુ, કેશુ મજામાં છે. પૂ. બાપુની હાજરી તેમને આશીર્વાદરૂપ છે.

લિ. મગનકાકાની આશિષ

એમના છેલ્લા પત્રમાં તેમણે એક વાક્ય આ પ્રમાણે લખેલું:

"તમે પોતાની તબિયત વિષે વિગતથી લખ્યું તે વાંચી સંતોષ થયો. હું કે બા ગિજુભાઇ જેવા શિક્ષક નથી, અને તમારી તબિયત વિષે નિર્ભય નથી રહી શકતા એ સાચું છે. તમે અનેકવાર તબિયત બગાડી બેઠા છો એટલે હવે સંપૂર્ણ વિશ્વાસ શી રીતે મૂકાય? અને કામના વેગમાં મારા જેવા અને બાપુ જેવા **પણ** ઘસડાઇ જાય છે, ત્યાં તમારો દોષ શો કાઢવો? ગિજુભાઇ બાળકોને કાચનાં વાસણ ફોડવા આપી શકે, પણ આ દેહની જાત તો કાચથીયે કાંકણ છે. ક્યારે અને કેમ નંદવાઇ જાય છે એનો પત્તોયે નથી લાગતો. એટલે અમે વડીલો તમને જે સાવચેતી આપીએ તે તમારે ધીરજથી ગ્રહણ કરવી જોઇએ, અને અમને નિશ્ચિંત કરવા ખાતર તમે જે લખો છો તે વાંચી અમેયે સંતોષ માનીએ."

મને ખબર નહોતી કે આ પત્ર છેલ્લો જ થવાનો છે, 'દેહ કાચથીયે કાંકણ છે' એનો સાક્ષાત્કાર પોતે કરાવવાના છે. હું તો જાગ્રત સ્વપ્નામાં વિહરતો હતો "હમણાં મગનકાકા આવશે અને બેક મહિના સાથે રહેવાનું મળશે. ફીનિક્સ પછી કદી નિરાંતે એમની સોડમાં નથી બેઠો તે હવે મહિનો માસ બેસવાનું મળશે." પણ વરસાદની લીલાલહેરમાં નાચવા લાગનાર બાળકને આભમાંની વીજળીનો ખ્યાલ ક્યાંથી હોય?

મગનકાકા જતાં મારા પિતામહે એક નીસાસામાં તેમનું આખું જીવન ખડું કરી દીધું: "મગન જીવતાં લાખનો હતો, અને મરતાં સવા લાખનો તો શું પણ એથી વધુ—અમૂલ થયો. તેનો શોક શો કરવો?"

ફીનિક્સમાં મગનકાકાએ ઘણા પ્રયત્ને શીખવેલું એક રાષ્ટ્રગીત યાદ આવે છે:

જીવે શું હિંદમાં એવા, કો મૂઢાત્મા હરામી;
ન બોલ્યા મુખ મારો દેશ, આ મુજ માતૃભૂમિ—જીવે શું૦
જેના મૃત્યુ પાછળે, કોઇ ન રડતી આંખ,
જીભ ન ગાતી નામને, તે પથ્થરવત ભૂભાર. ઇત્યાદિ.

એ ગવરાવતી વખતે તેઓ અમને મૂઢતા સામે પ્રચંડ વિગ્રહ કરવા પ્રેરતા. પણ તેમને મરતાં સુધી સ્વપ્નેય ખ્યાલ નહિ હોય કે પોતાના મૃત્યુ પાછળ આખું હિંદ આક્રંદ કરવાનું છે!

ઉપનિષદના જે શ્લોકો ગાઇ તેઓ અનેક પરોઢિયે સ્વસ્થ થતા તે આપણે પણ ગાઇએ:

अग्निर्यथैको भुवनं प्रविष्टो
रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा
रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥

वायुर्यथैको भुवनं प्रविष्टो
रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा
रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥

सूर्यो यथा सर्वलोकस्य चक्षु
र्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।
एकस्तथा सर्वभूतान्तरात्मा
न लिप्यते लोकदुःखेन बाह्यः ॥

एको वशी सर्वभूतान्तरात्मा
एकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा
स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥

नित्योऽनित्यानां चेतनश्चेतनां
एको बहूनां यो विदधाति कामान् ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा
स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥

પ્રભુદાસ છગનલાલ ગાંધી

પૂજ્ય મગનલાલભાઈ

મગનલાલભાઈને બોલાવી લેવામાં ઈશ્વરનો હેતુ શો હશે તે આપણે જાણી શકવાના નથી. પણ કોઈ શુભ હેતુ હોવો જ જોઈએ એટલું નક્કી સમજવું.

આ વખતે બંગાળ જતાં રસ્તામાં તેઓ એક દિવસ વર્ધા ઊતર્યા હતા. મારી અને એમની એ છેવટની મુલાકાત નીવડી. પણ 'છેવટની મુલાકાત' એ શબ્દો દેહદૃષ્ટિએ વાત કરીએ તો; તેમના આત્મા સાથે તો હવે નિરંતર મેળાપ થતો રહેશે જ એ વિષે મને શંકા નથી. બંગાળની મુસાફરીમાં મારે તેમની સાથે જવું એવી તેમણે મને સૂચના કરી હતી. આવી રીતની સુચના ઘણુંખરૂં તેઓ કરતા નહિ, પણ આ વેળા તેમણે એ સુચના કરેલી, પણ મને જવાનું ન સૂઝયું. આજે એમ થાય છે કે ગયો હોત તો છેવટની કંઈક સેવા કરવા પામ્યો હોત. પણ ઈશ્વરની ઇચ્છા હતી તેમ થયું.

એમ તો મગનલાલભાઈએ પોતાના શરીરની સેવા ભાગ્યે જ કોઈની પાસે કરાવી છે. અને તેમને શરીરની પરવા પણ નહોતી. જે તત્ત્વોનો અમલ કરવાને સારૂ તેઓ રાતદિવસ મથતા હતા તે તત્ત્વોનું આચરણ કરીએ તો તે સેવા જરૂર તેમને પહોંચે એમ છે. ઈશ્વરને મારી એ જ પ્રાર્થના છે કે તેમની એવી સેવા કરવાનું સામર્થ્ય મને આપે.

મગનલાલભાઈના જીવનની મારા હૃદય પર થયેલી અસર અક્ષય છે. તેમનો મને હમેશાં એક જાતનો પાવક ધાક લાગ્યા કરતો. એમના મારા પર અનંત ઉપકારો થયા છે, અને તે કદી ફેડી શકાય એવા નથી.

મગનલાલભાઈનો સ્વભાવ નાળિયેરના જેવો હતો — ઉપરથી જોતાં કઠોર પણ અંતર બહુ પ્રેમાળ. આવા બન્યા વિના સાધકના ભુક્કેભુક્કા થઈ જાય. નાળિયેર જો ઉપરથી કઠણ ન હોય તો જલદી કોહી જાય. બહારના વાતાવરણની પ્રતિકૂળ અસર ન થાય એ સારૂ વૈરાગ્યના કઠોર કવચની અત્યંત જરૂર રહે છે, અને એ અંતરમાં પ્રેમ ભરપૂર ભર્યો હોવો જોઈએ. આમ થાય ત્યારે સાધનામાં ખરી મજા આવે છે. પ્રેમાળ માણસો વૈરાગ્ય વિનાના હોવાથી સંસારમાં તણાઈ ગયા જાણ્યા છે. એવા દાખલા મારી આંખ આગળ તર્યા કરે છે. મંગલ કાર્યોમાં નાળિયેરની પૂજા કરવાનો હિન્દુઓમાં રિવાજ છે. કઠોર વ્રતના કવચથી પ્રેમાળપણું રક્ષાયેલું હોય તો જ મંગલ કાર્યો પાર પડે છે, એ એનું રહસ્ય છે. મગનલાલભાઈનું જીવન મંગલ નીવડ્યાનું કારણ એમનો નાળિયેર જેવો સ્વભાવ.

પણ આવા મૃદુ-કઠોર સ્વભાવને કારણે ઘણા લોકો સાધકોને વિષે ગેરસમજ કરી લે છે. અને તેથી સાધકોને સહેવું પણ ખૂબ પડે છે. પણ એમાં સાધકોને કશું નુકસાન નથી. ગેરવર્તણૂક સિવાય બીજા કોઇ કારણે થયેલી ગેરસમજ સાધનાના રોપાને ખાતર જેવી પોષક થઇ પડે છે. મગનલાલભાઇનું પણ એમ જ થયેલું. તેમને વિષે અનેક લોકોની ગેરસમજુત થયેલી, અને તેને પરિણામે તેમણે આત્મપરીક્ષા વધારે ઊંડી કરી.

પણ મારે સારે નશીબે તેમને વિષે મારા મનમાં કદી ગેરસમજ પેદા થઇ નથી. અને કોઇવાર તેમની સાથે મતભેદ થયેલો તો ત્યાં પણ તેમનું કહ્યું કરવાનું જ ઠીક લાગેલું. તેમની કઠોર વૃત્તિનો મને અંગત અનુભવ થયો નથી. મારે ભાગ તો તેમનો પ્રેમ જ આવેલો. એક માણસને બીજા પર જેટલો પ્રેમ હોઇ શકે તેટલો તેમનો પ્રેમ મારા પર હતો.

બ્રહ્મચર્ય વિષે તેમને આત્યંતિક અનુરાગ હતો. એ વિષય પર મારે એમની સાથે ઘણી વાતો થતી. આત્મદર્શનની આડે આવનારી વસ્તુઓ વિષે વાતો કરતાં પોતાને થયેલા ગૃહસ્થાશ્રમના સ્પર્શને માટે તે બહુ દિલગીર થતા. એને તે 'દુર્વર્તન' કહેતા. ખરૂં જોતાં તો તેમનું ગૃહસ્થજીવન બહુ અલ્પકાળનું અને સંયમયુક્ત હતું. એ ગૃહસ્થજીવનને શાસ્ત્રકારોએ નિંદ્ય માન્યું નથી. પણ પરમાર્થને માર્ગે પડેલા માણસને પુણ્ય પણ પાપરૂપ જ લાગે છે. સોનાની બેડી અને લોખંડની બેડી એમાં ફેર કયો રહ્યો? એટલે જ પૂર્વવયના એમના ગૃહસ્થાશ્રમને સારૂ એમને દુઃખ જ

થતું. થવાનું થઇ ગયું. તેનો ઉપાય નહોતો. પણ અતિ ઉત્કંટ ભાવનાથી પૂર્વકર્મ બળીને ખાખ થાય છે એ વાત જો ખરી હોય તો મગનલાલભાઇના પૂર્વવયનો ગૃહસ્થાશ્રમ બળી ગયો છે એમાં શક નથી, એમ મને લાગે છે.

તુલસીદાસે સાધુચરિતને પવિત્ર કપાસની ઉપમા આપી છે, અને તે તુલસીદાસનું વચન મગનલાલભાઇએ 'વણાટ-શાસ્ત્ર'માં ઊતાર્યું છે. એટલે કે મગનલાલભાઇએ કપાસને સાધુચરિતની ઉપમા આપી છે. આ ઉપરથી ખાદીકાર્ય તરફ તેઓ કેવી પરમાર્થની ભાવનાથી જોતા તે જણાઇ આવે છે. ખાદીકાર્ય તેમને મન એક ઉપાસનારૂપ હતું. ભાવના હોય તો કર્મ ઉપાસના બની જાય છે, તેથી ઉલટું ભાવના ન હોય તો ઉપાસના લૂખી કર્મઠતા જેવી બની જાય છે. સ્વકર્મરૂપ પુષ્પોથી ઇશ્વરની પૂજા કરવાનો ગીતાનો ઉપદેશ મગનલાલભાઇએ આચારમાં ઊતાર્યો હતો.

અભ્યાસને માટે એમને બહુ વખત નહોતો રહેતો. પણ તેઓ આવા સતત ઉદ્યોગમાંથી પણ થોડો વખત કાઢતા. ગીતાના તેઓ ભક્ત હતા. તુલસીરામાયણ પણ વખતોવખત વાંચતા, રામાયણમાં ભરત અને હનુમાન તેમને ખૂબ ગમતા. પણ તેમાંયે હનુમાન પર એમનો અનુરાગ વધારે. રામાયણમાં જે હનુમાનનું સ્થાન છે તે ગાંધીજીના જીવનમાં મગનલાલભાઇનું છે. ઉપનિષદના કેટલાક મંત્રો તેમણે પાઠ કરી રાખ્યા હતા. તેમનું તે ઘણીવાર મનન કરતા. તુકારામ મહારાજનાં કેટલાંક

અભંગો તેમણે મારી પાસે ઊતરાવી લીધાં હતાં. તે તેમને બહુ મધુર લાગતાં.

' जेथें जातों तेथें तूं माझा सांगाती '

એ અભંગ ગાતાં ગાતાં તેઓ તલ્લીન થઇ જતા.

હિંદુસ્તાન એ સંતોની ભૂમિ છે, એ ભૂમિમાં અનાદિ કાળથી સંતો પાકતા આવ્યા છે. આજના આપણા પતિત કાળમાં પણ માતાએ હજી પોતાનું બિરદ છોડયું નથી. હજી પણ ' जगाचा कल्याणा संतांचा विभूति ' તે નિર્માણ કર્યે જાય છે.

આવી ' संतांचा विभूति 'માં મગનલાલભાઇને ગણવામાં મને જરા સંકોચ થતો નથી.

વધારે શું લખું? સંતોના ચરણો પર માથું મૂકીને સમાપ્ત કરૂં છું.

વિનોબા

વજ્રાઘાત

સદ્‌ગત મગનલાલભાઇ આશ્રમમાંથી આ મહિનાની પહેલીએ ગયા ત્યારે કોણે જાણ્યું હતું કે તેઓ હમેશને માટે વિદાય લે છે? તેઓ ગયા તે દિવસે ઠીક ઠીક વાતો કરી ગયા હતા તે જાણે એક મીઠા સ્મરણારૂપે રહી ગઈ. કલકત્તા પહોંચ્યા ત્યાં તો તેમના મોટાભાઈ છગનલાલ ગાંધીની ગંભીર માંદગીના તેમને સમાચાર મળ્યા. તુરત ત્યાં દોડ્યા, મોટાભાઇની ખૂબ માવજત કરી તેમને સાજા કર્યા, પછી કલકત્તાની ચરખાસંઘની કાઉન્સિલની બેઠક હતી તે પૂરી કરી, અને ત્યાંથી રાધાબહેનને મળી, અલ્લાહાબાદમાં એક ખાદીસેવકનું કામ જોઈ આલમોડામાં ભાઇ પ્રભુદાસ ગાંધી ખાદીનું કામ કરે છે તે જોવા જવાના હતા. ત્યાં રસ્તામાં જ ૧૪મીએ માંદા પડ્યા. પટણામાં શંભુશરણ વર્મા એડવોકેટ (બાબુ રાજેન્દ્રપ્રસાદ અને વ્રજકિશોરપ્રસાદના સંબંધી અને મિત્ર)ને

ાં જ ખાટલો લીધો. માંદગી ગંભીર છે એમ બીજે જ
વસે દાક્તરે નિદાન આપ્યું. ચિ. રાધાબહેનને તો
લાવવામાં આવી. વીર પિતાની વીર પુત્રીએ આશ્રમમાં
ઇને ભડકામણા તારો ન કર્યા, કોઇને ન બોલાવ્યા, ત્યાંની
તમ સારવારના જ પત્રમાં ઉલ્લેખ કર્યા, પણ શ્રી. વ્રજકિશોર
ાબુ જેઓ પોતાની માંદગી છતાં મગનલાલભાઇની સોડમાં
ઇને બેઠા હતા તેઓ રોજ ખબર આપતા. ત્યાં પ્રેમભરી
ારવારની તો મણા જ શી હોય? મૂળ તો બિહાર, અને
માં મગનલાલભાઇની સેવા કરવાની. તે તો સૌ કોઇ લહાવો
મજે. પણ કોઇનો પ્રેમ અને સેવા કારગત ન આવ્યાં.
હેલો તાર આવ્યો: 'ન્યુમોનિયા છે, આંતરડાં પણ સૂજેલાં
.' બીજો તાર આવ્યો: 'સહેજ સંનિપાત છે, નાડી
ને શ્વાસ સારાં છે.' ત્રીજો તાર આવ્યો: 'સંનિપાત નથી,
ણ હેડકી છે.' ચોથો તાર આવ્યો: 'હેડકી ત્રાસ આપે
, બાકી તાવ ઊતરી રહ્યો છે.' બધાં બીહામણાં ચિહ્નો
તાં અમે છેલ્લા તારથી છેતરાયા, આશા રાખીને બેઠા. પણ
જ રાત્રે બીજા બે તારો આવ્યા, અને અમે હાથ ધસ્યા.
ઠમીની સવારે તો વજ્રાઘાતનો તાર આવી પહોંચ્યો.

અંતિમ સમયનું વર્ણન તેમની સેવામાં હાજર રહેનાર
થુરાપ્રસાદજી આપે છે:

"મગનલાલજીની અંતિમ સેવામાં જોડાવાનો અવસર મને પ્રાપ્ત
યો હતો. આખરને દિવસે સંધ્યાથી પ્રાતઃકાળ સુધી જીવન અને
ત્યુની વચ્ચે સંગ્રામ રહ્યો. પ્રાતઃ સૂર્યોદય થયો કે તરત રોગજનિત
ષ્ટોનો અંત થયો અને મગનલાલભાઇનો આત્મા પરલોકવાસી થયો.
ખની મુદ્રા અતિશય શાંતિમય હતી. દુઃખનાં ચિહ્નમાત્રનો નાશ

થયો હતો, કારણ રામનામનો ઉચ્ચાર તો સતત ચાલુ હતો. અંત-સમયે રાધાબહેને

'દયામય મંગલ મંદિર ખોલો'

ગાયું, અને દરેક સેવા સુશ્રૂષા કરવાવાળાઓએ એમાં સાથ દીધો. સ્વર્ગીય દૃશ્ય હતું. આમ એમને અમે વિદાય દીધી. વ્રજકિશોર બાબુ પોતે પોતાના રોગથી પીડિત બિછાનામાંથી ભાગ્યે જ ઊઠી શકે એવા. પણ આ મહાવિપત્તિ સમયે તેઓ સાહસ કરીને હરવાફરવા લાગ્યા હતા. અંત્યેષ્ટિ સંસ્કાર પણ તેમણે જ કરવાનો આગ્રહ કર્યો, હઠ ધરી. પણ મિત્રોએ તેમને વાર્યા, કારણ ગંગા સુધી જવું અને સ્નાન કરવું એ તેમને માટે વિપત્તિ વહોરવા જેવું હતું. એટલે અનુગ્રહ બાબુએ એ સંસ્કાર કર્યો."

આ ધન્ય મૃત્યુ નહિ તો બીજું શું? ખાદીના અનન્ય ભક્તની સેવા કરનાર પણ બધા ખાદીભક્તો જ હતા, અને સૌનો પ્રેમ પણ ખાદી જેવો શુદ્ધ હતો. એ વાતાવરણમાં વળી પરલોકમાં જનાર આત્માનું રામધૂનમાં લીન થવું એ દિવ્ય નહિ તો બીજું શું દિવ્ય હોતું હશે? મરણને પણ આવે સ્થાને જતાં મગરૂરી જ થતી હશે ના?

ગાંધીજીનો મૌનવાર હતો. અણધાર્યા સંજોગોમાં કોઇની સેવા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય અને બોલ્યા વિના ન ચાલે તો મૌન તોડવાનો અપવાદ સુભાગ્યે આ વ્રતમાં છે. ગાંધીજી તુરત મગનલાલભાઇને ઘેર જઈ બાળકોને સોડમાં લઈ બેઠા. આશ્રમ આખું ખબર પહોંચતાં હાંફળુંફાંફળું વીંટળાઈ વળ્યું. 'બધાને ભેગા થવાની જરૂર નથી, જે કામ ચાલે છે તે કામ બંધ પાડવાની જરૂર નથી,'—એ આજ્ઞા થઇ. ભડ કર્મવીરના

અવસાનનો શોક કર્મ કરીને જ મનાવાય ના! વણાટશાળા, શાળા બંધ કરવાનું ઘણાને મન થયું, પણ કોની હિંમત ચાલે?

મગનલાલભાઇનાં ધર્મપત્ની સંતોકબહેને જેમતેમ શોક દબાવ્યો. બાપુ ઘરમાં બેઠા હોય ત્યારે શોકનું પ્રદર્શન કેમ કરાય? 'મગનલાલ હોત તો આવે પ્રસંગે શું કરત?' એમ જ ગાંધીજી કહેતા રહ્યા. મગનલાલભાઇના પુત્ર તો મારા જેવા મોટા કરતાં પણ ઘણી હિંમત બતાવી. સાયંકાળે હમેશની જેમ પ્રાર્થના વખતે સૌ ભેગાં થયાં. પંડિતજીએ ધીર ગંભીર સૂરે ગાયું:

'અબ હમ અમર ભયે ન મરેંગે.'

ઊજળો યશ લઇને અમરત્વને પામનાર મગનલાલભાઇ વિષે એ ભજન અતિશય ઉચિત હતું, પણ તેમના વિના અપંગ લાગતા અમને આશ્વાસન કોણ આપે? કુળના દીવારૂપ મોટો દીકરો હોલાઈ જાય, અને બાપ બીજાં છોકરાંને સોડમાં લઈ, પોતાની છાતી કઠણ કરી, આશ્વાસન આપે તેમ ગાંધીજીએ પ્રાર્થના પછી આશ્વાસન આપ્યું. ચોવીસ ચોવીસ વર્ષના સંબંધ ક્રૂર કાળે તોડયા, જિંદગીમાં કદી ન લાગેલો એવો કારી ઘા લાગ્યો, છતાં છાતી કઠણ કરી વિયોગવેદના હલકી કરવાની ખાતર જ જાણે ગાંધીજીએ કેટલાક ઉદ્દગારો કાઢયા. એ ઉદ્દગારો અહીં આપ્યા જાય એમ નથી. "આશ્રમનો પ્રાણ એ હતો, હું નથી." "એના તેજે હું પ્રકાશ્યો." "તમારો આદર્શ મગનલાલ હતો, મારો આદર્શ પણ એ હતો. એના જેવો મને સરદાર મળ્યો હોત તો એણે મારી જેટલી સેવા કરી તેટલી મારાથી

એની ન થાત. એનું જીવન સંપૂર્ણ હતું. આશ્રમનો પ્રાણ એ હતો. મેં તો રખડચા કીધું અને આશ્રમને બેવફા રહ્યો. એણે આશ્રમની સેવામાં કાયા નીચોવી નાંખી." "હું મીરાંબાઇની જેમ ઝેરના પ્યાલા પી શકું એમ છું, સરપ કોઇ મારે ગળે વીંટાળે તો તે સહન કરી શકું એમ છું, પણ આ વિયોગ એ કરતાં વધારે આકરો છે. છતાં છાતી કઠણ કરી એનું ગુણકીર્તન કરી એની મૂર્તિને મેં ત્યાં સ્થાપી રાખી છે."

આ ઉદ્‌ગારો જાણે ચિરકાલ સુધી સ્મૃતિમાં જાગતા જ રહેશે. તે દિવસના ગાંભીર્યમાં નાનાં બાળકો પણ ગંભીર બન્યાં હતાં. ૧૨ વર્ષમાં કદી ન વર્તેલી એટલી નિઃશબ્દતા વર્તી રહી હતી. એ નિઃશબ્દતાએ એ વચનો સાચવી રાખવાને માટે પોતાના ખોળામાં ઝીલી લીધાં,— જ્યારે જરૂર હોય ત્યારે નિઃશબ્દ થઇને જે સાંભળે તેને ફરીવાર સંભળાવવાની ખાતર જાણે!

મહાદેવ હરિભાઇ દેશાઈ

અપ્રતિમ સાધક

મારું દુઃખ

ગયા સોમવારે સવારે જ્યારે મગનલાલભાઈની આશા છોડચાના તાર આવ્યા અને ઘડીક પછી અવસાનના તાર આવ્યા, ત્યારે ગાંધીજી છાતી વજ્રથીયે કઠણ કરી તે ઉપર વજ્રઘાત ઝીલી ગં. સ્વ. સંતોકબહેન અને મગનલાલભાઈની નાની પુત્રી રૂખીને સોડમાં લઈને બેસી ગયા. મગનલાલભાઈના વૃદ્ધ પિતાશ્રીને તાર કર્યો: 'તમને એ દીકરો જેટલો વહાલો હતો તેથીયે મને અદકો હતો. શોક ન કરશો, એનું મૃત્યુ ધન્ય હતું.' ગં. સ્વ. સંતોકબહેનને મોઢે તો શું કહે? પણ ત્યાં જ બેસીને લખેલા 'યંગ ઇંડિયા'ના લેખમાં તેમણે લખ્યું: 'આ લખું છું ત્યાં પોતાના પ્રિયતમના વિયોગથી ઘવાયેલી વિધવાનાં ડુસકાં સંભળાય છે. એને બાપડીને શી ખબર હોય કે એના કરતાં મારું વૈધવ્ય આકરું છે!'

આમ જ્યાં બધાં દુઃખમાં ડૂબેલાં છે. અને કોનું દુઃખ કોનાથી વધારે એ કહેવું મુશ્કેલ છે ત્યાં મારું દુઃખ હું શું રડું? પાંચ વર્ષ ઉપર પિતાને ખોઈને જેટલું દુઃખ થયું

હતું તેથીયે અદકું દુઃખ આજે અનુભવું છું એમ કહું તો કોઈ વધારે પડતું ન માને. પિતાના વિયોગનું દુઃખ ગાંધીજીની સમીપતાને લીધે ભૂલ્યો. પિતાની હૂંફ આપે એવા વડીલ બંધુના વિયોગનું દુઃખ કઈ રીતે ભૂલીશ? દશ વર્ષો થયાં ગાંધીજી હિંદુસ્તાનમાં પ્રવાસ કરે છે તે જો મગનલાલભાઇ તેમની ગાદી આશ્રમમાં ન સાચવતા હોત તો બની શકત ખરૂં? પોતે ઇચ્છે તેવી રીતે આશ્રમ ચાલતું હશે એવા વિશ્વાસથી તેઓ નિશ્ચિંત થઇને ફરતા હતા. પણ મને તો એ દશ વર્ષોમાં આશ્રમ કેમ ચાલે છે, ક્યાં ચાલે છે, એનો જાણે વિચાર સરખોયે આવ્યો નથી. આજે તેમના જતાં જાણે આભ તૂટી પડ્યું હોય અને ચોમેર અંધકાર વ્યાપેલો હોય એમ ભાસે છે. મારૂં દુઃખ હું કોને કહું?

થોડા જ દહાડા ઉપર જ્યારે તેઓ કલકત્તા ગયા ત્યારે મારી સાથે ઘણી વાતો કરેલી, ઘણાં સ્વપ્નાં જોયેલાં. ગાંધીજીના વિલાયત જવાની વાત નીકળતાં પોતાની અજબ આત્મશ્રદ્ધાથી કહેઃ 'અહીંઆં તો બધું જોઈ લઇશું. જમનાલાલજી છે એટલે પરદેશી કાપડનો બહિષ્કાર ઉગ્ર સ્વરૂપ પકડે તોપણ અમને તેને પહોંચી વળવું મુશ્કેલ ન પડે. બાપુને જરૂર જવા દેવા જોઇએ. હું તો રાજાજીને આગ્રહ કરીશ કે તેઓ રજા આપે.' ૧૧મીના કાગળમાં પોતે સંસ્થાઓ જોયેલી તેનું આશ્રમમાં આવીને વર્ણન આપવાની વાત કરે છે. પણ એ કાગળ લખ્યા પછી એ જ દિવસમાં જીવલેણ તાવમાં સપડાવાના હતા એની કોને ખબર હતી?

છતાં જાણે જીવનલીલા સમાપ્ત થઇ જાય તો સારૂં એવા ભણકારો એમના કાગળોમાં કેટલોક સમય થયાં સંભળાતા હતા. જ્યારે આશ્રમ સ્થપાયો ત્યારે અને ત્યાર પછીનાં સાત આઠ વર્ષો સુધી તેમનું લોખંડ જેવું શરીર અને તેમની તેજથી તરવરતી આંખો, તેમની 'ઝિંદાદિલી' જણાવતી—પોતાનું નિષ્કામ પુરુષાર્થી જીવન જીવવામાં તેમને ભારે રસ આવતો હોય એમ સૌ કોઈને લાગતું. છેલ્લાં બેત્રણ વર્ષોમાં આશ્રમનો વ્યાપ વધ્યો, અનેક મનોહરણ કરવાનાં વધ્યાં, અનેક પ્રશ્નો વધ્યા. કદી ન ઉપાડાય એવડો બોજો એમના ઉપર નંખાયો. એ બોજો ઉપાડવાનો પણ પ્રયત્ન તો એમનો દિનરાત ચાલતો જ હતો. એ બોજો ઉપાડવાની શક્તિ—આત્મિક શક્તિ—મેળવવાનો પ્રયાસ નિરંતર ચાલુ જ હતો. એક કાળે તો શરીર કસવાનો પણ તેઓ ખ્યાલ રાખતા. આ છેલ્લાં વર્ષોમાં શરીર કસવાનો વિચાર કરવાની તેમને ફુરસદ નહોતી, દરકાર નહોતી. 'મારામાં વધારે વધારે સહનશીલતા કેમ આવે, હું ગમે તેવા કઠણ માણસને જીતું એટલી અહિંસા ક્યારે મેળવું,' એ જ ધૂન તેમને લાગી હતી. અને એ ધૂનમાં ને ધૂનમાં છ મહિના ઉપર લખેલા એક અતિશય આત્મનિરીક્ષણથી ઊભરાતા કાગળમાં તેમણે ઉદ્‌ગારો કાઢેલાઃ "આપ અહીં આવી ગયા તે દિવસે પ્રાર્થનામાં 'અજહુ ન નિકસે પ્રાણ કઠોર' ભજન ગવાયું તેના ભણકારા આજે ઘણા દિવસ થઈ ગયા તોયે મનમાંથી નીકળતા નથી. પણ એ ભજનમાં રહેલી માગણી કરવાની યોગ્યતા મેળવવા કેટલીયે તપશ્ચર્યાની જરૂર હશે એ તપશ્ચર્યા મારામાં ક્યાં છે?" એટલી તપશ્ચર્યા જાણે છેલ્લા છ મહિનામાં

મેળવી, દાદુના એ કરુણ ભજનમાં રહેલી પ્રાર્થના સફળ રીતે કરીને 'કઠોર પ્રાણ'ને વિદાય દઈ મગનલાલભાઇ કૃતકૃત્ય થઇ બેઠા છે!

ગાંધીજીની ઉત્તમોત્તમ કૃતિ આશ્રમ એમ ગાંધીજી અનેકવાર કહે છે, એ વાત સાચી હોય તો ગાંધીજીએ ઘડેલ ઉત્તમોત્તમ વ્યક્તિ મગનલાલભાઇ એમ હું કહું. 'ગાંધીજીએ ઘડેલ' એમ કહેવામાં હું મગનલાલભાઇની તપશ્ચર્યાની જરાય ઓછી કિંમત નથી કરતો. તેમની તપશ્ચર્યાની મારા ઉપર કેટલી ઊંડી છાપ પડી છે તે તો આ પછીનું લખાણ બતાવશે. પણ આ ઉત્તમ કૃતિ અને ઉત્તમ વ્યક્તિ વિષે ઉદ્‌ગાર મારા ઊંડા દુ:ખના સૂચક છે. એ ઉત્તમ વ્યક્તિને જોઇને કોઇ ગાંધીજીની કિંમત કરે તો અમને ડરવાનું કારણ નહોતું. એ ઉત્તમ વ્યક્તિને આગળ ધરીને અમારો આશ્રમ ઢંકાતો. અમે ઢંકાતા. હવે અમને કોણ ઢાંકશે?

પુરુષાર્થી જીવન

મગનલાલભાઇની ઘડતરનો કાળ તો દક્ષિણ આફ્રિકામાં ગયો. તેનું વર્ણન તો ઘડાનાર હોત તો આપત. ઘડનાર આપી શકે. પણ અમે તો, ઘડાઇને આ દેશમાં આવેલા મગનલાલભાઇની તપશ્ચર્યા અને પુરુષાર્થ જોવાના જ ભાગ્યશાળી થયા. ૧૯૧૬ની સાલમાં જ્યારે હું ગાંધીજીની સેવામાં જોડાયો ત્યારે ગાંધીજી પ્રત્યેની ભક્તિ ઉપરાંત મારામાં કશી જ લાયકાત નહોતી. જ્યારે મગનલાલભાઇને પહેલીવાર હું મળ્યો ત્યારે મેં મારી ન્યૂનતાઓની વાત એમની આગળ કરી. આશ્રમમાં અમુક વ્રતધારીઓને જ દાખલ કરવાના મૂળ ઉદ્દેશને ગાંધીજીએ ઢીલો કર્યો હતો, અને મારા જેવા

કાચા પણ પ્રવેશ મેળવી શકતા હતા તે મગનલાલભાઇ કેમ જોઈ શકતા હશે એમ મનમાં થતું હતું. પણ તેમણે મારો ભય બધો હરી લીધો. તે રાત્રે લગભગ મધરાત સુધી અમે વાતો કરતા બેસી રહ્યા. પોતે કેવી રીતે કઠણ વ્રત લીધું, તેમાં શી શી મુશ્કેલીઓ આવી, તેને કેવી રીતે જીતી શક્યા તેનું વર્ણન આપીને મને ક્ષણવારમાં તેમણે જીતી લીધેલો, તે કાંઈ ભૂલાય એમ છે? તે દિવસથી તેમણે મારા હૃદયમાં 'પૂજ્ય' વ્યક્તિનું સ્થાન લીધેલું. હું જ્યારે કાગળમાં તેમને 'પૂજ્ય' કહી સંબોધતો ત્યારે તે અકળાતા, છતાં સાત આઠ વર્ષો એ અકળામણ તેમણે સહન કરેલી. ત્રણેક વર્ષ ઉપર એમની નમ્રતાને માટે એ બોજો અસહ્ય થઇ પડ્યો. અને 'પ્રિય' વિશેષણથી સંબોધવાનું વચન એમણે મારી પાસેથી પ્રેમના બળાત્કારે કઢાવ્યું. પણ તેથી તેમને માટેનો પૂજ્યભાવ ઓછો ન થતાં ઉલટો વધ્યો.

એ પૂજ્યભાવ કેવળ તેમના બ્રહ્મચર્યને માટે નહોતો. શરીરે બ્રહ્મચર્ય પાળનારા જેટલા મળી આવે છે તે બધા જ આપણી પૂજાના અધિકારી નથી બનતા. પણ મગનલાલભાઇનું બ્રહ્મચારી ગૃહસ્થજીવન આશ્રમનું ઘરેણું હતું, અને કોઇ પણ જણની પૂજાનું અધિકારી થાય એવું હતું. એ જીવન એમણે કેટલી તપશ્ચર્યાથી બાંધ્યું તે તો તેઓ જીવતા રહી આત્મકથા લખત તો આપણે જાણી શકત, પણ તેમના સંબંધમાં આવવાનું સદ્ભાગ્ય જેમને પ્રાપ્ત થયું હતું તે સૌ જોઇ શકતા હતા કે કેટલા પ્રયાસ, કેટલા પુરુષાર્થ ઉપર એ એ જીવન ઘડાયેલું હતું. એ જીવનની એક બાજુને આત્મપરીક્ષા કહીએ તો બીજી બાજુને પુરુષાર્થ કહીએ. જેટલી તીવ્ર તેમની

આત્મપરીક્ષા તેથીયે ઉગ્ર તેમનો પુરુષાર્થ એ તેમના જીવનના વાણા અને તાણા હતા એમ કહી શકાય. ગાંધીજીના સિદ્ધાન્તોની સમજ અને પાલનના પ્રયાસમાં ગાંધીજીની બરોબરી કરનાર કોઇને કલ્પી શકીએ તો તે મગનલાલભાઇ હતા; અને તેની કૂંચી આ વાણાતાણાથી વણાયેલા જીવનમાં મળે છે. ગાંધીજીના જીવનનો એ ભેદ એ કુશળ વણકર દક્ષિણ આફ્રિકાથી પામી ગયા, અને પોતાનું જીવન તે રીતે વણવાનો જબરો પ્રયત્ન આદર્યો.

એમનો કર્મયોગ

એ પ્રયત્નને કર્મયોગ કહી શકાય. ગયાં બાર વર્ષમાં આશ્રમમાં ગાળેલા મારા સમયમાં મેં એમને કોઇવાર આરામ લેતા, અથવા બગાસું ખાતા અથવા ગપાટા હાંકતા જોયા નથી. એ ત્રણે વસ્તુની એમને સખત ચીડ હતી. આશ્રમમાં ગાંધીજી પછી કોઈ પણ વ્યક્તિ પોતાનાં બધાં વર્ષોના ચોવીસે કલાકનો હિસાબ આપી શકે તો તેઓ હતા. પ્રભાતના ૪ વાગ્યાથી પથારીનો ત્યાગ કરી રાત્રે ૯–૯ાા વાગ્યા સુધી સાસ લીધા વિના એમનું કામ કર્યે જતા, અને જે રીતે પોતે કામ કરતા તે જ રીતના કામની બીજા પાસે આશા રાખતા. એટલા કામ વિના ખાવું કે આશ્રમમાં રહેવું એને તેઓ ચોરી સમજતા, આશ્રમના અસ્તેયવ્રતનો ભંગ માનતા, એટલે કોઈ પણ એ વ્રતનો ભંગ કરે એ તેમનાથી શી રીતે સહન થાય? કોકવાર રાત્રે મોડે સુધી બેસવું પડે, આશ્રમમાં ચોકીદાર ન હોય અને પોતે ચોકી કરવા નીકળ્યા હોય, કોઇવાર ગૃહસ્થાશ્રમમાં આવેલા કોઈ વિકટ ધર્મસંકટની ગૂંચ ઉકેલતાં મોડી રાત સુધી

પોતાનાં સ્વજનોને સમજાવવાં પડે, તોપણ ચાર વાગે તો ઊઠેલા હોય જ. ઑફિસમાં જઈને બેસે, કાગળો લખતા હોય, કાગળ લખતાં કલમ હાથમાંથી પડે, અથવા એક જ અક્ષર અનેકવાર લખવાનો પ્રયત્ન પણ કાગળમાં દેખાતો હોય, પણ પાસેના ટેબલ ઉપર કદી માથું મૂકીને ઘડીક આરામ લેવાની વાત એમણે કરી નથી. દક્ષિણ આફ્રિકામાં જ્યારે હતા ત્યારની વાત કરતાં એકવાર લખેલું: "રાત્રે મોડે સુધી કામ કરતો, અને બપોરે ખાઈને કંપોઝિટરના ડેસ્ક ઉપર કામ કરવાનું શરૂ કરતો, ત્યારે ઊભાં ઊભાં ઝોલાં ખાતો. પછી ઝોલાં શરૂ થાય એટલે આંગણામાં 'લૉન' (ઘ્રોવાળી જમીન)માં તડકામાં જઈને પાંચ કે દશ મિનિટ આળોટી આવતો. તેથી બહુ તાજાપણું લાગતું." આવી રીતે તાજાપણું અનુભવવાને માટે પણ અહીં આશ્રમમાં એમણે પાંચ મિનિટનો આરામ કામમાંથી લીધો હોય એમ હું જાણતો નથી.

જેમ તેમને કશું મેલું કે કઢંગું ન ગમતું તેમ જ તેમને આળસ કે બગાસું એ મેલી વસ્તુ લાગતી અને તેની સૂગ હતી એમ કહું તો ચાલે. 'ફલાણો માણસ ટેબલ આગળ બેસીને બગાસાં ખાય તે કેવું ભૂંડું દૃશ્ય લાગે છે,' 'ફલાણે ઠેકાણે ઓટલા પર બેસી ચાપડા મરાતા હોય તે જોતાં ચીડ ચઢે છે,' એવાં તેમનાં વચનો ઘણીવાર સાંભળેલાં યાદ છે.

આશ્રમમાં જ્યારે બીજે ઠેકાણે ભંગી કામ કરતો ત્યારે પણ પોતાને ઘેર તો પાયખાનાં સાફ કરવાની વ્યવસ્થા પોતાના જ હાથમાં, કપડાં ધોવાં વગેરેનું કામ ઘણુંખરૂં

પોતાના જ હાથે કરવું. આશ્રમની બહાર જાય ત્યારે આજકાલ તો તેમની નમ્રતા છતાં તેમની પ્રસિદ્ધિ એટલી થઇ હતી કે ઘણા તેમના હાથમાંથી કામ ઝૂંટવી લેવાનો પ્રયત્ન કરે. પણ તે એકના બે ન થાય. કપડાં વગેરે ધોવાનું પોતે જ કરી લેતા. બેંગલોરના આગ્રહી સ્વયંસેવકો પણ એમનો પોતાનું કામ કરી લેવાનો આગ્રહ ન તોડી શકતા.

ચોકીદારી

એ તંદ્રા વિનાના, પ્રમાદ વિનાના જીવને જ એઓ આશ્રમના અખંડ ચોકીદાર બન્યા હતા. ચોવીશે કલાક કોણ માણસ શું કરે છે, કઈ વસ્તુ આશ્રમમાં આવી શકે અથવા ન શકે, તેની તેઓ ખબરદારી રાખતા. આમાં ઘણીવાર 'ચલાવી લેવાની,' અથવા 'ટૂંકે પતાવવાની.' અથવા 'બાંધછોડ કરવાની' વૃત્તિનો સંપૂર્ણ અભાવ એટલે તેમનો કઠોર આગ્રહ —તેમની કઠોર હઠ કહો — આશ્રમને ઊગારી લેતી એમ કહી શકાય. એમની કઠોરતાનો ભોગ થયેલાને ઘણીવાર તેમના વજ્ર જેવા હૃદયનું કુસુમના કરતાં પણ વધે એવું મૃદુપણું અનુભવતા જાણ્યા છે. મગનલાલભાઇથી અમે ઢંકાતા એમ હું આગળ કહી ગયો. એ અમને ઢાંકવાનો તેમનો અસાધારણ ગુણ તેમના આ કઠોર-મૃદુ હૃદય લીધે તેમનામાં આવેલો હતો. આ આગ્રહને વશ થઇને અમારામાંનાં કોઇ ભાઇબહેનોના દોષો જોઇને તેમના ઉપર ચીડાવાને બદલે તેઓ પોતે ઉપવાસ કરતા. કષ્ટ સહન કરતા. એ ચમત્કારનો લાભ લઈ સત્પથગામી થનારાં એકાદએને તો હું જાણું છું. આમ ગાંધીજીની ઘડવાની કળા તેમને પણ લાધી હતી, અને એ કળાને લીધે તેઓ રોજરોજ વધતા જતા વિસ્તારવાળા

આશ્રમને સાચવી શક્યા. એ તેમની કળાએ ગાંધીજીને નિશ્ચિંત કરી મૂક્યા હતા, અને એ કળાને લીધે જ અમે જેવાતેવા પણ જગતની આગળ મોં બતાવી શક્યાં છીએ.

એમની ધાર્મિકતા

પણ એમની અસાધારણ જાગૃતિ અને આશ્રમનિષ્ઠાની જ્યોત અખંડ રાખનારી એમની ધાર્મિકતા હતી. એમનું ધાર્મિક સાહિત્યનું વાચન તો અલ્પ હશે, સંસ્કૃતનું જ્ઞાન એમને ઝાઝું નહોતું, પણ એમનો સત્ય વિષેનો પ્રેમ અને એમની ભક્તિ — એક શબ્દમાં એમની ધાર્મિકતા — મોટા પંડિતો અને જ્ઞાનીઓને લજવે એવી હતી. આશ્રમમાં જ્યારે હું જોડાયો નહોતો, ત્યારે કોચરબમાં આશ્રમની પ્રાર્થનામાં કોક-વાર શામિલ થતાં મગનલાલભાઇને તુલસીરામાયણ વાંચતાં સાંભળેલા ત્યારનો તેમનો મીઠો કંઠ કાનમાં હજી રમી રહ્યો છે. તે પછી તો તેમને અનેકવાર રામાયણ વાંચતાં સાંભળ્યા. તેમના હિંદી ઉચ્ચારો નિર્દોષ ન હોય, તેમની ઢબમાં કાંઈ કહેવાપણું હોય, પણ તેઓ જે ભાવ સાંભળનારમાં ભરી દઇ શકતા તેવા ઉત્તમ હિંદી ઉચ્ચાર કરનાર અને ઉત્તમ ઢબે ગાનાર પણ ન ભરી શકે. આશ્રમની ભજનાવલિનું સ્વરૂપ તો છેલ્લાં દશ વર્ષોમાં અનેકવાર બદલાયું છે, અનેક નવાં ભજનો દાખલ થયાં છે, અનેક છોડી દેવામાં આવ્યાં છે. પણ જ્યારે મગનલાલભાઇને પ્રાર્થનામાં ભજન ચલાવવાનો અવસર આવતો ત્યારે ત્યારે એ નવાં ભજનોમાંથી ભાગ્યે જ તેઓ ગાતા. તેમને તો તેમનું ફીનિક્સ અને ટૉલ્સ્ટૉય ફાર્મ જ યાદ આવતું, અને ત્યાં ગવાતાં ભજનોમાંથી શ્રીમદ્ રાજચંદ્રનું ‘અપૂર્વ અવસર એવો ક્યારે આવશે’ એ ગાતા, અથવા

'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના' એ નિષ્કુળાનંદનું ભજન ગાઈ વાતાવરણમાં તે ઘડીએ અજબ વૈરાગ પૂરતા. એ એમનાં બે માનીતાં ભજનોમાં એમના જીવનની સુગંધ સમાઇ જાય છે. મગનલાલભાઇનો ત્યાગ એ વૈરાગ વિનાનો ત્યાગ નહોતો, તેમના ત્યાગને વિષે અનેક કાળનો વિચાર અને સમજ રહેલી હતી, અને એ વૈરાગ વડે સજ્જ થઇને જ તેઓ ગાતા:

'ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.'

આટલી ધાર્મિકતા અંતરમાં ભરેલી હતી, અને તેને બાહ્ય રીતે પ્રગટ કરવામાં તેમનો આગ્રહ અસાધારણ હતો.

બંગાળના મહાસાધુ શ્રી વિજયકૃષ્ણ ગોસ્વામીના જીવનમાં કથા છે કે તેઓ સિદ્ધ થયા તે પહેલાના કાળમાં જ્યારે તેઓ બ્રાહ્મસમાજમાં હતા ત્યારે એકવાર કલકત્તામાં ભારે વરસાદ પડેલો, કલકત્તાના મહોલ્લાઓમાં પાંચપાંચ ફૂટ પાણી હતું, અને મૂસળધાર વરસાદ તો ચાલુ જ હતો. તે દિવસે પ્રાર્થનામંદિરમાં પ્રાર્થના કરવા કોણ જાય? શ્રી વિજયકૃષ્ણ ગોસ્વામી તો એ ધોધમાર વરસાદમાં પણ નીકળ્યા, કપડાં ભીજવ્યાં, કેટલોક ભાગ તરીને ગયા. મંદિરમાં એકલા બેસી પ્રાર્થના કરી, અને પ્રાર્થના કરીને બહાર નીકળ્યા ત્યારે રસ્તામાં શ્રી કેશવચંદ્ર સેન પાલખીમાં બેસીને આવતા મળ્યા. શ્રી કેશવચંદ્ર સેને પૂછ્યું: 'કેમ મંદિરમાં જાઓ છો ના?' ગોસ્વામીજીએ કહ્યું: 'પ્રાર્થના કરીને હું તો પાછો ફરું છું.' મગનલાલભાઇના કોઈ પણ ભોગે પ્રાર્થનામાં જવાના આગ્રહનો વિચાર કરતાં એ પ્રસંગ યાદ આવે છે. અતિશય કડકડતી ટાઢવાળે પરોઢિયે કે વરસાદની

હેલી ચાલી રહી હોય ત્યારે, જ્યારે કોઇ પણ પ્રાર્થના કરવાને માટે બહાર ન નીકળ્યું હોય ત્યારે, તેઓ એકલા બેસીને પોતાના બુલંદ અવાજે પ્રાર્થના કરતા અનેકવાર જાણ્યા છે. એ તેમનો અડગ આગ્રહ, તેમની તીવ્ર ધાર્મિકતા તેમને ફળી એમ હું માનું છું. એકવાર સાત દિવસના ઉપવાસ દરમ્યાન 'મારાં નયણાંની આળસ રે, ન નીરખ્યા હરિને જરી' એ આંસુ-છલકાતી આંખે ગાતા હોવાનો કિસ્સો પ્રસિદ્ધ છે. પટણામાં તેમણે પ્રાણ છોડ્યા તે ઘડીએ તેમના મનની શી સ્થિતિ હશે એ તો પ્રભુ જાણે, પણ 'ન નીરખ્યા હરિને જરી' એમ ગાવાનું તેમને કારણ ન રહ્યું હોય એમ માનવાનું મન થાય છે.*

કારીગર અને મજૂર

મગનલાલભાઇના આંતરજીવનને આલેખવાનો સહેજ પ્રયત્ન કર્યો. બાહ્ય જીવન તો ઠીક ઠીક જણાયેલું છે. જેનું બાહ્ય આંતરનો પડઘો હોય તેને વિષે બહુ કહેવાનું હોય નહિ. બાહ્ય જીવનમાં તેઓ સદા કારીગર અને મજૂર હતા, અને તેમની કારીગરી અને મજૂરીની છાપ આશ્રમના મકાનની એકેએક ઈંટમાં, આશ્રમનાં ઝાડનાં પાંદડેપાંદડામાં, આશ્રમની ગોશાળામાં અને વણાટશાળામાં, આશ્રમની પ્રવૃત્તિમાત્રમાં જોઇ શકાય છે. આફ્રિકામાં સુંદર પ્રેસ ચલાવનાર અને બીબાં ગોઠવનાર તરીકે ખ્યાતિ મેળવી હતી, બાગવાન તરીકે પણ ખ્યાતિ મેળવી હતી. બીબાં ગોઠવવાનું તેમનું કામ જ્યારે યાદ કરું છું, 'યંગ ઇંડિયા' જ્યારે પ્રથમ અમદાવાદમાં આવ્યું તે વેળા પહેલે દિવસે તેમણે બીબાં ગોઠવવા આવીને

* જુઓ 'વજ્રાઘાત' પાનું ૫૦.

મંગલમુહૂર્ત કર્યું હતું તે યાદ કરું છું, ત્યારે મને થાય છે કે કેવળ છાપાના જ કામમાં એમને રાખ્યા હોત તો તેઓ બીજા લૉઇડ ગૅરિસન થાત—જોકે લૉઇડ ગૅરિસનના કરતાં સરવાળે આજે પણ એમનું જીવનકાર્ય જરાય કમી ન કહેવાય.

પણ છાપવાની અને બાગવાનની કળા તેમણે તુરત હાથ કરી તેમાં અસાધારણતા નથી. અહીં આવીને નવી કળા ઉકાવી લીધી તેમાં અસાધારણતા છે. છાપવાનું અને બગીચાનું શાસ્ત્ર જાણીતું છે, પુસ્તકોમાંથી પણ સારી રીતે શીખી શકાય, પણ જે ધંધો લુપ્તપ્રાય થયેલો હતો તે ધંધો સજીવન કરવાની કળા એમણે તુરત મેળવી, તેનો પ્રચાર કર્યો અને તેની પાછળ પોતાની જિંદગી ખરચી, એ એ જીવનનો અમૂલ્ય ભાગ છે. એ એ જીવનનો દેશને અમૂલ્ય વારસો છે.

પૈસા કમાવાના ધંધામાં એમની શોધકતા એમને લખપતિ બનાવત, નિષ્કામ કાર્યને વિષેની એમની શોધકતા દેશની ગરીબી ટાળશે. શ્રી. રાજગોપાલાચાર્યે તેમના મરણથી ત્રણ વજ્રઘાત પડેલા કહ્યા છે; અને આશ્રમ ઉપર અને ગાંધીજી ઉપર પડેલા વજ્રઘાતને સરખાવ્યો છે, એમાં વધારે પડતી વાત નથી, પણ હાથમાંથી ખોયેલા હીરા પાછળ પારખનું રુદન રહેલું છે.

અને શી અનન્ય એ ઉપાસના! દિનરાત રેંટિયાને, પીંજણને, ચરખાને સુધારવાનું ચિંતન, તેના ઉપર જ સતત પ્રયોગો, તેને જ પ્રીત્યર્થે વિલક્ષણ શક્તિવાળા પોતાના પુત્રની શક્તિને વાળવાનો તેમનો આગ્રહ. ગયે વર્ષે બેંગલોર આવીને તેમણે પ્રદર્શન તૈયાર કરવામાં રાતદિવસ ગાળ્યાં, આશ્રમ-

વિભાગ આકર્ષક રીતે તેમણે ગોઠવ્યો, અને પછી આખો દિવસ તેની અંદર તેઓ જે પ્રસન્ન મુખમુદ્રાથી ફરતા તે ચિત્ર મારી આંખ આગળથી કદી ખસે એમ નથી. 'આ નમૂના સો વર્ષ જૂના છે, જુઓ;' 'આ રૂખીની ચોળીનું કપડું અનેકવાર ધોવાયું છે અને બે વર્ષ થયાં વપરાય છે;' 'આ લક્ષ્મીદાસભાઇનો રેંટિયો પહેલું ઇનામ લઇ જશે;' 'આ કેશુનો હાથે બનાવેલો રેંટિયો છે'—વગેરે તેમના આનંદ અને યોગ્ય અભિમાનના ઉદ્ગારો આજે પણ સાંભળતો હોઉં એમ લાગે છે.

એમના પ્રયોગો અને શોધો તો સદા ચાલુ જ. 'વણાટ-શાસ્ત્ર'નું એમનું પુસ્તક એમના અભ્યાસ, પ્રયોગશક્તિ અને શોધકતાની સાક્ષી પૂરે છે. હમણાં આંધ્રની રીતે તકલીની મધ્યમાં ચકરડી રાખીને ચલાવવાની ઢબનો પ્રયોગ ચલાવતા હતા, ઊન તકલી પર કાંતીને કેટલા સમયમાં ધાબળો થાય તેનો અંદાજ કાઢવામાં પડેલા હતા. એ તકલી તેમની સાથે સદાય રહેતી.

એ કારીગરીમાં તેઓ કેવી કળા પૂરી શકતા એ જોવું હોય તો તેમના અનેક લેખો વાંચો, 'વણાટશાસ્ત્ર' વાંચો. તેમની ભાષામાં અજબ જોર હતું. ગમે તેવી વસ્તુને તેઓ સરળ, સચોટ રીતે મૂકી શકતા. તાર કાઢતાં પૂણી કેવી રીતે પકડવી જોઇએ તે આ પ્રમાણે જણાવે છે: 'તપખીર સૂંઘનારા જેવી રીતે તપખીરને નાક આગળ ધરે છે તેવી રીતે પૂણી પકડવી જોઇએ. નાક ઇચ્છે તેટલી જ તપખીર જેમ અંગૂઠા અને તર્જની વચ્ચેની ચપટી છોડે છે, તેમ આંખ ઇચ્છે તેટલા જ રેસા તે ચપટી વડે છોડાય ત્યારે

મનમાન્યો તાર કાઢી શકાય.' મગનલાલભાઇ ભાષાના કારીગર હતા તે તો તેમના અનેક કાગળો વાંચનાર સારી રીતે જાણે છે. એ સ્વચ્છ, સાદા મોતીના દાણા જેવા, ખીચોખીચ અક્ષરે લખેલા કાગળો તેમના સરળ, નિષ્કલંક, મોતી જેવા ઉજ્જવળ, ખીચોખીચ કાર્યથી ભરેલા જીવનના દ્યોતક છે.

ગોપાલ મગનલાલભાઇ

આમ રેંટિયાની પ્રવૃત્તિને એમનું જીવન અર્પણ થયેલું હતું, છતાં કૃષિકારની અને ગોપાલની તાલીમ તો તેમણે જાણે શોખની ખાતર લીધેલી. પાવડો અને કોદાળી લઇને ખેતરમાં મજૂરી કરવામાં એમને જેટલું ગૌરવ લાગતું તેટલું કલમ ચલાવવામાં એમને લાગે એમ નહોતું—જોકે એમણે જેટલી કલમ ચલાવી છે તેટલી કોઈ પણ લેખકને અદેખાઈ કરાવે એવી રીતે ચલાવી છે. પણ ખેડૂત તરીકે કામ કરવામાં એમને અનેરો આનંદ આવતો. પશુઓ પ્રત્યેનો તેમનો પ્રેમ તેમના ખેતીના પ્રેમને દીપાવતો, અને તેમની ઉછેરેલી ગાયો અને તેમનાં વાછડાં આજે આશ્રમની શોભારૂપ છે. તેમની તુલસી અને ત્રિવેણી વગેરે ગાયો અને રસિક વાછડાનો અને બીજાનો તેઓ સતત વિચાર કરતા, અને રેંટિયાના પ્રચારને જેમ તેમણે ધંધો કરી મેલ્યો હતો તેમ જ ઉત્તમ પશુપાલનના પ્રચારને વિષે પણ હતું. મરણના ૧૧ દિવસ અગાઉ લખેલો તેમનો કાગળ આ વાતની સરસ સાક્ષી પૂરે છે:

"ખાદી પ્રતિષ્ઠાનમાં બે ગાયો રાખી છે, તે જોઇ. ગાયનું વિયાણું અહીં કહરદાનીથી થાય છે. મેં આ રીત પહેલી જ જાણી.

દિવસમાં જેટલા રતલ દૂધ ગાય આપે તેને ૧૫ વડે ગુણતાં જે રકમ આવે તે ગાયની કિંમત હોય છે. સતીશ બાબુની ગાય આખા દિવસમાં ૧૨ રતલ દૂધ આપે છે, એટલે ૧૫×૧૨=૧૮૦ રૂપિયાની ગાય થઇ. ખરીદનાર ધણી સાતેક દિવસ ગાય પોતાને ઘેર રાખે, તેને વેચનાર ધણી ખોરાક ખવડાવે, દોહે, ને નવો ધણી તેનું દૂધ રોજ જોખે. સાત દિવસની સરેરાશ ઉપર કિંમતનો આંકડો બંધાય, ને ન પતે તો દૂધના પૈસા લઇ જૂનો માલિક ગાય લઇ વિદાય થાય. આવી રીતે આપણે ત્યાંની ગાયોની કિંમત આંકીએ. જેની કિંમત રૂા. ૫૦–૬૦ ગણી છે તેની સહેજે રરપ થી ર૫૦ થાય. કિંમત આંકવાની આ રીત વાજબી લાગે છે. વિદ્યાર્થીઓને આ વાત કરવા જેવી છે."

ગરવા ગૃહસ્થ

ગરવા પિતા તરીકે મગનલાલભાઇને વર્ણવવા કરતાં 'ગરવા ગૃહસ્થ' મથાળું આપવું મેં વધારે યોગ્ય ધાર્યું છે. કારણ તેમનાં બાળકો, અને તેમને તેમણે આપેલા સંસ્કારો, તેમની ગૃહસ્થાઇ વધારે વ્યક્ત કરે છે. જેટલી સ્વચ્છતા અને પવિત્રતા તેમણે પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો તે જ સ્વચ્છતા અને પવિત્રતા તેમણે ગૃહમાં લાવવાનો પ્રયત્ન કરેલો. પરિણામે તેમનું ગૃહ, તે ગૃહમાં દેખાતી સુઘડતા, ધનના વ્યય વિનાની પણ મહેનતથી સાધેલી કળા મોંઘેરા મહેમાનોને તેમને ઘેર ઉતારવાને ગાંધીજીને પ્રેરતી છતાં, તેમની ગૃહસ્થાઇ અનેરી હતી. તેમણે તો કેટલાય કાળથી ગૃહ વિષે મમતા તજી દીધી હતી. અસ્વાદવ્રતને લીધે ગૃહની રસોઇ પણ તજી હતી.

પોતે જેમ પોતાને કેળવવાનો આખી જિંદગી પ્રયત્ન કર્યો તેમ દીકરા અને દીકરીઓને પણ દેશની સેવાને માટે

કેળવવાનો પ્રયત્ન કર્યો, અને દેશસેવાને માટે બ્રહ્મચર્ય જેવું એકે સાધન નથી એ વસ્તુ તેમની આગળ સતત તેમણે રાખી. પરિણામે ત્રણે હજી અવિવાહિત છે. દીકરાની સાથે પોતે કામ કરે, તેની સાથે અનેક પ્રયોગોમાં શામેલ થાય, અનેક પ્રયોગો કરવાને પ્રેરે, તેની આગળ અનેક સાધનસામગ્રી ઊભી કરી આપે, અને સફળતા જોઇને રીઝે. દીકરીને બિહારમાં એક કુટુંબમાં પડદો તોડવાના હેતુથી એ કુટુંબના એક સજ્જને નોતરેલી, તેને માન આપી મોકલેલી. ત્યાં તેનો માર્ગ સરળ તો નહોતો જ. પડદાના પક્ષકારોએ તેનો ઠીક વિરોધ કર્યો. સ્થિતિ પણ કાંઇક અળખામણી કરી મૂકી કહેવાય. ગાંધીજીએ રાધાબહેનને બિહારમાંથી પાછી આવવાને ન લલચાવવાનો મગનલાલભાઇને સંદેશો મોકલેલો. તેના ઉત્તરમાં પેલો ૧૧મી તારીખનો કાગળ, જેનો ઉતારો હું આગળ આપી ગયો તેમાં જણાવ્યું: 'બાપુને કહેજો કે રાધાને હું ત્યાં આવવા લલચાવું એવી ધાસ્તી તેઓ ન રાખે. તે જે કામની નિમિત્ત બની છે એ મને ગમે છે.' દીકરીની અગવડભરેલી સ્થિતિ પ્રત્યક્ષ જોઇ આવ્યા છતાં તેને ત્યાં જ રાખી, અને તેને કામ કરવાની સગવડ પડે એ હેતુથી શ્રી. વ્રજકિશોર બાબુને મળવા પટણા જતા હતા, ત્યાં રસ્તામાં તેમને જીવલેણ તાવ ચઢ્યો!

આશ્રમની મોટી બાળાઓને માટે મેં એકવાર સંવાદ રચ્યો હતો, તેમાં આ રાધાબહેનને વિવાહનો વિરોધ કરનારી બાળા તરીકે મારે મૂકવી હતી. આવી બાબતમાં મગનલાલભાઇને પૂછ્યા વિના તો ન જ ચાલે. કેળવણીમાં નીતિશિક્ષણ કેવી રીતે અપાય તે વિષે તેમણે ખૂબ વિચારેલું

હતું અને શિક્ષકો સાથે વારંવાર એ વિષે તેમને બોધપ્રદ, કોકવાર ઉગ્ર ચર્ચાઓ થતી. પણ આ સંવાદ જોઇને ખુશ થયા, અને કહે: 'આપણે આ સંવાદ ભજવીએ એ નાટક જેવું તો નહિ જ ના? નાટકનાં પાત્રો તો પોતાનો ભાવ ભજવી પાછાં તે ભૂલી જાય. તમે જે શબ્દો રાધાના મોમાં મૂકયા છે તે શબ્દોથી તો રાધા વિવાહ ન કરવાને બંધાય છે. પણ ભલે બંધાય. ઇશ્વર એને એટલું બળ આપે. હું તો ઇચ્છું છું કે એ સંવાદમાં રાધા ભલે ભાગ લે.'

અપ્રતિમ સાધક

પણ આ લેખ હવે મારે બહુ લંબાવવો ન જોઇએ. એમની કારીગરી, એમની મજૂરી, એમનો બધો ઉદ્યમ, એમનું બ્રહ્મચર્ય, એમનું ગાર્હસ્થ્ય, એ બધાં જ આશ્રમને અને દેશને અર્પાયેલાં હતાં. નિત્ય નવા પ્રયોગ કરનાર ગાંધીજીના પ્રતિક્ષણના ભાવો અને વૃત્તિઓને ઝીલવાની તેમની તત્પરતા અને તેમના સિદ્ધાન્તોનો અમલ કરવામાં તેમણે વેઠેલાં કષ્ટો, બળાપા અને ત્યાગો બધાં આશ્રમ પ્રીત્યર્થે હતાં. આ બધી સાધના કરી તેઓ ગાંધીજીના અપ્રતિમ સેવક બન્યા હતા, અપ્રતિમ ભક્ત બન્યા હતા, પણ તેમની સેવકાઇ કે ભક્તિમાં વેવલાપણું નહોતું. ગાંધીજી આશ્રમમાં હોય તોપણ દહાડાના દહાડા સુધી તેમને મળવાની મગનલાલભાઇને ફુરસદ જ ન મળી હોય એવું બન્યું છે. તેમને ગાંધીજીની પાસે રહી તેમના શરીરની ઉપાસના કે સેવા નહોતી કરવી, તેમને તો તેમના સિદ્ધાન્તની, તેમના કાર્યની ઉપાસના કરવી હતી. 'વણાટશાસ્ત્ર'ના તેમના પુસ્તકના સમાપ્તિના બે બોલ હમેશને સારૂ સ્મરણમાં અંકિત રાખવા જેવા છે:

"રેંટિયાના અર્થશાસ્ત્ર વિષે, તેની સ્થાપનામાં રહેલી ધાર્મિકતા વિષે કંઇ કહેવું એ આ પુસ્તકનો વિષય નથી. પણ એક લેખકની જોડેલી કવિતાની બે લીટીઓ વિના પ્રયત્ને હજી યાદ રહી ગઈ છે તે અહીં મૂક્યા વિના રહી શકાતું નથી. તે લેખકનું નામઠામ યાદ નથી, પણ તેની લીટીઓ ભૂલાય તેવી નથી. તે આ છેઃ

'મારો વીરો પસલીએ ચીર પૂરતો રે લોલ,
તારો રેંટિયો બારે માસ જો,
ખમા ગાંધીજી ઘણું જીવજો રે લોલ.'

આ લીટીઓ ગાંધીજીની ખમા ગવાઇ છે તે સારૂ યાદ રહી હશે એમ વાચક નહિ જ માને. ગાંધીજીની ખમા હિંદી આલમનું હૃદય સદા ગાઇ રહ્યું છે, ત્યાં લીટીઓ યાદ રાખવામાં શી વિશેષતા હોય? એ લીટીઓ યાદ રહી ગઇ છે તેનું કારણ રેંટિયાને કવિએ અદ્વિતીય સ્થાન આપ્યું છે તે છે. બહેનને ભાઇથી વહાલું શું હોય? હિંદુ-સંસારમાં સ્ત્રીને પતિમાં તેનું સર્વસ્વ માનેલું હોવા છતાં ભાઇને માટે એક એવો ઊંડો ખૂણો રહેવા દીધો છે કે પતિ પણ દગા દે ત્યારે ભાઇનો આશરો તો જાણે તેને છે જ એમ તે માને છે.

એવા ભાઇ કરતાં પણ રેંટિયાની અનન્ય વિશેષતા ઉપલી લીટીમાં એ અપખ્યાત કવિએ બતાવી છે! કેવો કોમળ ભાવ એમાં તરી રહે છે!

બહેનના ભાઇઓ આપણે સહુ છીએ, અને જો વફાદાર ભાઇ હોવાનો દાવો કરીએ તો રેંટિયાના કાંતેલા સૂતરના વસ્ત્ર સિવાય એકે વસ્ત્ર આપણને ખપી શકે ખરૂં? હિંદુસ્તાનની અસંખ્ય બહેનો ભાઇઓ વિના ટળવળતી સાંભળીએ છીએ. રેંટિયાનું સૂતર પહેરીને આપણે તેમના પરોક્ષ રીતે ભાઇ બની શકીએ છીએ.

દ્રૌપદીને જેવા કૃષ્ણ, તેવો હિંદની ગરીબ બહેનોને રેંટિયો. તેની જ ખમા ગાઇને આ પુસ્તક સમાપ્ત કરવું ઠીક લાગે છે."

આ ઉદ્ગારો ગાંધીજીના ઘેલા ભક્તના નથી, પણ ગાંધીજીની સેવકાઇ દ્વારા ભારતની સેવા કરનારના છે. એ સેવકાઇને માટે લાયક થવાનો મગનલાલભાઇનો આખી જિંદગી પ્રયત્ન હતો. એ સેવકાઇની સાધનામય તેમની જિંદગી હતી, અને તેમનું સાધક જીવન સૌને ચેતન આપનારૂં અને દિશા દાખવનારૂં છે. સાધના વડે સાધક કેટકેટલું સાધી શકે છે તેનો જ્વલંત પદાર્થપાઠ તેમનું જીવન હતું. એ સાધનામાં તેમની તોલે આવનાર સેવક કોઇ જાણ્યા નથી.

મહાદેવ હરિભાઇ દેશાઇ

મારો સર્વોત્તમ સાથી

જેને મારા સર્વસ્વના વારસ તરીકે મેં ચૂંટી કાઢયો હતો તે ચાલ્યો ગયો. મગનલાલ ખુશાલચંદ ગાંધી એ મારા ભત્રીજા થાય. ૧૯૦૪થી મારા કાર્યમાં જોડાયેલા. ખુશાલ-ચંદભાઇએ પોતાના બધા દીકરા દેશસેવા માટે અર્પણ કર્યા છે. આ મહિનાની શરૂઆતમાં મગનલાલ જમનાલાલજી જોડે બંગાળ ગયા હતા. ત્યાંથી કામ પરત્વે બિહાર ગયા. ત્યાં તાવે એમને પછાડયા. જેમને ત્યાં એ ઊતરેલા તે વ્રજકિશોર બાબુએ પ્રેમ અને આવડતથી જેટલું બની શકે તેટલું બધું કરતાં છતાં નવમે દિવસે મગનલાલ નશ્વર કાયાને છોડી ગયા.

મગનલાલ કંઇક રળવાની આશાએ ૧૯૦૩માં મારી જોડે દક્ષિણ આફ્રિકા આવેલા. એક વર્ષ એમણે પોતાની દુકાન માંડ ચલાવી હશે ત્યાં ગરીબાઇનું વ્રત ધારણ કરી સેવામાં જોડાવાનું આમંત્રણ મેં એમને ઓચિંતું આપ્યું. ફિનીક્સ આશ્રમમાં તેઓ જોડાયા. એકવાર મારી સાથે

જોડાયા પછી કોઇ કાળે તેઓ આતર્યા કે હઠ્યા નથી. તેઓ જો દેશસેવામાં જોડાયા ન હોત તો જે અવિશ્રાંત ઉદ્યોગ અને બાહોશી એમણે બતાવ્યાં છે તેને જોરે તે જરૂર આજે ધનાઢ્ય વેપારી થયા હોત. એમને છાપખાનું ચલાવવાના કામમાં રોકતાંવાર એમણે તરત જ અને સહેજમાં છાપવાની કળાનું રહસ્ય હાથ કર્યું. જેણે કોઇ કાળે યંત્ર કે ઓજાર હાથમાં લીધું નહોતું તેને એંજિન ચલાવતાં, કારખાનું ચલાવતાં, અથવા બીબાં ગોઠવતાં કશી મૂંઝવણ જેવું લાગતું નહિ. અને 'ઇંડિયન ઓપિનિયન'ના ગુજરાતી વિભાગનું સંપાદન પણ એટલી જ સહેલાઇથી તેમણે કરેલું. ફિનીક્સ આશ્રમની યોજનામાં દરેક જણ પોતાપૂરતી ખેતી કરે એમ હતું. એટલે મગનલાલ સરસ ખેડૂત પણ બન્યા. મારા ધારવા પ્રમાણે ફિનીક્સમાં સૌથી ઉત્તમ બગીચો એમનો જ હતો. 'યંગ ઇંડિયા'ના વાચકોને જાણવાજેવી બીના એ છે કે 'યંગ ઇંડિયા' જ્યારે અમદાવાદમાં પહેલવહેલું છપાયું ત્યારે ભીડને કારણે એમની જ મદદથી તે છાપવું પડ્યું હતું.

મૂળથી જ મગનલાલની શરીરપ્રકૃતિ મજબૂત. પણ દીક્ષા લીધા પછી સેવાને કારણે એમણે પોતાનું શરીર ઘસી નાંખ્યું. મારા આધ્યાત્મિક પ્રયોગોનું તેઓ સૂક્ષ્મ નિરીક્ષણ કરતા, અને તેને અનુસરતા. જેને સત્યની શોધ કરવી છે તે પરણેલો હોય તોયે તેણે બ્રહ્મચર્ય પાળવું જોઇએ એમ જ્યારે મેં મારા સાથીઓને સૂચવ્યું ત્યારે એ જીવનની આવશ્યકતા અને સુંદરતા સૌથી પ્રથમ મગનલાલની નજરે ચઢી. આ અસિધારાવ્રત પાળતાં તેમને કેટલાં કષ્ટ વેઠવાં પડ્યાં હતાં તે હું જાણું છું. પણ એમણે અંતે એમાં વિજય મેળવ્યો.

અને પોતાના વિચારો પોતાની સ્ત્રી પર પરાણે લાદવાને બદલે ધીરજપૂર્વક તેને સમજાવી તેને પણ તેઓ એ વિચારોમાં સાથે રાખી શક્યા.

જ્યારે સત્યાગ્રહ જન્મ્યો ત્યારે તેઓ તો મોખરે જ હતા. દક્ષિણ આફ્રિકાની એ લડતનું રહસ્ય—એને સંપૂર્ણ વ્યક્ત કરવા માટે એક સારો શબ્દ હું શોધતો હતો. 'પૅસિવ રેઝિસ્ટન્સ' (નિઃશસ્ત્ર પ્રતિકાર) એ શબ્દ તે લડતને વ્યક્ત કરવા માટે પૂરતો નહોતો, અને કંઈક અંશે એ અવળો જ ભાવ બતાવતો હતો. છતાં મારે એ શબ્દથી જ ચલાવી લેવું પડતું. એવે વખતે મારે જે શબ્દ જોઈતો હતો તે મગનલાલે જ આપ્યો. પોતે સૂચવેલા 'સત્-આગ્રહ' શબ્દની તરફેણમાં એમણે જે દલીલો પોતાના સુંદર કાગળમાં લખી હતી તે કાગળ આજે મારી પાસે હોત તો કેવું સારું! 'સત્-આગ્રહ' શબ્દમાં સહેજ ફેર કરીને મેં 'સત્યાગ્રહ' શબ્દ બનાવ્યો. એ કાગળમાં એમણે લડતની મીમાંસા ક્રમસર કરી હતી, અને વાચકને સિદ્ધ કરી આપ્યું હતું કે પોતે પસંદ કરેલો શબ્દ એ જ બધી રીતે બંધબેસતો છે. અને આ બધું આશ્ચર્ય થાય એટલા નાનકડા અને મુદ્દાસર કાગળમાં. એમના બધા જ કાગળો એવા હતા.

એ લડતમાં તેઓ કામથી કદી થાક્યા જ નહિ. માથે આવતી કોઈ જવાબદારી એમણે ટાળી નહિ. અને પોતાની અડગ દૃઢતાથી આસપાસના બધાઓમાં ધૈર્ય અને વિશ્વાસ પેદા કર્યો તે કરતાં જ્યારે જેલ જવાનો મહોત્સવ શરૂ થયો, બધા જ જેલ ગયેલા, અને જેલ જવું એટલે મારી પાસેથી એક ઇનામ મેળવવા જેવું બધાને લાગતું, તેવે વખતે

તેઓ જેલ બહાર રહ્યા, અને જેલ જવા કરતાં અતિશય ભારે એવું બહારનું કામ એમણે માથે લીધું. એમણે પોતાની પત્નીને જેલ જનાર સ્ત્રીઓના સંઘમાં મોકલી.

સ્વદેશ પાછા આવ્યા પછી જે આશ્રમ સ્થપાયો તેનું સંયમી જીવન એમને લીધે જ શક્ય થયું હતું. અહીં એમને એક નવો જ અને અઘરો ભાગ ભજવવો પડ્યો. પણ ત્યાં પણ એ પહોંચી વળ્યા. અસ્પૃશ્યતાનિવારણ એ એમને માટે કડવો ઘૂંટડો થઈ પડ્યો. એક ક્ષણ તો એમ જ લાગ્યું કે એ હારશે. પણ તે ફક્ત એક ક્ષણ માટે જ. એમણે જોયું કે સાચો પ્રેમ કોઇ ઠેકાણે અટકે જ નહિ. અસ્પૃશ્યોની રીતભાતની ખામીઓ સહન કર્યાં વગર દૂર થવાની નથી. ઉપલા ગણાતા વર્ગોએ પોતે જે વસ્તુ માટે જોખમદાર છે તેનું પ્રાયશ્ચિત્ત કર્યાં વગર ભોગ આપ્યા વિના છૂટકો નથી.

આશ્રમમાં જે કારખાનું ખોલ્યું તે ફિનીક્સની પરંપરાનું નહોતું. અહીં અમારે વણાટ, કાંતણ, પીંજણ અને લોઢવાની ક્રિયા શીખવાની હતી. આ વખતે પણ મેં મગનલાલની જ આશા રાખી. કલ્પના મારી ખરી, પણ તે અમલમાં મૂકનાર અને તે સિદ્ધ કરી બતાવનાર હાથ તો મગનલાલનો જ. તેઓ કપાસમાંથી ખાદી થાય ત્યાં સુધીની વણવાની અને બીજી બધી ક્રિયાઓ શીખ્યા. કારીગરી તો એમના હાડમાં જ હતી.

આશ્રમમાં જ્યારે દુગ્ધાલય ખોલવામાં આવ્યું ત્યારે એમાં પણ એમણે ઝંપલાવ્યું. દુગ્ધાલય ઉપરનું સાહિત્ય વાંચી કાઢ્યું, ગાયોનાં નામો પાડ્યાં, અને આશ્રમના એકેએક ઢોર સાથે હેત બાંધ્યું.

અને જ્યારે આશ્રમની પ્રવૃત્તિઓમાં ચર્માલય પણ ઉમેરવામાં આવ્યું ત્યારે જરાય હિમ્મત હાર્યા વગર નિશ્ચય કર્યો હતો કે શ્વાસ જરાક મળે કે તરત ચામડાં કેળવવાનું શાસ્ત્ર શીખી લેવું. નિશાળની કેળવણી તો રાજકોટની હાઇસ્કુલમાં જેટલી મળી હશે તેટલી જ. ત્યાર પછીનું એમનું વિવિધ જ્ઞાન અને આવડત એ બધું અનુભવની કઠોર નિશાળમાંથી જ એમણે મેળવ્યું હતું. ગામડિયા સુતાર, વણકર, ખેડૂત, ભરવાડ એવા એવા લોકો પાસેથી જ એમણે જ્ઞાન મેળવ્યું હતું.

ચરખાસંઘના શિક્ષણ અને પ્રયોગ વિભાગના તેઓ સંચાલક હતા. રેલસંકટ દરમ્યાન વલ્લભભાઇએ એમને વિઠ્ઠલપુર બાંધવાનું કામ સોંપ્યું હતું.

મગનલાલ એ આદર્શ પિતા હતા. એમણે પોતાનાં બાળકોને — એક છોકરો અને બે કન્યાઓ, ત્રણે હજી અવિવાહિત છે — દેશસેવાની જ તાલીમ આપી છે. એમનો દીકરો કેશુભાઇ યાંત્રિક કામમાં ભારે હુશિયારી બતાવી રહ્યો છે. એણે પણ પિતાની પેઠે પોતાનું જ્ઞાન સુતારલુહારને કામ કરતા જોઇને મેળવ્યું છે. એમની મોટી દીકરી રાધા અઢાર વર્ષની છે. એણે બિહારમાં સ્ત્રીઓને પડદાની હાડમારીમાંથી બચાવવાનું અઘરૂં અને નાજુક કામ હમણાં હમણાં જ હાથમાં લીધું હતું. મગનલાલને રાષ્ટ્રીય શિક્ષણ કેવું હોય એનો પૂરો ખ્યાલ હતો, અને ઘણીવાર તેઓ આશ્રમના શિક્ષકો જોડે ઝીણવટથી ચર્ચામાં ઊતરતા.

વાચક એમ ન સમજે કે મગનલાલ રાજકારણમાં કશું સમજતા નહિ. પણ એમણે તો રચનાત્મક સેવાનું મૂક અને નિષ્કામ કર્મ જ પસંદ કર્યું હતું.

આશ્રમમાં મારા હાથ, પગ, આંખો બધું મગનલાલ જ હતા. દુનિયાને ક્યાં ખબર છે કે મારું કહેવાતું મહાત્માપણું પવિત્ર, બાહોશ અને એકનિષ્ઠ એવા સાથીઓના — પુરુષો તેમજ સ્ત્રીઓ — સતત પરિશ્રમ અને મૂક વૈતરાને જ આભારી છે? અને આવા સાથીઓમાં મારે મન સૌથી શ્રેષ્ઠ, પવિત્ર અને ઉત્કૃષ્ટ તે મગનલાલ હતા.

આ લીટીઓ હું લખી રહ્યો છું ત્યારે પોતાના પ્રિય પતિનું દુઃખ કરતી એની વિધવાનાં ડૂસકાં હું સાંભળું છું. એ બિચારી વિધવાને ક્યાં ખબર છે કે એના કરતાં હું જ વધારે અસહાય બન્યો છું? જો ઈશ્વર ઉપર મારામાં જીવતી શ્રદ્ધા ન હોત તો પોતાના પુત્ર કરતાંયે વધારે વહાલો, જેણે મને કોઇ કાળે દગો દીધો નહોતો, જે ઉદ્યોગની મૂર્તિ હતો, વિશ્વાસુ કૂતરાની પેઠે જેણે આશ્રમની આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક ચોકીદારી કરી, તેને ખોઇ બેઠા પછી હું તો ગાંડો થઇને બરાડા પાડતો હોત. એનું જીવન એ મારે માટે દીક્ષા સમાન છે; અધ્યાત્મના સિદ્ધાંતના સામર્થ્યનો પ્રત્યક્ષ પુરાવો છે. એણે થોડા દિવસને માટે નહિ, થોડા મહિના માટે નહિ, પણ ખાસ્સાં ચાળીસ વર્ષ સુધી — પણ એ મુદ્દત હવે કેટલી ટૂંકી લાગે છે! — એણે પોતાના જીવનથી સિદ્ધ કરેલું હું જોઇ શક્યો કે દેશસેવા, જગતની સેવા અને આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરસાક્ષાત્કાર એ બધું એક જ છે.

મગનલાલ દિવંગત થયા ખરા પણ પોતાની સેવા વડે એ હજી જીવે છે. અને એ સેવાની છાપ તો આશ્રમના એકેએક રજકણ ઉપર ગમે તે માણસ જોઇ શકે છે.

(યં. ઈ. માંથી) **મોહનદાસ કરમચંદ ગાંધી**

અધ્યાપક મગનલાલભાઈ

આશ્રમના વિદ્યાર્થીઓને માટે મગનલાલભાઈ વિષે કંઈ પણ લખવાની જરૂર હોય ખરી? એકેએક વિદ્યાર્થીએ એમના પ્રેમનો અનુભવ કર્યો છે. વિદ્યાર્થીઓનો સ્વભાવ પારખી, જેનામાં જે ગુણ હોય તે સૂક્ષ્મ દૃષ્ટિએ પારખી તેને ઉત્તેજન આપવા તેઓ ચૂકતા નહોતા. તેમના હાથ તળે જે તૈયાર થયા, તે જ આજે આશ્રમના સૌથી વધારે કુશળ વિદ્યાર્થી છે; અને તેથી જ નિઃશંકપણે કહી શકાય કે આશ્રમના ઉત્તમ શિક્ષક તે મગનલાલભાઈ જ.

સૌથી પ્રથમ વસ્તુ તે મગનલાલભાઈની ધર્મનિષ્ઠા. તેઓ પ્રાર્થનામાં નિયમિત આવતા, શ્રદ્ધાપૂર્વક ગીતાજીનો અભ્યાસ કરતા; એ બધું ખરૂં. પણ એ એમની ધર્મનિષ્ઠાની કસોટી નથી. એમની કસોટી તો આપણે બધાંએ કરી છે. દરેક જાતની પરિસ્થિતિમાં એમણે અશાન્તિને વશ ન થવાની બહાદુરી બતાવી છે. એમાં એમની ધાર્મિકતા તરી આવતી. કોક કોકવાર તેઓ મારી પાસે પોતાના સ્વાર્થની વાતો

કરતા. કેશુ આદર્શ બ્રહ્મચારી, દેશસેવક બને અને રાધા-બહેન પણ તેજસ્વી બ્રહ્મચારિણી બની હિંદુસ્તાનની સ્ત્રીઓના ઉદ્ધારમાં પોતાનું જીવન અર્પણ કરે એ જ એમનો જિંદગીનો એક સ્વાર્થ હતો. કૌટુમ્બિક જીવનમાં એમનો ખાસ રસ પણ એ જ હતો. આના કરતાં વધારે ઉજ્જવળ સ્વાર્થ મનુષ્યજાતિમાં કયા પિતાએ બતાવ્યો છે? કોઇ પણ બાળકે પિતા માટે ઇશ્વર પાસે પ્રાર્થના કરવી હોય તો તેણે એમ જ કહેવું જોઇએ કે મગનલાલભાઇ જેવા પિતા અમને મળજો.

શાન્તિનિકેતનથી જ મેં જોયું કે મગનલાલભાઇમાં ગૃહપતિના બધા ગુણો હતા. બાળકોના ખોરાકથી માંડીને એમના ઉદ્ગારો, એમના વિચારો, અને એમની સોબત સુધી દરેક વસ્તુમાં તેઓ અખંડ જાગૃત રહેતા. આપણી શાળાને જો પ્રથમથી જ ગૃહપતિ તરીકે મગનલાલભાઇની સેવા મળત તો આજે શાળાએ જુદું જ રૂપ પકડ્યું હોત.

આપણા વિદ્યાર્થીઓએ મગનલાલભાઇને આદર્શ વિદ્યાર્થી તરીકે ઓળખવાની જરૂર છે. જિજ્ઞાસા, ઉત્સાહ અને સંયમ આ ત્રણ વસ્તુઓ વિદ્યાર્થીમાં આવશ્યક છે. દરેક વસ્તુનું રહસ્ય જાણવાની જિજ્ઞાસા એમનામાં પૂરેપૂરી હતી. તેથી જ તેઓ વગર શીખવ્યે—પોતાની મેળે—ઘણું શીખી જતા. અમુક વસ્તુ પોતાને આવડવાની જ નથી એવો ખ્યાલ તેમણે કોઇ કાળે મનમાં આવવા દીધો નથી. મનુષ્યબુદ્ધિને અને મનુષ્યપ્રયત્નને કશું અશક્ય નથી એ જ જાણે એમનો જીવનમંત્ર હોય એવી રીતે તેમણે આખું જીવન ગાળ્યું છે. આ બંને ગુણો સાથે સંયમ ન હોય તો

વિદ્યાર્થીઓમાં ઊંડાણ ન આવી શકે. જે વસ્તુ જાણવાની પોતાને જરૂર નથી, તેને પણ જરા જરા ચાખી જોવાની વૃત્તિ ઘણા વિદ્યાર્થીઓમાં હોય છે. મગનલાલભાઇ રસ માટે જીવતા નહિ, પણ કાર્યને માટે જીવતા. જે વસ્તુની આપણને જરૂર નથી તેમાં માથું મારીને વખત બગાડવો એ એમને ગુન્હા જેવું લાગતું. પ્રમાદી લોકો જોડે વાતો કરતાં તેઓ કહેતા, "મેં બાપુજીને ગુરુ કર્યા નથી. હું તો પ્રામાણિક સેવક તરીકે એમણે માગેલી સેવા એમને આપી શકું તો મારે માટે એટલું બસ છે." આ વાક્યમાં એમની બધી ટીકા આવી જતી.

બાપુજીની આસપાસ ભેગા થયેલા આપણે એમનું એ એક વચન યાદ રાખીએ તોય ઘણું થઇ જાય. આશ્રમમાં જેટલા દોષો છે તેનાં મૂળ શોધવા જતાં એમ જ કહેવું પડશે કે આપણે ઘણાખરા પ્રામાણિક સેવા પૂરતા પ્રમાણમાં આપતા નથી. અપવાદરૂપે જેઓ આપે છે તેમને બળે જ આશ્રમ ચાલે છે. મગનલાલભાઇએ જાણે અપ્રમાદવ્રત જ લીધું હતું. બુદ્ધ ભગવાન કહે છે: "અપ્રમાદી લોકો જ અમર છે. પ્રમાદી લોક તો મૂઆ જેવા જ છે." મરણ લગી અપ્રમાદ કેળવી મગનલાલભાઇએ અમૃત પદ મેળવ્યું.

अप्पमादो अमतपदं पमादो मत्युनो पदं
अप्पमत्ता न मीयन्ति ये पमत्ता यथा मताः ॥ धम्मपद

['મધપૂડા'માંથી] **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

કાલોપાસક મગનલાલભાઈ

આ દુનિયામાં અત્યંત મોંઘી વસ્તુ તે કાળ છે. દિન પર દિન ઘટતી મૂડી પર જિંદગીનો વેપાર કરવાનો હોય છે. એમાં એક ક્ષણ પણ કેમ બગાડાય? આ જાગૃતિ મગનલાલભાઈમાં અખંડ રહેતી. તેથી જ તેઓ આટલા અલ્પ કાળમાં આટલી તપસ્યા બતાવી શક્યા. અને જાણે अति दीर्घं जीवितं को रगेत । કહી ચાલ્યા ગયા. કાળ એમને ન હરાવી શક્યો.

[હસ્તલિખિત 'સરસ્વતી'માંથી] **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

તપસ્વી જીવન

બરાબર ચૌદ વરસ સુધી અમે એકબીજાને સમજવાનો પ્રયત્ન કર્યો, એક આદર્શ અને તદ્દન ભિન્ન મનોવૃત્તિનો અમારા જેવો બીજો દાખલો ભાગ્યે જ જડે. પહેલી મુલાકાતે જ અમે એકબીજા તરફ આકર્ષાયા, અને હું માનું છું કે અમારી વચ્ચેની છેલ્લી મુલાકાતે અમે એકબીજાને ઠીક ઠીક સમજી શક્યા. આશ્રમમાંથી હું વિદ્યાપીઠમાં રહેવા આવ્યો ત્યાર પછીના મારા અપૂર્વ અનુભવને લીધે હું મગનલાલભાઇને અને એમની દૃષ્ટિને જેટલાં સમજી શક્યો તેટલાં ચૌદ વરસોના સહવાસથી સમજી શક્યો નહોતો. એકબે વાર એ વિષે એમને કાગળ લખવાનું મન થયેલું, પણ સંકોચને લીધે રહી ગયું. આજે એમને લખવાને બદલે એમને વિષે લખવાનો અત્યંત દુઃખદ પ્રસંગ આવી પડ્યો છે.

ગાંધીજીના પરિવારમાં બધા લોકો મગનલાલભાઇને અખંડ કર્મયોગી તરીકે ઓળખે છે. હું એમને આજે અહિંસાના ઉપાસક તરીકે ઓળખાવવા માગું છું. અમારી

વચ્ચે અનેક તાત્ત્વિક મતભેદો હતા, તેથી અમારે હમેશાં લડવું પડતું. અને એમાં અમે કદી મોળાશ રાખવાનો વિચાર કર્યો જ નહોતો. અમારા મતભેદની શરૂઆતમાં જ મેં ગાંધીજીને કહેલું કે 'આત્મોન્નતિનો તીવ્ર પ્રયત્ન એ મગનલાલભાઈનો સૌથી મોટો ગુણ હું જોઉં છું. તેથી એમના સ્વાભાવિક ક્રોધ આગળ પણ હું પોતાને સુરક્ષિત માનું છું.' મારા એ અભિપ્રાયમાં મારે કદી ફેરફાર કરવો ન પડ્યો. આધ્યાત્મિક અને દેશસેવાની સંસ્થા ચલાવવી એ કંઈ રમત વાત નથી. ખાંડાની ધારની ઉપમા સાચે જ ક્યાંય લાગુ પડતી હોય તો આવે ઠેકાણે લાગુ પડે છે.

ગાંધીજી કહે છે એ સાચું છે. એમણે મગનલાલભાઈને અસહ્ય રીતે કફોડી સ્થિતિમાં મૂકવામાં મણા રાખી નથી. શરૂઆતથી આખર સુધી એવા એવા વિચિત્ર લોકોને ગાંધીજીએ આશ્રમમાં ભેગા કર્યા, અને એ લોકોએ એવો તો કડવો અનુભવ મગનલાલભાઈને ચખાડ્યો કે એમને ઠેકાણે બીજો કોઈ હોત તો સંસ્થા તોડીને ભાગી જ જાત. કષ્ટ અને અપમાન સહન કરવાં એ સહેલી વાત છે. બુદ્ધિ-શક્તિને અને ધર્મબુદ્ધિને પૂરેપૂરી તાણ પડે અને હૃદયથી મૂંઝાઈ જવાય એવી પરિસ્થિતિ ઊભી થાય એ પણ માણસ સહન કરે. પણ આવી પરિસ્થિતિમાં પોતાનું કૌટુંબિક જીવન હોમી દેવું અને પુત્રકલત્રની કફોડી દશા જોવી, તેમને ઠંડું આશ્વાસન આપવું, અને હસ્તે મોઢે કામ ચલાવવું એ તો મોટો યોગ જ છે. આશ્રમમાં સેંકડો લોકો આવ્યા અને ગયા. આશ્રમના નિયમો પાળીશું એવો એકરાર કરીને આવે અને આશ્રમનું વાતાવરણ ડહોળીને જાય, અને એ બધું

બલિદાનમાં અપાયેલા એક કુટુંબને હમેશાં ખમવું પડે એ કેવી વિચિત્ર સ્થિતિ! અને દરેક જનાર માણસ જતી વખતે જે ઝેરીલાં વચનો સંભળાવે તે મૂંગે મોઢે સહન કરવાં, અને બીજી જ ક્ષણે જે નવા લોકો આવે તેમના પ્રત્યે સદ્‌ભાવ રાખી તેમને આવકાર આપવો, એ કંઇ નાનીસૂની વાત નથી. ઘણા લોકોએ મગનલાલભાઇને નુકસાન કર્યું હશે, પણ મગનલાલભાઇએ કોઇનું નુકસાન કરવાનો ઇરાદો રાખ્યો હોય એવું મારા જોવામાં કદી આવ્યું નથી. હું એમને હમેશાં કહેતો કે 'મગનલાલભાઇ, તમે કોઇ પણ વસ્તુની બીજી બાજુ જોઇ શકતા નથી. તમારૂં આંધળાપણું તમને નડે છે.' ઘણાં વરસોને અંતે મેં જોયું કે એ દોષ મારામાં પણ હતો, અને તેથી મેં પણ એમને ખૂબ હેરાન કર્યા છે. અમે બંને એકબીજાની સ્થિતિ સમજતા હતા. તેથી અમને સામસામા લડવામાં રસ પણ ખૂબ આવતો. બાર વરસોને અંતે જ્યારે મગનલાલભાઇનું વચન મેં સાંભળ્યું કે 'કાકા સાથે મતભેદ ગમે તેટલો હોય, પણ એમની સાથે કામ કરતાં મને વાંધો નહિ આવે,' ત્યારે મેં ધન્યતા અનુભવી, પણ મને આશ્ચર્ય થવાનું કારણ નહોતું. ઘણાં વરસો પહેલાં મારા મોટા દીકરાએ એમનો ભારે અપરાધ કર્યો. મેં માન્યું કે મગનલાલભાઇની ક્ષમાની હવે હદ આવશે. તેઓ જે કંઇ પગલું લેત તેને હું યોગ્ય જ ગણત અને વધાવી લેત. મેં તરત એમને કહ્યું, 'અમે તમારા અપરાધી છીએ. તમે જેમ સૂચવો તેમ કરવા હું તૈયાર છું.' એ ઉદાર નરે 'કંઈ નહિ' કહીને બધું સંકેલી લીધું, અને પહેલાંના જેટલી જ મીઠાશથી આગળ ચલાવ્યું.

ગાંધીજીએ મને મારા કાર્યને અંગે પરિપૂર્ણ સ્વતંત્રતા આપી હતી. છતાં જ્યાં સુધી મગનલાલભાઈનો સંતોષ ન મળે ત્યાં સુધી કાંઈ પણ પગલું ભરતાં મને હમેશાં અવિશ્વાસ રહેતો. મિત્રો એને કાયરતા સમજતા. પણ હું જાણતો હતો કે મગનલાલભાઈ એ આશ્રમના આદર્શની અને તપસ્યાની જીવતી જ્યોત છે. આજે આશ્રમમાં જે કંઈ સારું છે તે ગાંધીજીને નહિ પણ મગનલાલભાઈને આભારી છે. મગનલાલભાઈના સદ્‌ગુણો ભલે ગાંધીજીને આભારી હોય.

મગનલાલભાઈનો ક્રોધ ઘણા જોતા. પણ એ ક્રોધ પાછળ ચારિત્રની સાત્ત્વિકતા, આશ્રમ પ્રત્યેની નિષ્ઠા, અને ઉજ્જવળ દેશભક્તિ હતી તે એ ક્રોધના ભોગ થયેલા ક્યાંથી જોઈ શકે? ન્યાયાધીશને જેમ અખંડ કડવાં કામો જ કરવાં પડે છે તેમ આ ચારિત્રશિથિલ અને પ્રમાદી સમાજમાં દેશસેવકને હર ક્ષણે કોઈ ને કોઈ માણસને દુભવ્યા વગર છૂટકો નથી થતો. મગનલાલભાઈને હાથે દુભાયેલા લોકોની ફરિયાદો મેં કેટલીયે સાંભળી છે. પણ કોઈને દુભવતાં તેઓ પોતે કેટલા દુભાતા હતા તેનો સાક્ષી હું છું. દિન પર દિન તેમનું વજન ઘટયું તે શારીરિક શ્રમને લીધે હોય એમ હું નથી માનતો. પણ આવી રીતે અનેક લોકોને સાચવવાના પ્રયાસમાં જ હૃદયની મૂંઝવણને લીધે લોહી બળી જતું હોવું જોઈએ. જેનું નામ એકવાર ક્રોધી પડયું તેને તો દર વખતે હદ ઉપરાંત ખામોશ પકડવાની રહે, અને દર વખતે પોતાને જ નીચોવવો રહે. મેં હમેશ જોયું છે કે મગનલાલભાઈએ લોકોનો ગુન્હો કર્યો હોય એથી

વધારે ગુન્હાઓ તો લોકોએ જ એમના પ્રત્યે કર્યા છે. અને એ બધું એમને એકાકી સહન કરવું પડયું છે. ગાંધીજી તો પોતાના સ્વભાવ પ્રમાણે જેને એકવાર પોતાનો ગણે તેને રામચંદ્રની પેઠે દુનિયાના સ્થંડિલ પર હોમી જ દે. જો પોતાની દયા ખાય તો જ પોતીકાંની દયા ખાય ને! ગાંધીજીના આ અલૌકિક પ્રેમનો આસ્વાદ હું ધારું છું બે જ જણને વિશેષે મળ્યોં છે: રાજાજી અને મગનલાલભાઈ.

શાંતિનિકેતનમાં અમે પહેલવહેલા મળ્યા ત્યારથી રાષ્ટ્રીય શિક્ષણનો અમે સાથે વિચાર કર્યો છે. અને રાષ્ટ્રીય શિક્ષણના મુખ્ય સિદ્ધાંતોનું આકલન એમને કોઈનાથી ઊતરતું નહોતું. રાષ્ટ્રીય શિક્ષણ દ્વારા આપણે કુશળ રાષ્ટ્રીય મજૂરો તૈયાર કરવા છે એ તેઓ બરાબર સમજ્યા હતા. અને રાષ્ટ્રીય મજૂરોનું જીવન અને એના વિચારો બંને ખડતલ હોવાં જોઈએ એ એમનો આગ્રહ હતો. એમને હમેશાં પોતાના જમાના સામે લડવું જ પડયું એ એમનું દુર્દૈવ.

ચૌદ વરસના સાથીના જીવનમાંથી અસંખ્ય સંસ્મરણો ભેગાં કરી શકાય. પણ મગનલાલભાઈના જવાથી આશ્રમને અને ગુજરાતને કેટલી ખોટ ગઈ છે એની કલ્પના કરવા માટે પણ એમના મરણનો આઘાત કંઈક ઓછો થવો જોઈએ. શુદ્ધ વારસો તેઓ પાછળ મૂકી ગયા છે. જેનામાં હૈવત હોય તે તેમના સદ્‌ગુણોનું અનુકરણ કરે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

સદ્‌ગત મગનલાલભાઈ

મગનલાલભાઈના અવસાનથી થયેલા દુઃખના તારો અને કાગળો હજી ચાલ્યા આવે છે. વિલાયતથી મિ૦ પોલાકના અને દક્ષિણ આફ્રિકાથી અનેક મિત્રોના તારો આવ્યા છે. એ અવસાનથી દેશને જે ભારે ખોટ ગઈ છે તેને માટે ખેદ બતાવનારા કાગળોમાં લાલાજી, પંડિત જવાહરલાલ અને બીજા અનેક નેતાઓના કાગળો છે. બધા પત્રો અહીં ઊતારવા મુશ્કેલ છે. ઘણા તો સદ્‌ગતના ગાઢ સંબંધમાં આવેલા નહોતા, પણ સદ્‌ગતનું કામ જાણતા હતા. મૌલાના મહમદઅલી કહે છે: 'આપને કેટલો કારી ઘા લાગ્યો હશે તેની કલ્પના કરી શકું છું. એમનું પ્રેમળ વર્તન ચકિત કરે એવું હતું.' શ્રી. વિજયરાઘવાચાર્ય જેવા સજ્જન જેઓ અહીં માત્ર એક જ વાર આવ્યા હતા તેઓ લખે છે: 'એમની નમ્રતા તો આશ્ચર્ય પમાડે એવી હતી. એમના જવાથી દેશને ભારે ખોટ પડી છે.' એક પારસી સજ્જન લખે છે: 'મગનલાલભાઈ આશ્રમ હતા, આશ્રમ

મગનલાલભાઇ હતા.' પંડિત મોતીલાલજીનો કાગળ તો અહીં આપી દઉં:

"ભાઇ મગનલાલના અકાળ અને અચાનક મૃત્યુના ખબરથી મને ભારે ખેદ થયો. આપને તો કેટલો આઘાત પહોંચ્યો હશે! તેમની સાથે બહુ પરિચયમાં હું નહોતો આવ્યો, પણ અમે પહેલીવાર મળ્યા તે વેળા તેમણે મારા ઉપર ઊંડી છાપ પાડી હતી તે હું ભૂલી શકતો નથી. કેટલાંક વર્ષો ઉપર તેઓ મારે ત્યાં આવેલા. એકબે મિત્રો સાથે એક રાતે તેઓ આવી પહોંચેલા. એકાદ દિવસ રહીને ભાગી ગયા હતા. અમે તેમને જે કાંઇ સગવડ કરી આપી તે લેવાની તેમણે ના પાડેલી. સૌએ જમીન ઉપર જ સૂવાનો આગ્રહ રાખેલો, અને સૌએ જાડામાં જાડો જે ખોરાક લાવેલા તે ખાધેલો. તેઓ મને સાચ અને ગાંભીર્યની મૂર્તિ લાગેલા. તે પછી એકાદ બેવાર મળ્યા હું, પણ તે તો કેવળ પ્રસંગોપાત્ત. આપને જે ભારે ખોટ ગઇ છે તેમાં મારી હૃદયપૂર્વક સહાનુભૂતિ છે."

આ અનેક વર્ષો ઉપરના મગનલાલભાઇનું ચિત્ર એમના મરણપર્યંત સાચું હતું. 'ચરખા'ને કેવી ખોટ પડી છે તે ચરખાસંઘના મંત્રી શ્રી. શંકરલાલભાઇ જણાવે છે:

"ભાઇ મગનલાલભાઇનું અવસાન ચરખાસંઘને માટે ભારે આઘાતરૂપ છે. આ સંસ્થાનું અસ્તિત્વ એમને જ આભારી છે. એની 'ખાદીમંડળ' તરીકેની સ્થાપના એમના જ વિચાર તથા પ્રયાસનું પરિણામ છે. અને આરંભના વિકટ સમયમાં પૂ૦ ગાંધીજીના જેલવાસ દરમ્યાન એમણે જ અનન્ય ભાવ તથા કાળજીથી એનું પોષણ કર્યું છે. એ સંઘની પ્રવૃત્તિમાં એમનું સ્થાન તો ખાલી જ છે. ગ્રામ્ય મજામાં રહેલી કળાને ઉપયોગમાં આણવાનું કામ ઠીક થઇ રહ્યું છે, પરંતુ આ પ્રવૃત્તિને સંગીન પાયા પર મૂકવા માટે એ કળામાં રહેલી ન્યૂનતા દૂર કરી એનો વિકાસ કરવાની તથા એ માટે ઉત્તમ અનુકૂળ સાધનોની શોધ કરી પૂરાં પાડવાની આવશ્યકતાને પહોંચી વળવાનું સામર્થ્ય તો એમનામાં જ હતું. એમના જવાથી સંઘનું કામ

વિકટ થઇ પડ્યું છે. ગરીબડી ગ્રામ્ય પ્રજાએ એના પ્રાણરૂપ ઉદ્યોગના સમર્થમાં સમર્થ સેવક ખોયા છે.”

પણ એ કાગળો ઉપરાંત જે આમવર્ગના કાગળો આવ્યા છે તેમાંના કોક તો મગનલાલભાઇને કદી રૂબરૂ મળેલા પણ ન હશે. એ કાગળો આમવર્ગનું હૃદય કેટલું ઘવાયું છે તે વ્યક્ત કરનારા હોઇ અહીં એકબે આપું છું:

“વંદનીય મગનલાલભાઇના અવસાનથી શોકની સીમા નથી. હું ચરખાસંઘનો સભ્ય હોઇ સાધન અને સમયના અભાવે અહીં મુંબઇ આવ્યા પછી કાંતી શકતો નથી. પણ મગનલાલભાઇના અવસાનનો ખરો ‘ખરખરો’ તો કાંતવાનું પાછું શરૂ કરીને જ કરાય એમ મને લાગવાથી મારી પાસેના બરાબર ન ચાલતા દિલ્હીના પેટી-રેંટિયાથી સો વાર સૂતર કાંતી તેને પાણીથી ફૂંકારવાને બદલે મારા શોકનાં આંસુથી ભીંજવીને આપને મોકલું છું.”

એક બીજા ભાઇ લખે છે:

“૨૯ મીનું ‘નવજીવન’ વાંચી અંતરમાં દાવાનળ પ્રગટ્યો છે. અરે, નાતાલ છોડ્યા પછી રામ અને રામના દાસનાં દર્શનની લાલસા છેક પરવશ દશામાં મનમાં જ રહી ગઇ. હરિશ્ચંદ્રની કસોટીમાં ઈશ્વરે શું બાકી રાખેલ! તેમ જ આપનું સમજી ભાઇ મગનલાલના સ્વર્ગવાસ વિષે શું લખવું એની શુધબુધ ભૂલીને આ લખું છું. વિનય, વિવેક અને સેવાની મૂર્તિ જતાં ઝાડ પણ રોશે તો મનુષ્યનું શું લખું?”

વણકરભાઇઓના પત્રો તો હોય જ. એક ભાઇ લખે છે:

“અત્યારે મગનલાલભાઇના આધાર વિનાનો હું થઇ રહ્યો છું. અમારો મગનલાલભાઇએ બાધ ગણ્યો નહોતો, અમને પોતાને રસોડે જમાડેલા. એકવાર બારડોલીથી અમદાવાદ જતા હતા. અમારી પાસે દાતણ ન મળે. એક દાતણની બે ચીરી કરીને મગનલાલભાઇએ

મને એક આપી, અને એક પોતે દાતણ કર્યું એવો અંત્યજો પ્રત્યે તેમનો પ્રેમ હતો."

બીજા ભાઇ લખે છે:

"એમના અવસાનના શોકનિમિત્તે ચાર અંત્યજ ભાઇઓએ માંસાહાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી છે."

અપૂર્વ તર્પણ

મગનલાલભાઇને વિષે જ્યારે સ્નેહીઓને, મિત્રોને, અજાણ્યાને આટલું લાગે ત્યારે સ્વજનને, તેમને જન્મ આપનાર માતપિતાને કેટલું લાગતું હશે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. પણ ધીરજની મૂર્તિ સમા તેમના વૃદ્ધ પિતાશ્રી બીજાને ધીરજ આપી રહ્યા છે. માતુશ્રીનું પણ લગભગ તેમ જ. રાજકોટમાં લોકરૂઢિ પ્રમાણે બધો વિધિ કરવાને ગંગાસ્વરૂપ સંતોકબહેનને બોલાવવાને બદલે તેઓ અહીં આવ્યાં, અને દુઃખી વહુને સોડમાં લીધાં, રોકકળની તો વાત જ શી! રાધાબહેન જે પિતાશ્રીની સેવામાં રહેવાને ભાગ્યશાળી થઈ હતી તેણે અવસાનનો આખો ચિતાર આપ્યો, એ અલૌકિક મૃત્યુની વાતો કરી, પણ તે પણ ધીરજ ખોયા વિના. કેશુભાઇએ મૃત્યુની દશમી તિથિ આવતાં ગાંધીજીને વિનયપૂર્વક જણાવ્યું: 'મને શ્રાદ્ધ કરવામાં શ્રદ્ધા નથી. અને અસત્ય અને દંભ આચરી હું પિતાનું તર્પણ શી રીતે કરું? એના કરતાં પિતાને જે વસ્તુ પ્રિય હતી તે કરું. ગીતાનું પારાયણ ત્રણ દિવસ કરીએ, અને ૧૨ કલાક ત્રણે દિવસ રેંટિયો ચલાવીએ.' ગાંધીજીએ તો આ માગણી વધાવી લીધી જ, પણ મગનલાલભાઇના પિતાશ્રી અને માતુશ્રી પણ અનુકૂળ થયાં. ૧૦, ૧૧ અને ૧૨મી શ્રાદ્ધતિથિએ આશ્રમની પ્રાર્થનાભૂમિ જે

મગનલાલભાઇએ જ ગોઠવેલી તેના ઉપર આખી ગીતાનું પારાયણ મગનલાલભાઇનાં છોકરાંએ અને ભત્રીજાઓએ કર્યું અને તેમાં આશ્રમનાં ભાઇઓ અને બહેનો ભળ્યાં, અને બાર બાર કલાક ચાલતા અનેક રેંટિયામાં નાનાંમોટાં સૌએ ભાગ લીધો. ગંગાસ્વરૂપ સંતોકબહેન પણ આ કાંતવાના તર્પણમાં પ્રસન્નતાપૂર્વક ભાગ લઇ રહ્યાં છે. તેમનાં સાસુ, તેમનાં જેઠાણી, તેમનાં વૃદ્ધ માતા સૌ તેમને રોવરાવવાને બદલે આશ્વાસન આપે છે, અને બપોર પછી સૌ ભેગાં મળી સ્વ. મગનલાલભાઇનું પ્રિય તુલસીરામાયણ વાંચે છે. જેવું ધન્ય મૃત્યુ હતું તેને જ અનુરૂપ તર્પણ થઇ રહ્યું છે.

આમ મગનલાલભાઇનું કંઇક તર્પણ કરવાનું જન્મથી બનેલાં તેમનાં સ્વજનોને જ નહિ, પણ કર્મથી બનેલાં તેમનાં સૌ સ્વજનોને સદ્ભાગ્ય મળ્યું. હજી પૂરું તર્પણ તો તેઓ જે વારસો છોડી ગયા છે તેને લાયક થશું ત્યારે જ થશે.

મહાદેવ હરિભાઇ દેશાઇ

આશ્રમનો સ્તંભ પડ્યો

મગનલાલના અકાળ અને ખેદજનક અવસાનનો તાર વાંચી આભો જ બની ગયો. આશ્રમ આખો દિલગીરીમાં ડૂબી ગયો છે. સત્યાગ્રહ આશ્રમનો થાંભલો પડ્યો. બાપુની ગેરહાજરીમાં એ એક જ પુરુષે આશ્રમ સાચવેલું, અને આશ્રમની બાહ્ય રચના તો બધી જ એમને આભારી હતી. આશ્રમ અને આખા ગુજરાતને તેમ દેશને ભારે ખોટ ગઇ છે.

ખાદીનો એ પ્રાણ કહીએ તો ચાલે. એમની ખોટ પૂરી થઇ શકે એમ નથી.

એ ખોટ મને તો ખૂબ સાલે છે. આ વખતે ગયા ત્યારે મારી રજા માગેલી તે હું નહોતો આપતો, કારણ કે મારે એમનું બહુ કામ હતું. એમનું કામ બીજાથી થઇ શકે એમ નહોતું. જ્યારે એમણે તુરત પાછા ફરવાની શરતે રજા માગી ત્યારે મેં લાચારીથી આપી. હજીયે એ ગયા એમ મારા માનવામાં આવતું નથી. હું આશ્રમમાં આવતો થયો

ત્યારથી જ મારી આંખ એમના ઉપર ઠરી, અને હું અને એ બેઉ સગા અને સમોવડિયા ભાઇ હોઇએ એમ મને લાગવા માંડ્યું. જો કોઇ પણ વ્યક્તિ પ્રસંગે અપ્રસંગે જ્યારે જ્યારે હું જોઉં ત્યારે કંઇ ને કંઇ કામમાં રોકાયેલ હોય તો તે મગનલાલભાઇ. મેં એમને કોઇ વખત નવરા ભાળ્યા જ નથી. એમનું શરીર ખૂબ કસાયેલું અને વજ્ર જેવું હતું. પરંતુ છેલ્લાં બેત્રણ વર્ષથી એમના શરીર ઉપર હદ ઉપરાંત બોજો ઉઠાવ્યાનાં અને કંઇક માનસિક ચિંતાનાં ચિહ્ન માલૂમ પડતાં હતાં.

આશ્રમ તો એમણે જ ઊભું કરેલું છે. આપનો બધો જ બોજો એ પોતે ઉઠાવી અથાગ મહેનત કરતા હતા. અને આપ બે વર્ષ જેલમાં રહ્યા ત્યારે તો બધો જ બોજો એમને માથે પડ્યો. આપનું તો સૌ માન પણ રાખે, કોઈ વાત ગમે કે ન ગમે તોપણ બધા કબૂલ રાખે, પરંતુ આપની ગેરહાજરીમાં આશ્રમનો બોજો ઉઠાવનારને કાંટાની પથારીમાં સૂવાનું હતું, અને એ તો મગનલાલ જેવા મજબૂત મનના ઉગ્ર તપશ્ચર્યા કરનારનું જ કામ, બીજાનું ગજું નહિ. દૂર રહ્યો રહ્યો કોઇ કોઇ વખત એમની આ સ્થિતિમાં કંઇક મનનો ભાર હલકો થાય તે સારૂ તેમની પાસે જઈ મીઠી મીઠી વાતો કરતો અને તેમનું મન કંઇક હળવું થતું.

આશ્રમમાં એમના જેટલું તપ કોઇએ કર્યું નથી અને આપના સિદ્ધાંતોનો સર્વાંશે અમલ કરવાનો સતત પ્રયત્ન તો એમણે જ કરેલો એમ હું માનું છું. ખાદીનું બીજ આપે વાવ્યું પણ તે ઊગતાંની સાથે એને પાળી પોષી સંભાળથી ઉછેરનાર તો એ જ હતા.

ગુજરાતના જાહેર હિતના કામમાં તેમણે મને અનેક પ્રસંગે અમૂલ્ય સહાય આપી છે. છેલ્લું રેલસંકટ વખતનું તેમનું કાર્ય તો અદ્‌ભુત હતું. વિઠ્ઠલપુર બાંધવાનું કામ તો અધૂરૂં મૂકીને જ ગયા.

મને લાગે છે કે આપના સાથીઓ બધા જ અપૂર્ણ છે, અને તેથી હિંદુસ્તાનમાં આજે આપના સિદ્ધાન્તોનો અમલ થતો નથી; એટલે ઈશ્વરની ઇચ્છા જ એવી હશે કે બધા અપૂર્ણ સાથીઓ સાથે આપે ફરીથી જન્મ લેવો અને દેશનો ઉદ્ધાર કરવો, અને તેની ભૂમિકા તૈયાર કરવાને મગનલાલભાઇને આગળ મોકલ્યા હોય તો કોને ખબર છે? એને ગમ્યું એ ખરૂં. જે કરતો હશે તે સારાને માટે જ કરતો હશે.

આપનો તો આ ઉમ્મરે આધાર ગયો. પણ આપ તો અમને સૌને દિલાસો આપનાર એટલે અમારે આપને શું લખવાનું હોય? હું હાલ તો અહીંનું કામ છોડી આવી શકું એમ નથી. બાકી એક વખત આ પ્રસંગે મળી જવાની ખૂબ ઇચ્છા થાય છે.

વલ્લભભાઇ પટેલ

ધન્ય મગનભાઇ!

મુ. મગનલાલભાઇનું ગુજરી જવું આપને માટે એટલું ભયંકર છે કે તેની પૂરી કલ્પના નથી આવી શકતી. ગઇ કાલે રાતે હું ફીનિક્સથી માંડીને મુ. મગનલાલભાઇ સાથેનો આખો સંબંધ મનમાં ઘોળી રહ્યો હતો. શાથી એ વિચારો આવ્યા એ કહી નથી શકતો. તેઓ પટણામાં બીમાર છે એવો ખ્યાલ પણ નહોતો, છતાં એકાએક મગનભાઇને ધન્ય છે, એમ મારા મોંમાંથી નીકળ્યું.

આશ્રમમાં અત્યારે ઉદ્વેગ વર્તી રહ્યો હશે. શોકાતુરની ગણતરીમાં હું પણ આવી જાઉં, છતાં હજુ 'ધન્ય મગન-ભાઇ'નો ઉદ્‌ગાર નીકળ્યા કરે છે. તેમણે આપનાં કાર્યોમાં જે શક્તિ રેડી એ બીજા કોઇએ નથી રેડી. તેમણે જે ઉપાડ્યું તે દીપાવ્યું અને પૂરૂં કર્યું. તેમના વિના આજે રેંટિયો ક્યાં હોત! તેમનો આદર્શવાદ આશ્રમના પાયામાં જડેલો. તેમનું એકે કામ અધૂરૂં નથી રહ્યું એ તેમના આત્માને શાન્તિ આપશે. હમણાં તેઓ કંઇક હતાશ હતા, પણ

તેમનો આત્મા ઊંચે ચઢ્યો હતો. આશ્રમમાં તેમની સાથે અહીં આવતાં પહેલાં મારે વિગતવાર વાતો થયેલી તે ખ્યાલ મને આજે થોડાઘણો સંતોષ પમાડે છે. તેમનો સંયમકાળ મોટમોટાને પણ અદેખાઈ ઉપજાવે એવો હતો. અને તે દિવસે સાંજે તેમણે પોતાના અમૂલ્ય અનુભવો મને સંભળાવ્યા હતા. હું તેમના હૃદયમાં એ વાતચીત પછી વધુ પ્રવેશ પામ્યો, ત્યારે મારા હૃદયની તેમના પ્રત્યેની પૂજ્ય ભાવનામાં વધારાઘટાડાનો સવાલ જ નહોતો રહ્યો. તેમનું મરણ મને નમ્રતા શીખવે છે. મરણ ગમે તેની આગળ ગમે ત્યારે આવી ઊભું રહે છે એના દાખલાની મને જરૂર હતી તે મળ્યો. તે દરમિયાન તેમની જિંદગીનુ અનુકરણ એ જ સીધો અને સરળ માર્ગ છે. તેમના તપને કેટલા પહોંચી શકશું ? આપણે સદ્‌ગતનું સ્મારક શું બાંધશું ? આજે સૌએ ઉપવાસ તો કર્યો. આજે કોઈને અન્ન ભાવે જ કેમ ? પણ આગળ ? મને મારા સંયમના પ્રયત્નોમાં વધુ પ્રયત્નવાન થવાનું બળ મળ્યું છે. એ ઉપરાંત કશું કહી નથી શકતો. તેમના આત્માને જાગૃત રાખવાને આશ્રમ તો કંઈક કરશે જ. મારા જેવા બહાર રહેનાર તેમાં જે ભાગ આપી શકે અને જે લાગણી થાય તે આપે. અત્યારે તો આજની તિથિ મારે માટે હમેશાં ‘સંયમતિથિ’ રહેશે, અને તે દિવસે ઉપવાસ નહિ પણ જેને સંયમનું વધુ સારૂં લક્ષણ ગણાય તે અત્યંત અલ્પાહાર કરીશ. એક વર્ષ સુધી દર અઠવાડિયે હું ‘સંયમતિથિ’ પાળીશ અને એ ઉપરાંત આશ્રમમાં જે થશે તેમાં ભાગ આપીશ.

દેવદાસ ગાંધી

સ્વ૦ મગનલાલભાઈના પત્રો

[સ્વર્ગસ્થ મગનલાલભાઈના કેટલાક પત્રો 'મગનકાકા' વાળા લેખમાં આપ્યા છે. અહીં બાકીના આપવામાં આવે છે.]

એક સજ્જને સ્વર્ગસ્થના એક પત્રની નકલ મોકલી છે. સાથે તેમણે જણાવ્યું છે: "એ પત્ર મને સંઘરી રાખવા જેવો ને વખતોવખત વાંચી મનન કરવા જેવો લાગ્યો છે."

× × × તમારી સાંસારિક વાત તમે લખી તેને હું આવકાર આપું છું. લગભગ તમારા જેવી દશા—જોકે મને ઘણા સંજોગો અનુકૂળ હતા—મેં પણ પસાર કરી છે. મેં બહુ તાપ ભોગવ્યા છે એટલે તમારી સ્થિતિ હું યથાતથ્ય કલ્પી શકું છું. હું જે લખું તે શીખામણરૂપે ન માનશો. મારા અનુભવનો સાર કહીશ. તમે તેમાંથી લેવા જેવું લઈ લેશો.

પુરુષે સ્ત્રીની નિર્બળતા કલ્પી લેવી નહિ જોઈએ. સ્ત્રીને પૂજ્ય ગણવી એ પુરુષને છાજે છે, એ તેનો ધર્મ છે. એમ જો મનમાં બરાબર ઠસાવી દઈ શકાય તો જ વિકારમાંથી ઊગરી શકાય. માણસ

વિકારને વશ થાય છે ત્યારે તેને ભાન નથી હોતું કે પોતે કેવો હીન બની જાય છે. સ્ત્રી એને પારખી શકે છે, ને પુરુષની વિહ્વળતાની અસર તેના પર તુરત થાય છે. નિર્વિકારી પુરુષ પ્રત્યે તેની વૃત્તિ નિર્મળ રહેશે જ. સ્ત્રી સ્વભાવે જ ક્રિયાશીલ છે; પુરુષ કર્તા છે. કહેવાયું છે કે સ્ત્રી અનર્થનું મૂળ છે, પણ એમ નથી. એમ કહેનારા પુરુષો જ છે એટલે તે એમ કહે. અનર્થનું મૂળ પુરુષો છે. તમારે વાસનાને ઊખેડવી જોઈએ. જો તમે તમારાં પત્નીને સમજાવી શકો તો તેમની પાસે અલંકારનો ત્યાગ કરાવશો, રંગીન વસ્ત્રોનો ત્યાગ કરાવશો. તમે તેમને કહી શકો છો કે અલંકાર અને વસ્ત્રથી જો પતિને જ રીઝવવો હોય તો પતિ તો ખાદીના વસ્ત્રથી રીઝ્યો પડ્યો છે. પણ જો તે જગતને દેખાડવા ખાતર હોય તો પતિવ્રતા સ્ત્રીનો ધર્મ નથી કે બીજાની આંખોને પોતા પ્રત્યે આકર્ષવી. અલંકાર અને આભૂષણવાળી સ્ત્રીને હું **કંદોઈની દુકાને પડેલી મીઠાઈની સાથે સરખાવું છું.** તેના પર રસ્તે ચાલતા અનેક લોકો નજર કરી પોતાના મુખમાં પાણી લાવે છે. તેના ઉપર અનેક જંતુઓ બેસી તેને એઠી કરે છે. પણ જંતુની એઠ કરતાં તે મનુષ્યોની એઠ વધારે પ્રમાણમાં છે. શૃંગારને સજનારી સ્ત્રી તે આવી એઠ થઈને ફરે છે. તે જો તેને ભાન હોય તો સ્વાભિમાન-વાળી કોઈ સ્ત્રી તેને સજે નહિ. કુદરતી સૌંદર્ય તેનામાં ક્યાં ઓછું છે? જો પવિત્ર ભાવના તથા પવિત્ર લેબાસમાં તે લપેટાયેલી હોય તો તેના તરફ પૂજ્ય દૃષ્ટિ જ ઉત્પન્ન થાય છે. આમાં શુદ્ધ રસજ્ઞતા સમાયેલી છે. × × × ×

અને એટલું કહ્યા પછી જરા અંતરની સ્વચ્છતા વિષે કહી દઉં. તમને ખોરાકની સાદાઈ વિષે કહેવાની જરૂર નથી, કેમકે તમે ગરીબાઈથી જ રહો છો. પણ તે છતાં એક પ્રયોગ કરી જોશો. મીઠાનો ત્યાગ ત્રણેક કે છએક માસ માટે કરી જોશો. પણ દૂધ ન ત્યાગશો, અથવા ઘી જો પોસાય તો ઘીનો ખોરાક રાખશો. દૂધને બદલે છાશ વાપરો તો ઠીક છે. શાક મીઠા વગરનું ખાઈ શકો છો. ખીચડી

મીઠા વગરની ખાઇ શકો છો. કાગદી લીંબુ જો ત્યાં સુલભ હોય તો તે લવણની અવેજીમાં લઇ શકો છો.

હજી એક ત્રીજો વિચાર કરવા જેવો છે. તમને સંતતિની ઇચ્છા છે? તમારાં પત્નીને છે? જો હોય તો તમારા કુટુંબનું કોઇ બાળક સાચવવાને મેળવો, અને તેને તમારૂં કરી લો. જો આ બાળકમાં તમે બન્ને તમારૂં મન ખૂંચાડી શકો, તેનામાં બધો પ્રેમ રેડી શકો, તેને વિષે ચિંતાતુર રહેતા થઇ શકો, તો તમારી વચ્ચેની પ્રેમની ગાંઠ જુદું રૂપ પકડશે. તમારો અરસપરસનો પ્રેમ વિષયમાં ઠાલવવાને બદલે તમે બાળક ઊછેરવામાં, તમારી બન્નેની બધી શક્તિઓ તેનામાં રેડી દેવામાં ઉદ્યોગશીલ થશો, અને તમે વિષયમાંથી બચી શકશો. પણ આ બહુ દિવ્ય દશા છે. હું તે દશાની વાત કરતાં પણ શરમાઉં છું. છતાં તે અનુભવેલા રહસ્યની કહાણી છે. દંપતીને જ્યારે પોતાનું બાળક અવતરે છે ત્યારે જો તે વિષયલંપટ ન હોય તો પછી તેનો વિષય ઓછો તો થાય જ છે, ને જરા પુરુષાર્થ કરે તો સદંતર જીતી લઇ શકે એવી મારી પ્રતીતિ છે, અને બાળકમાં તે પોતાનું સર્વસ્વ રેડી દઇને કૃતકૃત્ય થાય છે. જો તમે બન્ને એવો ભવ્ય નિશ્ચય કરી શકો કે આ ગુલામ પ્રજામાં ઉમેરો કરવો નથી પણ એકને, તમારી શક્તિ હોય તો બે, જન્મેલાં ગુલામ બાળકોને સોડમાં લઇને તેમને સ્વતંત્ર કરવાને વધારે સહેલું છે, વધારે પુણ્યકર્મ છે, તો સંતતિ ઉત્પન્ન કરવાની જાળમાં ફસાતાં બચી જશો. પણ આ લખતાં હું શરમાઉં છું. હું આ વચનો લખવાને લાયક નથી, પણ એ વસ્તુ મને સાવ દીવા જેવી દેખાઇ છે તેથી હું તમને લખું છું. મારી અપાત્રતા તમે દરગુજર કરશો. પણ જો તમે સંતાન ઉત્પન્ન કરવાના વિચારથી વળી ન શકો તો એવો સંકલ્પ કરી શકો છો કે બે અથવા ત્રણ અથવા પાંચ વરસ પર્યંત મન, વચન અને કર્મથી અખંડ બ્રહ્મચર્ય પાળ્યા પછી પ્રજોત્પત્તિમાં પ્રેરાવું.

[સ્વ૦ મગનલાલભાઇના બહુ મહત્ત્વના પત્રો તો ગાંધીજી ઉપરના જ હતા, પણ તે તો ઘણાખરા નષ્ટ

થયા છે. ઘણોખરો વખત ગાંધીજી દેશમાં ફરતા હોય અને તેઓ આશ્રમની રખવાળી કરતા હોય ત્યાં તેમને બીજાઓ ઉપર તો કાગળ લખવાનું શેનું બને? પણ ક્વચિત કામ પ્રસંગે નીકળવાનું થતું તો ઘરમાં બાળકો ઉપર તેઓ કાગળ લખતા, તેમાંના કેટલાક મળી આવ્યા છે.]

હું કેમ ઘડાયો?

[આ કાગળ ૧૯૨૫ના ઑગસ્ટમાં પોતે પટણા ગયા હતા ત્યારે નાની દીકરી ઉપર લખાયેલો છે. એમાં તેમણે પોતાના ઘડતર ઉપર કાંઇક પ્રકાશ પાડ્યો છે, અને દીકરીને માટે જ્ઞાનનો માર્ગ ખુલ્લો કર્યો છે.]

× × × ×

તમારા કાગળમાં જ્યાં માત્રા કે અનુસ્વાર રહી ગયાં છે તે તથા જ્યાં વધારે સ્પષ્ટ કહેવાપણું હોય તે સુધારીને કાગળ પાછો મોકલ્યો છે. તમે ધ્યાનપૂર્વક વાંચીને બધા સુધારા તપાસી જશો કે જેથી ફરી તેવી ભૂલો ન રહે.

તમારી વિચાર દર્શાવવાની શક્તિ હું ધારતો હતો તે કરતાં સારી દેખું છું, ને તેથી રાજી થયો છું. તમે આવો ખુલાસાથી કાગળ મને આ પહેલો જ લખ્યો છે.

તમે એવી જ રીતે હેત લખતા રહેશો તો થોડા વખતમાં તમારી વિચારશક્તિ અને વિચારને પ્રગટ કરવાનું વાહન જેને આપણે ભાષા કહીએ છીએ તે ખીલી નીકળશે. હું સાત અંગ્રેજી ભણી ઊતર્યો ત્યાં સુધી લખવાની ને વિચાર પ્રગટ કરવાની શક્તિ મારામાં જાગી નહોતી. પછી પૂ. બાપુ સાથે દક્ષિણ આફ્રિકા ગયો અને ત્યાં તેમણે બહુ હેતપૂર્વક કાગળ લખવા માંડ્યા, અને દર અઠવાડિયે ટોંગાટથી જોહાનિસબર્ગ મારે તેમને એક કાગળ લખવો એવી આજ્ઞા કરી. મારે ત્યાં તેમના સિવાય કોઈ નહોતું. એટલે તે આજ્ઞા મેં બરાબર

નિખાલસપણે પાળી. મારાં હર્ષ, શોક, અભિલાષા, મહત્ત્વાકાંક્ષા એટલે ખૂબ ઊંચે ચઢવાની આકાંક્ષાના જેવા ઉમળકાઓ મારા બાળક મનમાં ઊઠતા તેવા હું લાંબા લાંબા કાગળો દ્વારા તેમને જણાવતો. તેઓ પણ લગભગ દર અઠવાડિયે મને કાગળ લખતા ને ક્યારેક દિલાસો, ક્યારેક ઉત્સાહ અને ક્યારેક શીખામણો આપી હું જાણે ત્યાં એકલો નથી જ એવો આભાસ મને આપતા. અર્થાત્ (એટલે કે) જાણે તેઓ મારી સાથે જ છે એવી પ્રતીતિ મને કરાવતા. જેમ માણસ પોતાના પ્રેમી વડીલ પાસે અથવા તો મા પાસે અથવા તો મિત્ર પાસે અંતર ખોલીને વાતો કરે તેમ હું કાગળ દ્વારા તેમની સાથે વાતો કરતો. પછી તેઓ મને લખે કે તું ફલાણી ચોપડી વાંચી જજે. એટલે હું તે ચોપડી વાંચી જાઉં. વાંચીને પછી તેમને જણાવું કે એ ચોપડીમાંથી મને શું શું ગમ્યું, અને તેમાંથી મેં શો સાર ખેંચ્યો. ક્યારેક ચોપડી વાંચતાં વાંચતાં હું લખું કે અમુક પ્રસંગ સરસ છે, અથવા તો તે ઠીક નથી. પછી પૂ. બાપુ મને બીજી ચોપડી વાંચવાની સૂચના આપે. આમ કરતાં કરતાં હું બાપુના ભક્ત બન્યો. એક જંગલી ઉન્મત્ત જુવાન હતો તેમાંથી વિચાર કરતો અને પોતાની દશાનું તથા આસપાસની દુનિયાનું ભાન કરતો તેમણે મને આવી રીતે પત્રવ્યવહારથી બનાવ્યો. અને પછી તો તેમણે અંગ્રેજી ભણાવવાનું ટપાલથી શરૂ કર્યું. મને જરા લખતાં વાંચતાં આવડતું હતું એટલું જ નિશાળમાંથી શીખીને હું નીકળ્યો હતો. પણ જે જે વાંચવું તેનો રસ સમજવો અને પછી તે પર વિચાર કરવો એ વાત તો જાણતો જ નહોતો. હું બાપુને અંગ્રેજી પાઠ અથવા તો કવિતા તેઓ જે આપે તે લખીને તેનું ભાષાંતર કરીને મોકલું. બાપુ તે સુધારીને મને પાછું મોકલે ને તે પર ઘટતી ટીકા કરે. કેટલીક વખત અંગ્રેજી કવિતાનું અંગ્રેજી ગદ્યમાં રૂપાન્તર લખી મોકલવાનું થતું, અને પછી બાપુને ફુરસદ ન હોય તો મિસ સ્લેશીન પાસે સુધરાવીને મને મોકલતા. આમ હું માત્ર પોપટની પેઠે ભણી ઊતર્યો હતો તેને પૂજ્ય બાપુએ ગણતો કરી મૂક્યો,

આ બધું વર્ણન મેં તમને લખી જણાવ્યું તે તમને સમજાવવા કે કાગળપત્રથી કેટલું થઇ શકે છે. આમાં જરાય અતિશયોક્તિ નથી એમ માનજો.

તમે મને બાના સંબંધમાં કહ્યું કે કામ કરતાં કરતાં ભણાય તેટલું ભણવું એવો તેનો મત છે, અને તેને લીધે તમને લાગે છે કે તમારી પ્રગતિ જોઇએ તેટલી થઇ નથી. આ વાત તમે લખી તેથી હું બહુ રાજી થયો છું. પણ તેમાં એક રહસ્ય છે તે હું તમને સમજાવું.

બાની આ વાતમાં કાંઇ અયોગ્યપણું નથી. તમે તેને રાજી રાખવા અથવા તો તેની લાગણી રાખીને ભણવાને ભોગે કામમાં વધારે વખત આપ્યો તેથી તમારું એક અણુમાત્ર પણ અહિત નથી થયું, એ વાત તમે વિશ્વાસપૂર્વક માનજો. જે બાળકો પોતાની મનગમતી પ્રવૃત્તિ, માબાપની નીતિયુક્ત અથવા લાગણી ભરેલી (જેમાં નીતિનો વિરોધ ન હોય તેવી) ઇચ્છાને આધીન થવાને સારૂ દાબી રાખે છે તેનું ઈશ્વર સદા કલ્યાણ જ કરે છે. તેવા બાળકને પોતાને ન સમજાય તેવી રીતે બોધી જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને તે બોધી જ્ઞાન જ્યારે પાકે છે ત્યારે તે બાળક

બપોરે બાર વાગ્યે.

(ઉપલું લખ્યું ત્યાં શ્રી. રાજનબાબુએ પૂછ્યું કે લાયબ્રેરી જોવા આવવું છે? હું કાગળ મૂકીને ઊઠ્યો ને બાપુ તથા રાજન બાબુ સાથે ગયો. આ લાયબ્રેરીમાં પાંચસો પાંચસો, સાતસો સાતસો વરસનાં જૂનાં હસ્તલિખિત પુસ્તકો તથા ચિત્રો જોયાં. ચિત્રોમાં રંગની અને રેખાઓની જે નાજુકાઈ જોઇ તે તો અવર્ણનીય જ હતી. ફરદુશીનું હસ્તલેખી શાહનામું અને દરેક કિસ્સાને લગતાં ચિત્રો હેરત પમાડે તેવાં કળાપૂર્ણ હતાં. એક નખનો કિત્તો કરીને લખેલું પુસ્તક પણ અજબ હતું. અંગૂઠાનો નખ વધારીને તેને ઘડી કિત્તો બનાવીને તે અરબી કે ઉર્દૂ ભાષામાં લખેલું છે. આ લાયબ્રેરી કેશુભાઇએ જોઇ છે. ગયાજીની મહાસભામાંથી પાછા વળતાં શ્રી. કાકાસાહેબ સાથે તે અહીં આવેલ) માને છે કે પોતાને વડીલોનાં પુણ્યથી સદ્બોધ થયો.

આવી ગૂઢ વાત એ છે. તમે ન માનશો કે તમારૂં કાંઇ અકલ્યાણ થયું છે. ગુજરાતીમાં એક કહેવત છે કે 'વહેલું ઉઠયે સવાર કે મોડું ઊઠયે સવાર' તેની જાણ મનુષ્યને નથી હોતી, તે તો ઈશ્વરને હોય છે. અને અક્ષરજ્ઞાન એ તો જ્ઞાનની એક અદની એટલે મહત્ત્વ વિનાની વાટ અથવા રસ્તો છે. અંતરમાંથી જિજ્ઞાસાનું તેજ જ્યારે પ્રગટે છે ત્યારે અક્ષરજ્ઞાનની ખામી તેની આડે આવી શકતી નથી. આજ સુધી તમે કાંઇક મેળવ્યું હશે તે કદાચ રાધાબહેનને ન મળ્યું હોય, અને તે તેને હવે મળવાનું રહ્યું હોય એમ બને. અને રાધાબહેનને મનમાં કદી એવું તો ન જ હોય કે તમે ન ભાગ્યો એમાં તે રાજી હોય.

[હવે સાથેના બે ટૂંકા કાગળો જોવા જેવા છે. એ પણ બંને દીકરીઓને જ છે. પહેલો કાગળ રાધાબહેન જે તે વેળા બીમાર હતી તેને ગમ્મત ખાતર લખેલો છે, બીજો બીમારીમાંથી ઊઠેલી રૂખીબહેન ઉપર છે.]

× × ×

આજે મારી પાસે એક અતિશય બારીક મલમલના કકડા નવીન લાવ્યો છે તેમાં સૂતર કયા નંબરનું હશે તેનો દાખલો મેં અહીં સહુને પૂછ્યો છે.

૧. એક કપડાનો કકડો હાથમાં મૂક્યો હોય તો માંહેનું સૂતર કયા આંકનું છે તે જાણવા શી શી વસ્તુઓ પ્રથમ ગોતવી જોઇએ ?

૨. પછી તે ગોત્યે તેનો આંક કેમ ગણી કાઢવો ?

પહેલા પ્રશ્નનો ઉત્તર તમે વિચારીને પછી નીચેની હકીકત વાંચી ગણતરી કરશોઃ

કપડું ૧ ફૂટ લાંબું છે; એક ફૂટ પહોળું છે; તાણામાં દર ઇંચે ૬૦ તાર છે; વાણામાં પણ તેટલા જ છે, તે ટુકડાનું વજન ૩ રતી છે (ઝવેરીની રતી એટલે ૩/૬૪ તોલો છે), હવે તે સૂતર કયા આંકનું તે કાઢો.

આ દાખલો પ્રભુભાઇ ને દેવદાસ તો ઝટ કરશે જ. પણ વસુમતીબહેન, દૂધી, બા અને બને મણિબહેન કરી શકે એવી તબિયતમાં હોય તો તેમને પણ પૂછશો.

અમારો સ્વયંપાક સારો ચાલે છે. કાલે માધવદાસે ખીચડી સારી કરી હતી. પોતા માટે પાપડ પણ શેક્યો હતો. કેશુએ સાથે રાગી ભાખરી કરી. તે બહુ સારી થઈ હતી. એટલે આજે સવારે મેં જ તેને તેની ભાખરી જેવી જ બનાવી દીધી હતી. આજે ૧૧ વાગ્યે ભાખરી અને ખજૂર આંબલીના રસ અમે જમ્યા હતા. માધવદાસને હવે ઠીક છે. ને તેણે તે પ્રીતિથી ખાધું. . . .

૨

. . . . . ઈશ્વરનો બહુ બહુ પાડ માનીએ છીએ કે તમારૂં શરીર નીરોગી બન્યું. તમે તેનો રોજ પાડ માનો છો? આપણે બન્નેવાર પ્રાર્થના કરીએ છીએ તે ઈશ્વરના અનેક પાડ માનવાને જ. પણ હમેશાં જીવતા રહેવાને ખાતર જ પાડ માનવાના ન હોય. કોઈ દિવસ તેના કાર્ય માટે ગરદન આપવાની તક મળવા સારૂ પણ પાડ માનવાનો વારો આવે અને આવા વારા તો કોઈ તેના (પ્રભુના) પસંદ કરેલા ભક્તને જ સોંપે છે.

× × × ×

સૂર્યચંદ્ર જેવા નિયમિત થાઓ

[પોતાનું જીવન સૂર્યચંદ્ર જેવું નિયમિત બનાવવાનો જેનો સતત પ્રયત્ન હતો તે પુત્રને પત્ર લખતાં તેનું પણ જીવન તેવું થાય તેવો અભિલાષ પ્રગટ કરે છે. આ કાગળ ગયે વર્ષે મહેમદાવાદમાં પ્રલયનિવારણના કામમાં રોકાયેલા હતા ત્યારે લખેલા છે.]

. . . . મુંબઈમાં —— ને જરૂર મળજેત, અને તેમને આનંદ આપવાનો પ્રયત્ન કરજેત. તેમનાથી શો દોષ થયો છે તે જાણવાની જિજ્ઞાસા તો તમને નહિ જ હોય એમ માનું છું. પણ તેમના દોષ

અથવા બીજાના દોષ તે તમારે સારૂ સંસારસમુદ્રના ઓયાંરૂપ તમે સમજજો અને તમારૂં નાવડું આ સંસારસમુદ્રમાં ખેલવા તેમાં એ ઓયાં જોઇને તે ઓયાંની નીચે રહેલા ખટકાને—દોષોને ત્યાગી તેનાથી દૂર રહીને ખેલજો. હું ઈશ્વર પાસે માગું છું કે તમે સદાય ખેલતા રહો. નિર્દોષપણે, નિર્મળપણે ખેલતા રહો, મલિનતાનો તમને લગારે સ્પર્શ ન થજો. અને એમ જો તમારા પૂર્વના મહાન તપના બળે તમે જીવી ગયા તો તમારૂં સ્થાન તે સર્વશક્તિમાન પ્રભુના આંગણામાં જ હશે. આથી વધારે સારા મનોરથ તમારે માટે હું શા કરૂં? પણ આ બધું શક્ય કરવા તમારે તલવારની ધાર પર ખેલવાનું છે. અને તે જ કારણથી હું ઇચ્છું છું કે તમે ૪ વાગ્યાની પ્રાર્થનામાં શામેલ રહો, નિયમિત રીતે- સૂર્ય અને ચંદ્રની નિયમિતતાથી શામેલ રહો. તેમાં ગીતાપારાયણ થાય છે તેમાં રસપૂર્વક ભાગ લો, અને ગીતાનું મનન કરવા રોજ નિયમિત રીતે વખત આપો. તેમાં તમે એવા ઓતપ્રોત થઈ જાઓ કે તમારૂં આખું જીવનકાર્ય તે ગીતારૂપ બને. તમે ગીતા આચરતા થાઓ. પૂ. બાપુજીની ભારે તપશ્ચર્યાનાં પુણ્ય તમારી પર અને તે વ્યાજસહિત બીજાં બાળકો પર કાંતિ, રસિક, ધીરૂ, નવીન પર ઊતરો. શાળાનાં બીજાં બાળકોને હું બાદ કરવા નથી માગતો. બાળ, પૃથ્વીરાજ, મહાવીર, તેઓમાંથી પણ તે વારસો ભોગવો, એવા મારો અભિલાષ છે. એટલે જ હું વારંવાર તમને સવારની પ્રાર્થના વિષે તથા મનનમાં થોડો સમય નિયમિત આપવા વિષે સમજાવતો રહું છું. તે તમને દુષ્કર નથી જ. તમારૂં બાળક હૃદય તેનું મહત્ત્વ, તેનું સુંદરત્વ જોઈ શકેલ નથી ત્યાં સુધી જ તે ગળે ઊતર્યું નથી. તે ગળે ઊતરશે ત્યારે રેંટિયા જેવી જ તે સાધ્ય વસ્તુ તમને થશે.

× × × ×

[આ કાગળ ગં. સ્વ. સંતોકબહેનને લખેલો છે. 'પૂજ્ય સંતોક' કરીને તેમને સંબોધના આખા કાગળમાં પોતાના

આશ્રમના કામની જ વાત છે. પ્રલયનિવારણના કામમાં ખૂંચેલા છતાં આશ્રમના કપાસના વાવેતરની સોંપણનોંધણ પોતાના ઘરના કાગળમાં કરે છે. બીજું તેમને લખવાનું શું હોય?]

હું ત્યાં એકાદ દિવસ માટે આવી જવાનો હતો, પણ અહીં જવાબદાર માણસ કોઇ હાજર ન હોવાથી નીકળી ન શક્યો. અને કાલે પાછી નડિયાદ મુખ્ય કામ કરનારાઓની સભા છે તેમાં મારે જવાનું છે. એટલે હું રોકાઇ ગયો છું. ભાઇ મદ્દી પાસેથી તમે કામ લઇ રહ્યાં હશો.

૧. ગયે વખતે જ્યાં પાયખાનું દટાયું છે (નારંગીવાળા કકડાની પાછીના ભાગમાં) ને જ્યાં કોબી વાવી હતી (પાછળથી) ને સારી નહોતી થઇ. ત્યાં સાફ કરાવી ખાખી કપાસ નવડાવી દેશો.

૨. પાયખાના પાછળનો જે ખાડાવાળો ભાગ છે કે જેમાં ચોમાસા પહેલાં પાયખાનું દટાતું હતું ત્યાં મઠિયો કપાસ વવડાવશો. તેનાં બીઆં ભાઇ અબ્બાસ પાસેથી મળશે.

૩. ખાખી દેવકપાસનાં બીઆં તમને આપ્યાં હતાં. તે સાચવ્યાં હશે. તે બીજ ઉપર વર્ણવ્યો તે કકડાની નીચે પાળ છે તેની ઓથે બહુ સંભાળ રાખી શકાય તેવી રીતે વવડાવશો અને તેના ઉપર બરાબર નજર રાખશો.

૪. આંધ્રથી પટુશાલી કપાસના બીજ અથવા કપાસ આવ્યો હોય તો તે ચિ. ભાઇ નારણદાસ પાસેથી માગી લેશો અને તે જુદો રાખશો. તેમાંથી બીઆં કાઢીને હોજની બાજુના કકડા છે કે જ્યાં વટાણા તથા પટટા વાવ્યા હતા ત્યાં જગ્યા સાફ કરાવી સારી રીતે ગોડાવી વવડાવશો.

૫. મેંદ્દી પછવાડેના રેંટ પાસેના કકડામાં જ્યાં ભીંડા છે તે હવે કઢાવી લેશો ને ત્યાં હીરવણી ૪ ફીટને અંતરે વવડાવશો.

આટલું તો મને સૂઝે છે. બીજું તમને સૂઝે તે કરાવતાં રહેશો.

ગોશાળાના રસ્તા તરફનો જે કઠેડો છે તેની પડખેની બધી જગ્યા સાફ કરાવી ત્યાં પણ હીરવણી વવાય તો ઇચ્છું છું તેમજ ગયે વખતે એરંડી લાલ જ્યાં વાવી હતી ત્યાં ચચ્ચાર ફીટને અંતરે હીરવણી વાવો તો સારૂં છે

મને લાગે છે કે આટલું તો ઘણું થયું. મહીની તબિયત સારી હશે. તેની શરદી મટી ન હોય તો ક્વિનાઇન લેતા રહેવા તેને કહેશો.

તમારી તબિયત સારી હશે. મારી તબિયત સારી રહે છે

ખાદીના આંકડા

[ગાંધીજી ઉપર લખેલા આત્મનિરીક્ષણથી ભરપૂર કાગળોમાંથી તો એકે નથી મળતા, પણ છેક ખાદીની હીલચાલની શરૂઆતમા ખાદીના કેટલાક આંકડા કાઢીને મોકલેલા બે કાગળો ફાઇલોમાંથી મળી આવ્યા તે આપું છું. બંને કાગળની તે લખાયા ત્યારે જેટલી કિંમત હતી તેટલી જ આજે છે.]

આપે સોંપેલા હિસાબો અહીં આપું છુ. મુ. નારણદાસ પટવારી ઘેર નથી એટલે આ કામ ઉકેલી લઉં છું. સંખ્યાઓ કિશોરલાલભાઇ પાસેની 'ઇયર બૂક' માંથી લીધેલ છે.

જણ દીઠ ૧૫ વાર કપડાના વપરાશ લેખે ૩૨ કરોડ હિંદીઓને ૮ અબજ ૮૦ કરોડ વાર કપડું જોઇએ. તેટલું કપડું વણવાને રોજ ૮ વાર લેખે ને ૮ માસ કામનાં ગણતાં ૨૫ લાખ વણકર જોઇએ.

કપડું ૪,૮૦,૦૦,૦૦,૦૦૦ / વાર ૮×૨૪૦ દિવસ = ૨૫,૦૦,૦૦૦ સાળો.

દરેક સાળ એટલે વણકરને બે મદદનીશ ગણીએ તો ૭૫ લાખ મનુષ્ય તેમાં રોકવા જોઇએ.

ત્રણ વાર કપડાનું એક શેર વજન ગણીએ તો (ખાદીનું એ વજન ગણાય, ઝીણા કપડાનું વજન ઓછું થાય) ૪ કરોડ મણ રૂ જોઇએ.

૪,૮૦,૦૦,૦૦,૦૦૦ / ૩×૪૪=૪ કરોડ મણ

અને રોજના ૪ કલાક કામ કરીને ૦। શેર કંતાય તે મુજબ ૩૨૦ દિવસ કામ કરતાં ૨ મણ ૩ કંતાય. એટલે આખા હિંદુસ્તાન માટે બે કરોડ બાઇઓ કાંતનારી બસ થાય.

વસ્તીપત્રકમાં સ્ત્રીઓની સંખ્યા ૧૬ કરોડની અંદર આપી છે. તેમાંથી ૧૪ કરોડ ગામડાંની વસનારી અને બે કરોડની અંદર શહેરમાં વસનારી. વણાટ સંબંધી કામમાં રોકાયેલાઓની સંખ્યા ૮૩ લાખ ઉપર આપેલી છે. મીલમાં કામ કરનારાઓ આમાં આવી જતા હશે. હિન્દુસ્તાનને માત્ર ૭૫ લાખ માણસો હાથે વણવાના કામમાં રોકાનાર હોય તો ઉપરની ગણતરી મુજબ બસ થાય.

ખેતી કરનારાઓની સંખ્યા ૨૧ કરોડ ઉપર આપેલી છે. જો દરેક જણ ૪ માસ વણાટમાં આપે અને પ્રવીણ વણકરથી અરધું કામ કરે તો ઉપર ગણી તે કરતાં ચારગણી સંખ્યા એટલે ૩ કરોડ માણસો વણવામાં રોકાય તે બસ થાય.

× × × ×

આપે માગેલા આંકડા મેં પાલણપુરથી બીડયા છે.

તેમાં સાળની સંખ્યા ૨૫ લાખ હોવાની જરૂર ગણાઇ છે. હાલ કાઠિયાવાડ અને ગુજરાતમાં કેટલી સાળો ચાલે છે તેનો આંકડો આપણે મેળવીએ તો બહુ ઉપયોગી થશે. 'નવજીવન'માં તેની માગણી કરી હોય તો ઠેકઠેકાણેથી ગામોનાં નામ અને તેમાંના વણકરોની સંખ્યા મળે એમ લાગે છે. તેમાં નીચે પ્રમાણે મથાળાં રાખ્યાં હોય તો ઠીક:

૧. ઢેડ વણકર કેટલા?

૨. તે સિવાયના વણકર કેટલા?

૩. ઢેડવણકરોમાં ખાદી વણનારા કેટલા, ધાબળા વણનારા કેટલા અને પછેડી કે ચોતારી ઝીણી ખાદી વણનારા કેટલા?

૪. બીજા વણકરો કેટલા અને શું વણી રહેલ છે?

તેમની સ્થિતિ, જેમકે તેઓ નભી શકે છે કે તણાઇ રહે છે, વગેરે હકીકત પણ ઉપયોગી થઇ પડશે.

એક વરસ પછી આપણને ખબર પડે કે કયા ગામમાં જૂના વણકરો કેટલા હતા અને કેટલા કઇ જાતના વધ્યા.

કાંતનારનો આંકડો આજે મેળવવો નકામો છે. પણ એક વરસ પછી તેની પણ સંખ્યા નોંધવી જોઇએ.

તે પછી કપાસ સંબંધી નોંધ લેવાની જરૂર પણ મને લાગે છે. ક્યાં, કેટલા ખેડૂતોએ પોતાની જમીનમાંથી કેટલાં વીઘાં, કઇ જાતનો કપાસ વાવ્યો અને તે કેટલો ઊતર્યો એ આંકડા મેળવવા જરૂરના છે. કામ અઘરૂં નથી. જ્યાં જ્યાં સ્વયંસેવકો કામ કરી રહેલા છે ત્યાંથી હાલ શળે તેટલા આંકડાની નોંધ 'નવજીવન' માં થાય તો તે જોઇને અન્ય ગામોના જુવાનો પોતાના ગામની સ્થિતિ તપાસવા મન કરશે અને આપણને આંકડાઓ આપી શકશે.

આના ફાયદા ઘણા જોઉં છું. ઠેકાણેઠેકાણે કારીગરો પર સ્વયંસેવકો નજર રાખતા થઇ જશે અને તેમને મદદ કરવાનો ખ્યાલ ઉત્પન્ન થશે. અને પાછળ રહેલાં ગામોને આગળ આવવાના પ્રસંગ ઊભાં થશે.

ધારેલું પરિણામ તુરતમાં ન નીપજે તોપણ ઘણી ઉપયોગી હકીકતો બહાર આવશે તેમાં શક નથી.

આવી નોંધોને ગોઠવી આપણે તે એકઠી કરી રાખીશું. આંકડા મોકલનારાઓએ નામવાર ટીપો બનાવી મોકલવી જોઇએ. હાલ એ જ. બીજા ખબર છગનભાઇના કાગળ ઉપરથી.

મોક્ષ એ પેન્શન

[મરણ પહેલાં ત્રણ ચાર વર્ષ અગાઉ આશ્રમના એક ભાઇને લખેલો આ કાગળ નોંધવા જેવો છે. ૨૪ વર્ષની

ગાંધીજીની સેવામાં એક દિવસ પણ આરામ મેળવ્યા વિના મરણ સાથે જ તેમણે શાશ્વત આરામ મેળવ્યો.]

બાળકોબા.

× × + ×

લક્ષ્મી હજી આવી નથી. પણ આવશે ત્યારે તેને સંભાળવામાં મારે તમારે લક્ષ આપવું જોઇશે. આ બધું હું વિસ્તારવા બેસું તો પાનાં લખાય તેમ છે. ટૂંકામાં એટલું જ લખવાનું કે કામ તો ઘણુંય છે અને તે તમારા જેવાની સંભાળ વિના રસળે છે. તમને તેની ઘડ બેસે એટલી જ વાર છે. આપણે આડોશીપાડોશી ગામડાંના લોકોની મિત્રાચારી ઓછી જ કરી છે. કામકાજને પ્રસંગે સમાગમમાં આવ્યા છે તેની જ સાથે પરિચય કર્યો છે. દવાખાનું તો રવડે છે. આમ ગણાવવાની વસ્તુઓ ઘણી છે અને એક એક વસ્તુના વિસ્તાર કરું તો તે પણ ઘણા થઇ શકે છે. તમે તેમાં ખૂંચી જાઓ એવી આશા રાખું છું. તમે ઠીક ફર્યા, ઠીક અનુભવ લીધો, હવે કામમાં ખૂંચો એમ હું માગું છું. મારા જેવાને તમારે હવે છોડવવા જોઇએ. સરકારી નોકરીને હિસાબે તો હું પેન્શનબલ થઇ ચૂક્યો છું. મને વીસ વરસ થઇ ચૂકયાં. પણ બાપુની 'સર્વિસ'માં તો મોક્ષ એ પેન્શન છે, એટલે હું કામમાંથી મુક્ત થવાની આશા કે ઇચ્છા શી રીતે રાખું? માત્ર આપણું કામ તેનાં બધાં અંગો સહિત વિકસે એ ઇચ્છા તેમાં રહેલી છે. તમને ઘણુંયે લખવાનું મન થાય છે. પણ તે કાંઇ બની શકે તેવું નથી.

તમને થતું હશે કે 'મારૂં આશ્રમમાં શું કામ છે?' તેને અંગે આટલું લખવા કાલનો તલપી રહ્યો હતો. આખરે આજે તે લખી શક્યો.

+ × × +

યંત્રોના ઉપયોગ વિષે

સ્વ૰ મગનલાલે મને ઘણા પ્રજોપયોગી કાગળો લખેલા. પણ મારા સ્વભાવ પ્રમાણે તે મેં ફાડી નાંખેલા. વળી તેમને મારા પહેલા મરવું છે એવું મેં કદી ધાર્યું જ નહોતું. પણ મરતા પહેલાં પંદરેક દિવસે લખાયેલો એક કાગળ મારી પાસે રહી ગયેલો તેમાંનો ઉપયોગી ભાગ નીચે આપું છું:

"મુંબઇમાં પારનેકરભાઇ સાથે ગોશાળા માટે તથા તેને અંગે ખેતીને માટે કેટલાંક સાધનો ખરીદવા ફરવાનું થયું. તેમાં યંત્રોના વેપારીઓની ઘણી પેઢીઓ જોવાનું થયું. આ લોકો આ વરસની આખરે અમદાવાદમાં ખેતીનું પ્રદર્શન ભરાનાર છે તે માટે તૈયારી કરી રહ્યા હોય એવું સાંભળ્યું. પૂનામાં ખેતીવાડીનું પ્રદર્શન ભરાયું હતું તેને પરિણામે ઘણાં સંચાઓ તથા યાંત્રિક ઓજારો વેચાયાં હતાં એમ સંભળાય છે. આ વખતે ગયા ચોમાસાના તોફાનને લીધે લોકો ખાલી થઇ ગયા છે, છતાં વધારે ખાલી થવાના એવો સંભવ છે. યંત્રો

તથા ઓજારો વેચનાર લોકોની સ્થિતિ અને જરૂરિયાત સમજતા હોય તે વિષે મને તો અતિશક છે. દાખલા તરીકે મનુષ્ય ચલાવી શકે એવી પથ્થરવાળી યાંત્રિક ઘંટીઓ અમને ત્રણેક પ્રકારની બતાવવામાં આવી. આ ત્રણે ચક્કીઓ મનુષ્યશક્તિથી ચાલી શકે એમ કહેતાં તેના વેચનારાએ જરાયે વિચાર કરતા હોય એવું ન લાગ્યું. તેમણે દેશી ચક્કી કદી ચલાવી નહિ હોય; તેમાં કેવું કામ થાય છે, કેટલું પ્રમાણ ઊતરે છે, કેટલી શક્તિ જોઇએ છે તેની તેમને કંઇ ખબર નહિ હોય. તેમાં વધારે પૂરતી કરવામાં મૂળ ચક્કીમાં શી શી સગવડો છે અને શી ઊણપ છે તેનો અભ્યાસ કર્યો હોય તો આ નવી આવેલી યાંત્રિક ઘંટીઓ હિંદુસ્તાનમાં લાવવા લાયક છે કે નહિ તેની તેમને સમજ પડી શકે. પણ એવું કાંઇ હોતું નથી. તેમને નથી દેશની જૂના કાળથી વપરાતી ચીજનો અનુભવ કે નથી નવી બનેલી યાંત્રિક ચીજનો અનુભવ. અને દુકાનોમાં કે પ્રદર્શનોમાં વસ્તુઓનો નિકાલ કરનારા આવા જ વેપારીઓ કે એજન્ટો હોય છે. અને સરકારે પણ આ પ્રદર્શનો જાણે આવી આવી ચીજોના ઊઠાવના વિચારથી જ ગોઠવ્યાં હોય એમ દેખાય છે. આવી પરિસ્થિતિ છે ત્યાં પ્રજા તે પ્રદર્શનનો બહિષ્કાર કરે તો જ સારૂં થાય.

સરકારની નીતિની એક બીજી વાત પણ જાણવા જેવી છે: જે યંત્રો મનુષ્યબળથી અથવા બળદથી ચાલે તેવાં હોય છે તેની આયાત પર ૧૫ ટકા કે તેથી વધારે ટકા જકાત હોય છે, અને જે વરાળ, તેલ કે કોલસાના બળથી ચાલે તેવાં હોય છે તેની પાંચ ટકાથી વધારે નથી હોતી. આ નીતિમાં પ્રજાને બેવડો માર છે. વરાળ વગેરેથી ચાલતાં યંત્રો પર જકાતનો બોજો હળવો કરવાથી પરદેશી કારખાનાંવાળાઓને ખટાવવાનું થઇ શકે છે. અને મનુષ્ય તથા બળદથી ચાલે તેવાં યંત્રો પરનો બોજો ભારે કરી લોકોના હાથમાં તે ઓછાં જાય અને તેઓ સ્વાશ્રયી થતા અટકી મોટા યંત્રવાળાનાં વૈતરાં કરનારા બને એવું થઇ શકે છે. આવી જાતની નીતિની સામે હજી સુધી કાંઇ પોકાર નથી થયો એ નવાઈની વાત લાગે છે."

આ બન્ને ટીકાઓ વિચારવા યોગ્ય છે. ગમે તે પ્રદર્શનમાં આપણને ઝંપલાવવાની આવશ્યકતા ન હોય. પ્રદર્શનમાં આવતી પ્રત્યેક ચીજને વિષે જ્ઞાન ને વિવેકબુદ્ધિ હોય તો જ પ્રદર્શનનો સદુપયોગ લોકો કરે. આપણા કેટલાક પુરાણા ઘરગથુ યંત્રોના પૂરા અનુભવ વિના તેમનો ત્યાગ કરવાથી આપણને કેટલું નુકસાન ગયું છે તેનો હિસાબ કરવા કોણ સમર્થ છે? જેમ પુરાણું બધું સારૂં જ છે એમ કહેવું બેહૂદું ગણાય તેમ જ પુરાણું માટે નકામું એમ કહેવું પણ બેહૂદું છે. યંત્રનો કોઇ વિરોધ નથી કરતું. વિરોધ યંત્રના દુરુપયોગનો, અતિ ઉપયોગનો છે. ચેતનમય શક્તિથી ચાલતાં યંત્રો ઉપર પંદર ટકા જકાત છે ને જડ શક્તિથી ચાલતાં યંત્રો ઉપર ૫ ટકા છે એ વાતની મને તો ખબર નહોતી જ, વાંચનારમાંથીયે ઘણાને નહિ હોય. પણ આ ભેદના જ્ઞાનથી આશ્ચર્ય નથી થતું. કેમકે ભેદનીતિ મેં જ્યારે સરકારની પ્રત્યેક કૃતિમાં જોઈ ત્યારે જ મને અસહકાર સૂઝ્યો.

મોહનદાસ કરમચંદ ગાંધી

પરિશિષ્ટ

મગનલાલ ગાંધી સ્મારક

અખિલભારત ચરખાસંઘના કાર્યવાહક મંડળે તા. ૧૨ મીની પોતાની બેઠકમાં નીચેનો ઠરાવ પસાર કર્યો હતો:

"ઠરાવવામાં આવે છે કે સદ્ગત શ્રી. મગનલાલ ગાંધીની સ્મૃતિ કાયમ રાખવાને માટે એક ખાદી સંગ્રહસ્થાન સ્થાપવું, અને તે માટે એક લાખ રૂપિયાની માગણી જાહેર પ્રજા પાસે કરવી. સ્મારકનું સ્થાન અને તેની વ્યવસ્થાની વિગત કાર્યવાહક મંડળે નક્કી કરવી."

ભારતના તમામ ભાગોમાંથી અને દૂર દક્ષિણ આફ્રિકામાંથી મને જે આશ્વાસનના તારો અને પત્રો મળ્યા છે તે બતાવે છે કે સદ્ગતનું લોકોના હૃદયને વિષે કેવું સ્થાન હતું. સદ્ગતના જેવા ભલા અને લોકપ્રિય મૂંગા કાર્યકર્તાને સ્મારક ઘટે છે. અખિલ ભારત ચરખાસંઘના કાર્યવાહક મંડળે ખૂબ વિચાર કર્યા પછી એવો નિર્ણય કર્યો કે કોઈ યોગ્ય સ્થળે ખાદી સંગ્રહસ્થાન સ્થાપવાના કરતાં સદ્ગતનું બીજું વધારે સારું સ્મારક ન થઈ શકે. સદ્ગતને પોતાને એ કલ્પના સૂઝેલી હતી. અને સત્યાગ્રહાશ્રમના એક

બોરડામાં તેમણે એક નાનકડું સંગ્રહસ્થાન કરવા પણ માંડ્યું હતું. પણ જે રીતે ખાદીની પ્રગતિ થઇ છે તેથી આવશ્યક થાય છે કે આ સંગ્રહસ્થાનને માટે એક કાયમનું અને વિશાળ મકાન હોય, અને સદ્‌ગતને તથા ખાદીની પ્રવૃત્તિને તે ઘટતું હોય. આવું સંગ્રહસ્થાન એક લાખથી ઓછી કિંમતે ન જ થઇ શકે, એટલે જ કાર્યવાહક મંડળે ઓછામાં ઓછી એક લાખની રકમ ઠરાવી છે. આ ખાદી સંગ્રહસ્થાનને ગંભીર અભ્યાસ અને શિક્ષણનું મંદિર બનાવવું હોય તો તે વધારવા માગીએ તેટલું વધારી શકાય. એક લાખ રૂપિયા વડે તો કાર્યવાહક મંડળ કેવળ નાનકડી છતાં ઠીક ઠીક શરૂઆત કરવાની અને સદ્‌ગતની કલ્પનાને ચિરસ્થાઇ સ્વરૂપ આપવાની આશા રાખે છે. લોકો તરફથી આ માગણીનો જવાબ મળે તેના પ્રમાણમાં સંગ્રહસ્થાનમાં વિવિધ વસ્તુઓ હોઇ શકશે; જેવી કે કપાસની ખેડની ભૂત અને વર્તમાન રીતો વિષેનું સંપૂર્ણ સાહિત્ય, ભૂત અને વર્તમાનમાં ઉત્પન્ન થયેલી ઝીણામાં ઝીણીથી માંડીને જાડામાં જાડી ખાદીના નમૂના, રેંટિયા, ચરખા, પીંજણ અને સાળના પ્રાચીનમાં પ્રાચીનથી માંડીને અર્વાચીનમાં અર્વાચીન નમૂના. વળી સંગ્રહસ્થાનની સાથે થોડી જમીન પણ હોય, જેમાં કપાસ ઉગાડવાના પ્રયોગો થતા હોય — આ પ્રયોગો પારકાને પરસેવે કરોડાધિપતિ થનારાઓને માટે તેમજ જગતની રૂની બજારની દૃષ્ટિએ નહિ પણ ગરીબ ગામડિયાની દૃષ્ટિએ થાય. સત્યાગ્રહાશ્રમમાં સદ્‌ગત આ પ્રયોગો કરતા હતા. આશ્રમમાં ઉગાડવામાં આવતો કપાસ કાંતનારાઓમાં બહુ પ્રિય થઇ પડ્યો છે. પોતાના ખેતર પર ઉગાડેલો અને સ્વચ્છ રીતે વીણેલો કપાસ, જેને દબાવવાની

સત્ત્વનાશક ક્રિયામાંથી પસાર થવાની જરૂર રહેતી નથી તે પીંજનારનો ઘણો સમય અને મહેનત બચાવે છે, અને કાંતનારને લાંબો તાર ખેંચવાની સુગમતા થાય છે. જો લોકો આ માગણીનો જવાબ ઉદારતાથી આપે, અને ભરાયેલી રકમ કાર્યવાહક મંડળે માગેલી ઓછામાં ઓછી રકમથી વધી જાય, તો આ અને એવી બીજી ઘણી વસ્તુઓ સ્મારક તરીકે સ્થાપવા ધારેલા સંગ્રહસ્થાનમાં થઈ શકે.

આ યોજનાને અમલમાં મૂકવાને માટે યોગ્ય મંડળ એ અખિલ ભારત ચરખાસંઘનું જ હોઈ શકે. સંગીન રચનાત્મક કાર્ય કરવાને પ્રતિજ્ઞાબદ્ધ પુરુષો એના કાર્યવાહકો છે. સંગ્રહસ્થાન ક્યાં રાખવું એ નક્કી થયું નથી, કારણ કાર્યવાહક મંડળ પાસે અનેક સ્થાનોનાં નામો છે. સાબરમતીનું નામ સ્વાભાવિક રીતે પહેલું સૂઝે છે, અને જો બીજી રીતે એ યોગ્યમાં યોગ્ય સ્થળ જણાય તો કાર્યવાહક મંડળ એ જ પસંદ કરશે. મંડળ સંગ્રહસ્થાનને સદ્દગત જેવા સુવ્યવસ્થિત હતા તેવું સુવ્યવસ્થિત બનાવવાની ઉમેદ રાખે છે. એટલે સ્થાન પસંદ કરવામાં કાર્યવાહક મંડળ કેવળ લાગણીથી ન જ દોરાય.

સ્મારક માટે આવેલાં નાણાંની પહોંચ 'યંગ ઇંડિયા' 'નવજીવન'માં સ્વીકારવામાં આવશે. નીચેને ત્રણ ઠેકાણે તે મોકલી શકાય: અખિલભારત ચરખા સંઘના મંત્રી શ્રી. શંકરલાલ બેંકર, મિરઝાપુર, અમદાવાદ; અથવા શેઠ જમનાલાલજી બજાજ, ૩૯૫ કાલબાદેવી રોડ, મુંબઈ; અથવા વ્યવસ્થાપક, સત્યાગ્રહાશ્રમ સાબરમતી.

(યં. ઈ. માંથી) **મોહનદાસ કરમચંદ ગાંધી**